ISSN 0976 - 9809 V-Vidyanagar
વર્ષ : ૧૫ અંક : ૧૨ ડિસેમ્બર ૨૦૧૩ સળંગ અંક : ૫૦૬

# વિ-વિદ્યાનગર




चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाऽधिकारस्ते ।

CHARUTAR VIDYAMANDAL
VALLABH VIDYANAGAR




ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)ની ૬૩મી વાર્ષિક સાધારણ સભા ન્યૂ વલ્લભ વિદ્યાનગરસ્થિત એડીઆઈટી સભાગૃહમાં ૨૧ નવેમ્બર ૨૦૧૩ના રોજ સીવીએમના પ્રમુખ શ્રી પ્રયાસ્વિનભાઈ પટેલની અધ્યક્ષતામાં મળી હતી. મંચસ્થ મહાનુભાવોમાં ચારુતર વિદ્યામંડળના પ્રમુખ શ્રી પ્રયાસ્વિનભાઈ પટેલ, સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ, ઉપપ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલ, ટ્રસ્ટી શ્રી હેમંતભાઈ પટેલ, માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલનો સમાવેશ હતો.




ચારુતર વિદ્યામંડળ અને ભગિની સંસ્થાઓ ચારુતર આરોગ્ય મંડળ અને ચરોતર ગ્રામોધ્ધાર સહકારી મંડળના ઉપક્રમે સીવીએમ મુખ્યાલયસંકુલમાં યોજાયેલા નૂતન વર્ષ સ્નેહમિલનમાં સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ અધ્યક્ષસ્થાને હતા. મંચસ્થ મહાનુભાવોમાં વિઠ્ઠલ ઉદ્યોગનગર એસોશિએશનના પ્રમુખ શ્રી જગદીશભાઈ પટેલ, સીવીએમના માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલ તથા ચરોતર ગ્રામોધ્ધાર મંડળના મંત્રી શ્રી જિજ્ઞેશ પટેલ હતા.



# વિ-વિદ્યાનગર


**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

ડિસેમ્બર ૨૦૧૩

વર્ષ : ૧૫ અંક : ૧૨

(સળંગ અંક ૫૦૯)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**

**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**

૧૯૪૫

कर्मण्येवाऽधिकारस्ते

**તંત્રી**

રાજેન્દ્રસિંહ જાડેજા • હરિ દેસાઈ

**પરામર્શન**

રમેશ એમ.ત્રિવેદી • જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ

**સંપાદન-સહાય**

શૈલેષ ઉપાધ્યાય • ગિરીશ ચૌધરી

**પ્રકાશક**

પ્રિ. એસ.એમ. પટેલ

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

•

**મુદ્રક**

આણંદ પ્રેસ, ગામડી



**અધ્યક્ષ**

ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**

પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**

ડૉ. જે.ડી. પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ

ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**• અંકની છૂટક કિંમત: ₹ ૧૫/- • રવાનગી ખર્ચ: ₹ ૧૦/- • વાર્ષિક લવાજમ: ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમ: ₹ ૧૦૦/- • આજીવન લવાજમ: ₹ ૧૫૦૦/-**

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ. સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણવિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય; વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

<u>આ માસની વિચારકણિકા</u>

**લક્ષ્મી તો આજે છે અને કાલે નથી. આજે નહીં હોય અને કાલે આવી મળશે.**

● સરદાર પટેલ

# વિ-વિદ્યાનગર


## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

ડિસેમ્બર ૨૦૧૩
વર્ષ : ૧૫ અંક : ૧૨
(સળંગ અંક ૫૦૬)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**


**दैवी सम्पद्विमोक्षाय निबन्धायासुरी मता ।**
**मा शुचः सम्पदं दैवीमभिजातोऽसि पाण्डव ॥**

**મોક્ષ દે સંપદા દૈવી, કરે બંધન આસુરી;**
**મા કર, શોક, તું જન્મ્યો દૈવી સંપત્તિને લઈ.**

શ્રીમદ્ ભગવદ્ગીતા : ૧૬.૫


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ અકસ્માતો અને સરકારની બેદરકારી ★ ડૉ.સી.એલ.પટેલ
॥ પ્રાથમ્ય ॥ ઢળતા વર્ષે ઊઘડતી અપેક્ષાઓ ★ હરિ દેસાઈ / 1
॥ આપણો વારસો અને વૈભવ ॥ પદ્ય વિભાગ ॥ ★ નર્મદ, ઉમાશંકર જોશી / 2
॥ ગદ્ય વિભાગ ॥ એક કલાક અધ્યયન માટે ★ વિનોબા ભાવે / 3
॥ નવાં કાવ્યો ॥ ★ કેતન કારિયા, કિશોર મોદી, જિતેન્દ્ર પ્રજાપતિ, પૂર્ણિમા ડી. ભટ્ટ / 4
॥ વ્યાખ્યાન ॥ મારી સંશોધન યાત્રા ★ જોરાવરસિંહ જાદવ / 5
॥ ચિંતન ॥ હાર્વર્ડ યુનિવર્સિટીનાં દસ આચરણસૂત્રો / 8
॥ અભ્યાસ ॥ 'સુન્દરી સુબોધ' : સદી પૂર્વેની ગુજરાતી મહિલાઓનો અવાજ ★ મોસમ ત્રિવેદી / 9
॥ અભ્યાસ ॥ સરદાર- નેહરુ મતભેદઃ સાચો ઈતિહાસ, સ્વાર્થી રાજકારણ ★ ઉર્વીશ કોઠારી / 14
॥ અભ્યાસ ॥ સરદાર પટેલ અને વીર નરીમાન ★ વસંત પટેલ / 18
॥ અતીત ॥ જૂનાગઢની આરઝી હકૂમત ★ રાજેશ ડાભી / 28
॥ Memoires ॥ Why fret over might-haves of history? ★ S.K. Sinha / 30
॥ Analysis ॥ Rashtriya Uchchtar Shiksha Abhiyan (RUSA) : A study ★ Vimal Shah / 32
॥ આરોગ્ય ॥ ડાયાબિટીસઃ કારણો, લક્ષણો અને સારવાર ★ યોગેશ દેવલે, એ.આર.વી. મૂર્તિ / 35
॥ જ્ઞાન-વિજ્ઞાન ॥ પ્રોબાયોટિક્સઃ કાર્યાત્મક સ્વાસ્થ્યવર્ધક ખોરાક ★ રશ્મિન ધીંગાણી, તૃષા ભલાણી અને ભાવેશ જોષી / 36
॥ પ્રતિભાવ ॥ ★ નરોત્તમ પલાણ, યશવંત મહેતા / 39
॥ રમન્તે તત્ર દેવતા ॥ સ્ત્રીનું એક રૂપઃ દાસી ★ પારુલટીના દોશી / 41
॥ વિદ્યાવૃત્ત ॥ / 42

# અકસ્માતો અને સરકારની બેદરકારી

આજકાલ દરરોજ ટીવી અને દૈનિકપત્રોમાં અકસ્માતો વિશે ઘણું સાંભળવા મળે છે. આવા અકસ્માતો ટ્રાફિકની યોગ્ય વ્યવસ્થાના અભાવે અથવા તો કોઈ મોટા કાર્યક્રમોમાં જરૂરી તકેદારીના અભાવે થાય છે.

બિહારમાં રેલવે સ્ટેશન કે જ્યાં સામે આવેલા વિસ્તારોમાં હજારો ભાવિકો માટે ધર્મસ્થાન હોય અને વર્ષોથી આ ધર્મસ્થાન હજારો ભાવિકોને ધાર્મિકઆસ્થા પૂરી પાડતું હોય તેવા સ્થળમાં જે સમય દરમિયાન આવા સમૂહમેળા થતા હોય ત્યાં રેલવે સત્તાવાળાઓ અને રાજ્ય સરકાર પોતાની જવાબદારીથી વંચિત રહીને કેટલાયનું ટ્રેન નીચે ચગદાઈ જવાથી ભોગ લેવાય એ કેટલે અંશે વાજબી છે?

આવા જ એક પ્રસંગે દશેરા અને માતાશક્તિની આરાધનાના અંતિમ દિવસોમાં મધ્યપ્રદેશના રતનગઢ વિસ્તારમાં નદીને સામે કાંઠે આવેલા દેવસ્થાનના દર્શનાર્થીઓને વ્યવસ્થાના અભાવે અને સરકારશ્રીના જે તે વિસ્તારના કલેક્ટર અને પોલીસ ખાતાની બેદરકારીને લઈને સેંકડોએ એ નદીમાં પડી જવાથી જાન ગુમાવ્યા. આવો પ્રસંગ આ પહેલાં ૨૦૦૮માં પણ આ સ્થાને બન્યો હતો. લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ જ્યારે દર્શનાર્થી તરીકે આવ્યાં હતાં ત્યારે વ્યવસ્થાના અભાવે અકસ્માતનો ભોગ બન્યાં હતાં. આવી જ બેદરકારી તે જ જગ્યાએ તે જ વિસ્તારમાં ફરી બનતી હોય ત્યારે એ વિસ્તારના કલેક્ટર અને પોલીસ વડાને આ માટે જવાબદાર ગણવા જોઈએ. રાજ્ય સરકારની પણ બેદરકારી ગણાય કારણ ૨૦૦૮ના અનુભવને અંતે પણ રાજ્ય સરકારે આવી કોઈ વ્યવસ્થા કરવાની તકેદારી રાખી નથી. આવા પ્રસંગોએ રાજ્ય કે ભારત સરકાર કાંઈક નાણાંની ચૂકવણી કરીને મરણ પામેલાઓના પરિવારોને કાંઈક મદદરૂપ થઈને સાંત્વન આપે તેના કરતાં સારાય પ્રદેશમાં આવા વિસ્તારો કે જ્યાં હજારો-લાખો શ્રદ્ધાળુઓ ભેગા થતા હોય ત્યાં કાયમી ગોઠવણ અને હંગામી ગોઠવણ કરવાનું આયોજન જે તે સમયે કરવું જોઈએ. જેથી સરકારની સ્પષ્ટ બેદરકારીનો ભોગ નિર્દોષ શ્રદ્ધાળુઓ ના બને.

કોઈપણ દેશ કે રાજ્ય એના વિસ્તારમાં રસ્તાઓ, પુલ વિગેરે બનાવે તેના સ્પષ્ટ માપદંડ હોય છે. એ માપદંડ મુજબ જ રાજ્યના ગ્રામીણ માર્ગો, હાઈવે તથા નદી પરના પુલનું આયોજન થાય છે. આ બાબત બધા જ વિભાગો જેવા કે રાજ્ય સરકારના કે ભારત સરકારના માર્ગ-મકાન વિભાગના જે માપદંડો છે તે પ્રમાણે જ રસ્તા અને મકાનો, પુલ વિગેરે બને તેની ચકાસણી કરવાની જવાબદારી પણ તેમની જ છે. આજકાલ રાજ્યોમાં અને મધ્યસ્થ સરકારોમાં દરેક ખાતામાં કટકી એ સામાન્ય બાબત છે. જેથી જે પ્રમાણેનાં ધોરણો જળવાવાં જોઈએ એ જળવાતાં નથી. આપણા રાજ્યના કે દેશના મંત્રીઓ કે પ્રધાનો છાસવારે વિકસિત દેશોમાં કોઈ ખાસ પ્રસંગોએ હાજરી આપવા માટે જાય છે ત્યારે તે દેશે અપનાવેલાં પ્રજાલક્ષી આયોજનો અને કાળજી તેમજ ટ્રાફિક સેન્સ માટેનો અનુભવ મેળવવો જોઈએ.

અંગ્રેજ સરકારના સમયમાં આવાં જે બાંધકામો થયાં છે તેનાથી પણ આપણે બોધપાઠ લઈ શકીએ તેમ છીએ. ટ્રાફિક સેન્સની વાત કરીએ તો સરકાર ટ્રાન્સપોર્ટેશનની જે જવાબદારી ઉપાડે

છે તેવી સ્ટેટ ટ્રાન્સપોર્ટ બસ કે બીજાં વાહનોની યોગ્ય મરામત અને જાળવણી થાય. સાથે વાહનો પણ સારી ગુણવત્તાનાં અને ડ્રાઈવર-કંડક્ટર યોગ્ય ટ્રાફિક સેન્સ જાળવે તે ખૂબ જરૂરી છે.

પોલીસ ખાતાએ પણ ટ્રાફિકના નિયમોનું સરખી રીતે પાલન થાય તે માટે ભ્રષ્ટાચાર વિહોણો વહીવટ થાય તેની કાળજી રાખવી જોઈએ. આજકાલ રીક્ષાઓમાં ત્રણ કે ચારને બદલે ૧૨ કે ૧૪ જણને પેસેન્જર તરીકે લઈને રસ્તા પર ભયનું વાતાવરણ ઊભું કરાય છે. તેના માટે પણ ખૂબ કડકાઈ જરૂરી છે. સ્ટેટ ટ્રાન્સપોર્ટ અને સીટી બસ જો પોતાની જવાબદારી યોગ્ય રીતે નિભાવે તો આખરે તો આ નાણાં રાજ્યની તિજોરીમાં જાય અને સ્ટેટ ટ્રાન્સપોર્ટ સર્વિસને વધુ સક્ષમ બનાવી શકાય.

આ માટે વિદ્યાર્થીઓને સ્કૂલ લેવલેથી જ આ બાબતથી વધુ માહિતગાર કરીને ટ્રાફિક નિયમન જે આખરે પ્રજાને જ ફાયદો કરે છે તે માટે જાગૃતિ કેળવવી. આજકાલ ૧૪-૧૫ વર્ષનાં બાળક કે બાલિકાઓ નાનાં-નાનાં મોપેડ ચલાવે છે આને વધુ કાર્યક્ષમ બનાવવા માટે તેઓને આ જ ઉંમરે સરકારશ્રી તરફથી લાયસન્સ આપવામાં આવે તો તે જે તે મોપેડ વાપરનાર તેને વાપરવામાં વધુ જાગૃતિ દાખવશે. આજકાલ મોબાઈલ ફોનનો ઉપયોગ પણ ફોર વ્હીલર અને ટુ વ્હીલરમાં વાહનચાલક ચાલુ વાહને કરે છે તેમાં પણ કડકાઈની ખૂબ જરૂર છે. તેનાથી અકસ્માત નિવારી શકાય છે.

સરકારશ્રી તેમણે ઘડેલા નિયમો મુજબ કોઈપણ જાહેર કાર્યક્રમો, તે માટે ભેગા થવું, રેલી કાઢવી વિગેરે માટે તથા ધાર્મિક પ્રસંગોએ સ્નેહમિલનોમાં ઘણી મોટી સંખ્યામાં જ્યારે માનવમહેરામણ ભેગો થયો હોય ત્યારે આવા પ્રસંગો માટે જેમણે પરવાનગી માગી હોય તેમણે જાહેર સુવિધા જેવી કે પાણી, શૌચાલય, ટ્રાન્સપોર્ટ વિગેરેની જે વ્યવસ્થા કરવાની હોય તેની બાહેંધરી લઈને જ આવા કાર્યક્રમોની પરવાનગી આપવી જોઈએ. સરકારશ્રીની પણ જવાબદારી થાય છે કે આવી પરવાનગી આપ્યા બાદ આ પ્રસંગો માટે જરૂરી રક્ષણ વિગેરેની વ્યવસ્થા યાને કે પોલીસ, ફાયર બ્રિગેડ કે આતંકવાદીઓથી રક્ષણ વિગેરેની જવાબદારી નિભાવે.

કોઈપણ કાર્યક્રમ માટે રાજ્ય કે મધ્યસ્થ સરકાર પરવાનગી આપે ત્યારે માગેલ જગ્યાની ક્ષમતા, ગટર-લાઈન વગેરેની વ્યવસ્થા તેમ જ લાઉડસ્પીકર વગેરેથી આજુબાજુના વિસ્તારને નુકસાન ના થાય તેની તકેદારી રાખવી ઘટે. કોઈપણ ધાર્મિક કાર્યક્રમોમાં પોતાના ધર્મ સિવાય બીજાના ધર્મ વિશે ટીકાટિપ્પણથી કોઈ ઉશ્કેરણીજનક બીના ના બને તેની ખાતરી કર્યા બાદ જ આવા કાર્યક્રમોને મંજૂરી અપાય.

દેશનો વિકાસ એ માત્ર કારખાનાં કે ઉદ્યોગોને લીધે થાય તે જરૂરી છે, પરંતુ માનવસહજ સુખશાંતિ વિગેરે માટે તો સરકારે ઘણી બધી રીતે તેની જવાબદારી નિભાવવી રહી. દરેક રાજ્યમાં અને મધ્યસ્થ સરકારોમાં દેશ અને રાજ્યનો વહીવટ કરવા માટે ઘણા બધા મંત્રીઓ અથવા પ્રધાનોની નિમણૂક થાય છે. આવી નિમણૂકો પામનારાઓ માટે મધ્યસ્થ અને રાજ્ય સરકાર કરોડો રૂપિયાનો બોજો પ્રજા પર નાંખે છે ત્યારે પોતાની જવાબદારી વખતે લીધેલા સોગંદ નિભાવે તે આજની માંગ છે.

(૨૬ સપ્ટેમ્બર ૨૦૧૩)

સી.એલ.પટેલ

## ઢળતા વર્ષે ઊઘડતી અપેક્ષાઓ

ઈશુના વર્ષ ૨૦૧૩ના અંતિમ દિવસોમાં વીતેલા વર્ષનાં કાર્યોની સમીક્ષા કરવાની સાથે જ નવા વર્ષ ૨૦૧૪ના શુભ સંકલ્પોની તૈયારી કરવાનું અનિવાર્ય છે. વિક્રમના વર્ષ ૨૦૭૦ની શુભ શરૂઆત હજુ નવેમ્બર મહિનામાં થઈ અને નૂતન વર્ષનાં અભિનંદનની આપલે કરવાનો ઉપક્રમ ઊઘડતા દિવાળી વેકેશને ચાલતો રહ્યો છે ત્યાં જ ડિસેમ્બર ૨૦૧૩ ઈશુના વર્ષના અંતિમ પડાવથી આવતા વર્ષના ચૂંટણીના માહોલનાં ઢોલ ઢબૂકે છે. પાંચ રાજ્યો રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, દિલ્હી અને મિઝોરમની વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો આગામી સામાન્ય ચૂંટણી માટેની પીચ તૈયાર કરનારાં સાબિત થવાનાં છે. ગુજરાત આ માહોલમાં કેન્દ્ર સ્થાને છે કારણ મુખ્ય રાષ્ટ્રીય વિપક્ષ ભારતીય જનતા પાર્ટી અને એના નેતૃત્વવાળા રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચા(એનડીએ)ના વડા પ્રધાનપદના ઉમેદવાર ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી છે. રાષ્ટ્રીય કક્ષાએ અત્યારના સત્તા મોરચા સંયુકત પ્રગતિશીલ મોરચા(યુપીએ) સામે ભાજપના નેતૃત્વવાળા મોરચાની ટક્કર વર્ષ ૨૦૧૪ના પ્રારંભિક તબક્કામાં જોવા મળવાની છે. માહોલ ચૂંટણીમય છે. રાજકીય પક્ષો દેશનું સુકાન ક્યા મુદ્દાઓ કે યોજનાઓના આધારે સંભાળવા માંગે છે એની ગાજવીજ ઓછી અને કાદવઉછાળ પ્રવૃત્તિ વધુ જોવા મળે છે. ભારતીય લોકશાહીને છ દાયકા વીત્યા છતાં લોકશાહી પરંપરાઓની ગરિમા કે રાજપુરુષ(સ્ટેટ્સમેન) તરીકેની આઝાદીવેળાનાં વ્યક્તિત્વોની મોટાઈનો આજે અભાવ જોવા મળે છે. રાજકીય પક્ષોનાં વામણાં વ્યક્તિત્વો વ્યથિત કરતાં હોય ત્યારે પણ આવતા દિવસોમાં લોકશાહી પરંપરા વધુ પરિપક્વ બનશે એવો આશાવાદ છોડી શકાતો નથી.

ચૂંટણીઓ અને રાજકારણ જીવનના પ્રત્યેક ક્ષેત્રને પખાળી રહ્યાનું અનુભવાય છે ત્યારે રાષ્ટ્રના ઘડતર અને ભાવિની ચિંતા કરનારાઓ આવતીકાલનો સૂરજ કેવો ઉગશે એની કલ્પના કરવાની મથામણમાં હોય એ સ્વાભાવિક છે. આવી ક્ષણોએ પણ બ્રિટિશ લોકતંત્રના પ્રારંભિક કાળનું સ્મરણ થવું સ્વાભાવિક છે. ક્યારેક બ્રિટિશ સંસદીય ગૃહની બેઠકોની લીલામીની પંરપરા હતી. સૌથી ઊંચી બોલી બોલનારાને ઉમરાવ સભા (હાઉસ ઓફ લોર્ડ્સ)ની બેઠક મળતી હતી. સમયાંતરે બ્રિટિશ લોકશાહી પુખ્ત થતી ગઈ અને આજે વણલખ્યા બંધારણે પણ સ્વસ્થ લોકશાહી પરંપરા ઉપર ચાલતો આ દેશ એના વેસ્ટમિન્સ્ટર મોડેલ પર આદર્શ લોકતંત્રનો પરિચય આપતો થયો છે. ભારતીય લોકશાહી વિશે શંકાકુશંકા સેવનારાઓ માટે બ્રિટિશ અનુભવમાંથી આશાવાદ પ્રગટી શકે.

ડિસેમ્બર ૨૦૧૩માં રાજ્યોની ચૂંટણીઓનાં પરિણામો લોકસભાની આગામી મે ૨૦૧૪માં નિર્ધારિત સામાન્ય ચૂંટણી માટે કેવું ભવિષ્ય ભાખશે એના તર્કવિર્તકના વર્તમાન સમયમાં ભારતીય પ્રજામાં આશાવાદ ટકવો અનિવાર્ય છે. રાજકીય પક્ષો કે સત્તાધીશોની સફળતા-નિષ્ફળતા વચ્ચે પણ ભારતીય લોકશાહી ટકી રહી છે. મજબૂત બની છે. ૧૯૭૫-'૭૭ની ઈન્દિરા ગાંધીફેઈમ 'ઈમર્જન્સી' પછી પણ લોકસભાની ચૂંટણીએ લોકશાહી મૂલ્યોમાં દેશની બહુમતી અભણ અને અશિક્ષિત પ્રજાનો ભરોસો અકબંધ હોવાનો પરિચય કરાવ્યો છે. પ્રજાએ સત્તાપરિવર્તન કરવાનો ચુકાદો આપ્યા પછી જનતા પાર્ટીના નેતા મોરારજી દેસાઈની સરકાર રચવા કોલ આપ્યો, પણ આંતરકલહમાં રમમાણ જનતા પાર્ટીના નેતાઓને પાઠ ભણાવવા માટે માત્ર ત્રણ જ વર્ષમાં ફરી દેશનું સુકાન ઈન્દિરા ગાંધીને સોંપવાનો મિજાજ પણ બતાવ્યો હતો. અનેકતામાં એકતા ધરાવતા આપણા દેશની સંસ્કૃતિના પાયામાં જનપદોની દીર્ઘ લોકશાહી પરંપરા રહી છે.

સમગ્ર રાષ્ટ્રની પ્રજામાં લોકશાહીમાં વિશ્વાસ ટકી રહે એવા દીર્ઘકાલીન અનુભવોનું સાતત્ય આઝાદી પછીનાં વર્ષોમાં આપણને અનુભવાયું છે. સંભવતઃ એટલે આવતા દિવસોમાં પણ દેશની બહુમતીનો લોકશાહી મૂલ્યોમાં વિશ્વાસ ટકી રહે એવી શ્રદ્ધા વર્તાય છે. સત્તાપરિવર્તનોની વચ્ચે પણ લોકશાહી મજબૂત થતી રહે અને વિરોધી અવાજનો પણ આદર કરવાની વૃત્તિ-પ્રવૃતિને આત્મસાત કરીએ એ જરૂરી છે.

આજના તબક્કે જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા કન્નડ સાહિત્યકાર યુ.આર.અનંતમૂર્તિના શબ્દો ટાંકવાની લાલચ ખાળી શકાતી નથી :

'લોકશાહીમાં બહુમતી રાજ કરે છે, પરંતુ બહુમતી જેનું પ્રતિનિધિત્વ કરે છે તે કાયમ સત્ય જ હોય એવું જરૂરી નથી. એટલે જ સ્તો, ભલે હું એકલો હોઉં, મને બહુમતીનો વિરોધ કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ. એ જ તો લોકશાહીનો અર્ક છે.'

ભારતીય લોકતંત્રને મજબૂત કરવા ઈચ્છુક તમામ રાજનેતાઓ અને અન્યોને અનંતમૂર્તિના શબ્દોનું સ્મરણ રહે.

(૨૦ નવેમ્બર ૨૦૧૩) • **હરિ દેસાઈ**

## કોની કોની છે ગુજરાત?

કોની કોની છે ગુજરાત?
ઉગ્રસેન રામ કૃષ્ણ સાત્યકિ યાદવ જ્યાં સઉ વિરાજતા
જ્યાં બ્રાહ્મણ ને રાજપૂત ઝાઝા ઈશને અર્થે ઝૂઝ્યા હતા,
ત્યાંના લોકતણી શું કેવી?
ના ના, ના રે નથી તેની,
ત્યારે કોની છે ગુજરાત?
બુદ્ધ જૈનના ઘુમ્યા વાદ, જ્યાં મ્લેચ્છસું શિલાદિત્ય લડ્યો,
ભૂવડસું વળી જયશિખરી જ્યાં જુદ્ધ પરાક્રમ દાખી પડ્યો,
ત્યાંના૦ ના ના૦ ત્યારે૦
વળી રાજ્યનો રઙ્વજ જ્યાં છશેંક વર્ષ લગી ઊડ્યો,–
સરસ્વતી ને સેનાનીએ રઙ્ગ દાખવ્યો છે રૂડો,
ત્યાંના૦ ના ના૦ ત્યારે૦
કર્યું ધામ જ્યાં મુસલમાને નીજ રાજ્યનું વળી વડું,
મધ્યે આવ્યાને બાને તે માની લે છે માન વડું,
ત્યાંના૦ ના ના૦ ત્યારે૦
રે જ્યાં કીધો કોપ કાળીએ રાજ્ય થયું ખણ્ડેર ભુંડું,
વળી રાજ્ય જ્યાં દખણીકેરું ઠાઠે દીપે કંઈક રુડું
ત્યાંના૦ ના ના૦ ત્યારે૦
વળી પુરાતન પ્રસિદ્ધ જગમાં ભૃગુનો આશ્રમ જ્યાં જોયો,
વળી રઙ્ગ જ્યાં જનવસ્તુનો બન્દરને નાકે સોયો,
ત્યાંના૦ ના ના૦ ત્યારે૦
છે અઙ્ગરેજી રાજ્યતણું જે ધામ મુખ્ય પશ્ચિમભણી–
જ્યાં ગુજરાતતણા જન વસિયા કો રે વેળા થોડી ઘણી,
ત્યાંના૦ ના ના૦ ત્યારે૦
જ્યાં રેવામહીકાંઠા શોભે હિન્દુ, મુસલમાન રાજ થકે,
વળી રાજ્ય રણની પેલી ગમ જોય સિંધની લગોલગે,
ત્યાંના૦ ના ના૦ ત્યારે૦
વૃદ્ધનગર જેણે જોયાં સઉ ચડતાં પડતાં રાજ્ય ઠરી,
હજી જીવે છે શું જોવાને પ્રજાતણા ઢઙ્ગ રઙ્ગ વળી,
ત્યાંના૦ ના ના૦ ત્યારે૦
શું બ્રાહ્મણ ને વાણિયાકેરી શ્રાવક ને ભાટિયાકેરી,
ક્ષત્રી રજપુત કણબીકેરી ભીલ અને કોળી કેરી,
બીજા શુદ્રતણી શું કેવી?
ના ના ના રે નથી તેની
ત્યારે કોની છે ગુજરાત?
પૂર્વજ જેના જે વળી આજે જન્મથકી ગુજરાતી વઘા,
કોઈ રીતની તોપણ ને વળી આર્યધર્મને રાખી રયા,
તેની તેની છે ગુજરાત,
પછી હોય ગમે તે જાત,
તેની તેની છે ગુજરાત.
વળી પરદેશી બીજા જેને ભૂમિયે પાળી મોટ કર્યા,
પરધર્મી પણ હિત ઇચ્છનારા માતતણું તે ભાઈ ઠર્યા,
તેની તેની છે ગુજરાત,
પછી હોય ગમે તે જાત,
તેની તેની છે ગુજરાત.
નર્મદ કે' ગુજરાતી ભાઈયો માતને અર્થે સમ્પ ધરે,
ખન્તે બન્ધન તોડી રણે સઉ ઝૂઝી જયસુખ જમે ભરે,
પ્રેમ શૌર્યને કરી પ્રખ્યાત,
તે તે સઉની છે ગુજરાત,
તે તે સઉની છે ગુજરાત

• **નર્મદ**

•

ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,
જંગલની કુંજ કુંજ જોવી હતી;
જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા,
રોતાં ઝરણાંની આંખ લ્હોવી હતી.

સૂના સરવરિયાની સોનેરી પાળે
હંસોની હાર મારે ગણવી હતી;
ડાળે ઝૂલંત કોક કોકિલાને માળે
અંતરની વેદના વણવી હતી.

એકલા આકાશ તળે ઊભીને એકલો
પડઘા ઉરબોલના ઝીલવા ગયો;
વેરાયા બોલ મારા, ફેલાયા આભમાં,
એકલો અટૂલો ઝાંખો પડ્યો.

આખો અવતાર મારે ભમવા ડુંગરિયા,
જંગલની કુંજ કુંજ જોવી ફરી;
ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા,
અંતરની આંખડી લ્હોવી જરી.

• **ઉમાશંકર જોશી**

# એક કલાક અધ્યયન માટે

ગાંધીજીના જમાનાથી મારી એવી ફરિયાદ રહી છે કે ઉત્તમ કામમાં લાગેલા આપણા સેવકો પણ વિચારોનું અધ્યયન ઓછું કરે છે. કાર્યકરોને હું પૂછતો કે, ‘હરિજન’માં ગાંધીજીનો ફલાણો લેખ આવ્યો છે, તે વાંચ્યો? તો જવાબ મળતો કે, ના રે ના; વાંચવાથી શું ફેર પડવાનો હતો? એમાં લખી લખીને એમ જ લખ્યું હશે ને કે હરિજનોની સેવા કરો, સૂતર કાંતો વગેરે. એ તો અમે કરીએ જ છીએ ને?

મતલબ કે તેઓ એવા જ ખ્યાલમાં હતા કે પોતે ગાંધીજીને આખા ને આખા પી ગયા છે, હવે કશું વાંચવાની એમને જરૂર નથી! ત્યારે હું એમને કહેતો કે, કામ કરવાની સાથોસાથ વાંચવાની, ચિંતન કરવાની ટેવ રાખવી જોઈએ. જેટલું આપણું અધ્યયન ચાલશે તેટલું ઊંડાણ આપણા કામમાં આવશે.

તુલસીદાસ, કબીર, જ્ઞાનદેવ આટલાં બધાં વરસ પછી પણ આજે કોને આધારે જીવતા છે? જે ગ્રંથો એમણે આપ્યા, તેનું અધ્યયન-ચિંતન કરનારા તેમ જ તે મુજબ પોતાના જીવનને ઘડનારા સેંકડો સાધકો નીકળ્યા, એમને આધારે તેઓ જીવંત છે.

આજે આપણે દુનિયાના ચોકમાં ઊભા છીએ. ચારેકોરથી વિચારોનો મારો ચાલી રહ્યો છે — સારા વિચારોનો તેમ કુવિચારોનો પણ. આ બધાની વચ્ચે આપણા વિચારો મુજબ આપણે કામ કરતા રહેવાનું છે અને આપણા વિચારને પરિશુદ્ધ કરતાં કરતાં આગળ વધારવાનો છે. આવા સંજોગોમાં અધ્યયન વગર તો આપણે માર ખાઈશું. અનેક વિષયોનું અધ્યયન આપણે કરવાનું છે. વળી અધ્યયનમાં જેમ અનેક ગ્રંથો વાંચવાની વાત છે, તેમ એક જ ગ્રંથ અનેક વાર વાંચવાની વાત પણ આવે છે. જે ગ્રંથમાંથી જીવનને પોષણ મળતું હોય, તે ફરી ફરીને વાંચીને કસી લેવાનો છે. શંકરાચાર્યે એક નાનકડા શ્લોકમાં અધ્યયનનું ગણિત બતાવ્યું છેઃ જેટલું અધ્યયન કરીએ, તેનાથી સો ગણું મનન કરવાનું છે. જુઓને — આપણને જમતાં કેટલી વાર લાગે છે? અડધો કલાક. અને તે ખાધેલું પચાવતાં કેટલો વખત લાગે છે? ચાર-પાંચ કલાક. તેમ અધ્યયન માટે રોજ એક કલાક પૂરતો છે. નહીં તો બહુ ખાઈ લીધું ને પચાવ્યું નહીં, તો જે હાલત શરીરની થાય છે તેવી જ બુદ્ધિની થશે.

જેમ અન વિના દેહ ટકતો નથી, તેમ જ્ઞાન વિના આત્મા પુષ્ટ થતો નથી. એટલા માટે રોજેરોજ જ્ઞાન મેળવવાની યોજના હોવી જોઈએ. આપણે જેમ ખાધા વિના રહેતા નથી, તેમ આધ્યાત્મિક અન્ન-સેવન વગર આપણો એક પણ દિવસ ન જવો જોઈએ. દરરોજ એક કલાક અધ્યયન માટે અલગ કાઢીએ, અને ત્યારે બધાં કામથી અળગા થઈને અધ્યયનમાં જાતને પરોવી દઈએ. ત્યારે કામ-બામ કાંઈ નહીં; બસ — અધ્યયન, મનન, ચિંતન. આમ કરવાથી બુદ્ધિની શુદ્ધિ થાય છે, ઉત્સાહ મળે છે અને કામ કરવાની શક્તિ પણ વધે છે.

**વિનોબા ભાવે**

(‘વાચનયાત્રાનો પ્રસાદ’માંથી)

## ગઝલ

● ડૉ. કેતન કારિયા

નથી એવું કે સાવ ઓછા પડ્યા છે,
ન દેખાય એવા લિસોટા પડ્યા છે.

અમે ખેલદિલી બતાવી નહીંતર,
વિધાનો તમારાય ખોટા પડ્યા છે.

નજરનો ફરક છે, હું સર્વસ્વ માનું,
તને લાગશે માત્ર થોથા પડ્યા છે.

સિતારા સમયસર દુઃખી તો કરે છે,
ખુશી આપવામાં જ મોડા પડ્યા છે.

ભલે દુઃખ એ લાવ્યા, અમે આવકાર્યા,
ફરીવાર સંજોગ ભોઠા પડ્યા છે.

(૧-વાલ્કેશ્વરીનગરી, સાત રસ્તા સર્કલ પાસે, ઈન્દિરા માર્ગ,
જામનગર-૦૮. ફોનઃ ૦૨૮૮-૨૬૬૫૫૬૬/૬૮)

●

## કંઈ પડી નથી

● કિશોર મોદી

આવાગમનને ઓરડાની કંઈ પડી નથી,
સૂના ભીતરના ખાલીપાની કંઈ પડી નથી.

સૂરજની પાલખીમાં નીકળનારને વળી,
સસ્મિત ઊભેલ પાંદડાની કંઈ પડી નથી.

ઘર ઘર પવનને ઘૂમવાની ટેવ છે પડી,
પણ ઉંબરાની વેદનાની કંઈ પડી નથી.

જ્યાં લાગણીનું ઘેન કૈં જુદું જ હોય છે,
કોઈને પૂરી વારતાની કંઈ પડી નથી.

મંઝિલ તરફ દરેકની દૃષ્ટિ કિશોર છે,
ભૂલા પડેલ ભોમિયાની કંઈ પડી નથી.

(1407 New York Ave, Glen Allen VA 23060)

## વરસ્યો આ પહેલો વરસાદ...!

● જિતેન્દ્ર પ્રજાપતિ

મૌસમ કરે છે તને સાદ.
આવ! તારા આવવાની રાહ જોઈ વરસ્યો આ પહેલો વરસાદ!
લીલીકુંજાર મારી સમણાની વાડીમાં
તારી કૂંપળ રોજ ફૂટે,
આંખ્યુંના પડદા પર બધ્ધાયે રંગ
ફક્ત તારો એક રંગ એમાં ખૂટે.
નજરુંની પીંછીંથી આવ તને ચીતરી બતાવું આબાદ.
મૌસમ કરે છે તને સાદ!
એક કોર વાગે છે પાણી છબ્બાક
બીજી કોર વાગે તારો વિયોગ,
આકાશે કાઢ્યો જો કેવો ઉઘાડ!
કાઢ તું ય જરા મળવાનો યોગ.
આયખું ભીંજાયું છે માથાઝબોળ, રહ્યું હૈયું બસ એક જ અપવાદ.
મૌસમ કરે છે તને સાદ.
આવ! તારા આવવાની રાહ જોઈ વરસ્યો આ પહેલો વરસાદ.

(મુ.પો. બગદાણા, વાયા ઠળિયા, જિ. ભાવનગર,
પીનઃ ૩૬૪ ૧૪૫. મો.: ૯૬૨૪૬૫૭૩૫૪)

●

● પૂર્ણિમા ડી. ભટ્ટ

લાવ,
આકાશનાં ચાર-પાંચ ટૂકડાઓને
મારા રૂમાલમાં બાંધી લઉં?
પવનનાં થોડાં પીંછાંઓને ગણી મારી કેડે ખોસી દાઉં?
ને
આ શ્વાસનાં સૂરોને કહું,
“લે, થોડો આરામ કર!”
આકાશને બાંધી શકું?
પવનને ગણી શકું?
શ્વાસને હું આરામ આપી શકું?
તો, તને હું
બાંધી શકું!
તને હું ગણી શકું!
તને હું આરામ આપી શકું!

(૮, સમ્રાટનગર, બામરોલી રોડ, ગોધરા, જિ. પંચમહાલ.
મો.: ૯૮૯૮૫૮૫૫૧૪)

## મારી સંશોધન યાત્રા

**જોરાવરસિંહ જાદવ**

**(ગુજરાત વિશ્વકોશ અને શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રના ઉપક્રમે તા. ૨૬-૧૦-૨૦૧૩ના રોજ યોજાયેલા વ્યાખ્યાનના અંશ પ્રસ્તુત છે.)**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર (સૌરાષ્ટ્ર યુનિવર્સિટી)ના ઉપક્રમે મારી સંશોધન યાત્રા સંદર્ભે વાત કરવાની હોય ને ત્યારે ભાઈ મારા જેવા લોકવિદ્યા, લોકસંસ્કૃતિ, લોકસાહિત્ય અને લોકકલાના યાત્રીના અંતરમાં આનંદના રંગ-સાથિયા પુરાય, આનંદનો અબિલ ગુલાલ ઉડે. અંતરના આનંદ-મોરલા એક સામટા ટહૂકી ઊઠે એવો રૂડો અવસર ઊભો કરનાર પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ અને ડૉ. અંબાદાન રોહડિયાનો સૌપ્રથમ આભાર માની લઉં છું; અને મારા અંતરનો આનંદ ચાર ચરણનાએક નાનકડા દુહા દ્વારા વ્યક્ત કરું છું.

*"ચાર મિલે ચોસઠ ખીલે,*
*બીસ રહે કરજોડ;*
*હૃદય સે હૃદય મિલે*
*ખીલે સાત કરોડ."*

અર્થાત્ઃ બે મિત્રો મળે છે. એમની ચાર આંખો મળે છે. પરસ્પર સ્મિત કરે છે. બત્રીસ દાંત એના અને બત્રીસ દાંત પેલાના ફૂલપાંખડીરૂપે ખીલે છે. અને જ્યારે પરસ્પર ભેટીને એકબીજાને સાંયામાયા મળે છે ત્યારે કવિ કહે છેઃ સાડા ત્રણ કરોડ રૂવાડાં એના અને સાડા ત્રણ કરોડ રૂવાડાં પેલાના એમ સાત કરોડ રૂવાડાં બેઠાં થઈ જાય છે. જો બે જ વ્યક્તિના મિલનમાં આટઆટલો આનંદ હોય તો આટલી મોટી સંખ્યામાં ઉપસ્થિત આપ સૌ સાહિત્યકારો, વિદ્વાનો, સાહિત્યપ્રેમીઓ અને સ્વજનોને મળવાનો આનંદ મારા હૈયામાં કેટલો હશે તે સ્હેજે સમજી શકાય એમ છે.

મારે મુઠ્ઠીમાંથી ઝડપથી સરી જતા લોકસંસ્કૃતિક-લોકકલા વૈભવ સંદર્ભે 'મારી સંશોધન યાત્રા'ની વાત કરવી છે. સંશોધનના ૫૬ વર્ષના પડાવ ઉપર આવીને ઊભેલી મારી સંશોધન યાત્રાનું સિંહાવલોકન શક્ય નથી પણ વિહંગાવલોકન દ્વારા સંશોધન યાત્રાના સંસ્મરણો અને અનુભવોને આપની સમક્ષ ઉઘાડવાનો ઉપક્રમ રાખ્યો છે. આમ તો ૫૬ વર્ષનાં સંસ્મરણોને ૬૦ મિનિટમાં રજૂ કરવાનું કામ અગાશીમાં ઘોડા દોડાવવા જેવું કઠિન ગણાય. ગાગરમાં સાગર સમાવવાનો છે.

સાહિત્યપ્રેમીઓ અને વાચકો ઘણીવાર મને એક સવાલ પૂછતાં હોય છે, 'જોરાવરસિંહભાઈ તમારા નામથી અને કામથી તો તમને વર્ષોથી ઓળખીએ છીએ પણ લોકસાહિત્ય, સંસ્કૃતિ અને લોકકલા તરફ તમને અનુરાગ કેવી રીતે જન્મ્યો?'

લોકસાંસ્કૃતિ અને લોકકલા માટેનો મારો અનુરાગ વતનની માટીની મ્હેંકમાંથી જન્મ્યો છે. અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકાના ખોબા જેવડું આકરું ગામ. આ ગામનાં દાનુભાઈ જાદવના રાજપૂત ખેડૂત પરિવારના ખોરડે પામબાની કૂખે ૧૦ જાન્યુઆરી ૧૯૪૦માં મારો જન્મ. સંસ્કૃતિ સમૃદ્ધ સૌરાષ્ટ્રને અડીને આવેલા ભાલપંથકની ધરતીની ધૂળમાં આળોટીને ઉછર્યો.

મારા પિતાશ્રી દાનુભાઈ જાદવ ઝાઝું ભણેલા નહીં, પણ એમની કોઠાસૂઝ જબરી. ઉત્તમ ઓલાદના અશ્વો, બળદો અને એના શ્રેષ્ઠ શણગારો રાખવાનો જબરો શોખ. આખા ભાલ અને કનેર પંથકમાં એમની આબરૂ મોટી. રોટલો મોટો એટલે દાનુબાપાની ડેલી ભાટ, ચારણ કવિઓ, તુરી બારોટો, વાર્તાકારો, કોઠાસૂઝવાળા લોક જીવનના મરમીઓથી હાંફતી રહેતી. મારા પિતાશ્રી લીંમડીના રાજકવિ શંકરદાનજી દેવાના પરમ સ્નેહી એટલે સૌરાષ્ટ્ર, કચ્છ અને મારા

શિરોહી રાજસ્થાનથી કવિઓ અમારે આંગણે મહેમાન બનતા. મારા પિતાશ્રીને આવો બધો શોખ. નાનપણમાં હું આવા ડાયરામાં બાળપ્રેક્ષકરૂપે ડાહ્યોડમરો બની કૂતુહલવશ દુહા, છંદ, વાર્તાઓ આ બધું સાંભળતો. આવા ભર્યાભાદર્યા લોકસાંસ્કૃતિક વાતાવરણે મારા બાળમાનસમાં લોકસંસ્કૃતિનું બીજ રોપ્યું; જે સમયાન્તરે પાંગરતું રહ્યું.

શિયાળાના તાપણાં પૂરા થાય, ઉનાળો બેસવા આવે, ઘઉંના વાઢ શરૂ થાય ને ખળાં લેવાય ત્યારે મારા ગામમાં દાણા-દુણીની આશા કરીને વાદી, મદારી, નટ, બજાણિયા, કાંગશિયા, બહુરૂપી, રાવણહથ્થાવાળા ભરથરીઓ, માંકડા ને કઠપૂતળીવાળા, ચુંદડિયા મહારાજો ને ભાવાયાનાં પેડાં ઊતરી આવતા. ને ગ્રામપ્રજાને જાતજાતનું ને ભાતભાતનું મનોરંજન પૂરું પાડતા. નાનપણમાં મન ભરીને માણેલા આ બધા લોકકલાકારોની છબિ મારા બાળમાનસ ઉપર સુરેખરીતે અંકિત થઈ.

ચાર ધોરણ આકરુમાં, નવ ધોરણ ધોળકાની હસનઅલી હાઈસ્કૂલમાં પૂરાં કરીને પૂ. ગાંધીજીએ સ્થાપેલી ગૂજરાત વિદ્યાપીઠમાં સને ૧૯૫૬માં ભણવા માટે દાખલ થયો. વિનય મંદિરના આચાર્ય શ્રી ચંદ્રકાન્તભાઈ ઉપાધ્યાય મેઘાણીના પરમ ચાહક. ગુજરાતી વિષય ભણાવતા ભણાવતા મોજપૂર્વક મેઘાણીભાઈનાં ‘ચારણકન્યા’, ‘રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે’ એવા ગીતો મોટેથી લલકારતા. આ ગીતો મને આનંદવિભોર કરી દેતા. મારી અંતરવીણાના તારને ઝંકૃત કરી જતાં. એ અરસામાં દુલેરાય કારાણીનું ‘ઝારાનું મયદાને જંગ’ કાવ્ય ભણતાં, એમાં આવતું લડાઈનું વર્ણન વાંચીને મારાં રૂંવાડાં ખડાં થઈ જતાં. ગૂજરાત વિદ્યાપીઠનું ગ્રંથાલય એ સમયથી જ ખૂબ સમૃદ્ધ. એમાંથી મેઘાણીના ગીતસંગ્રહો ‘યુગવંદના’ અને ‘રઢિયાળી રાત’ શોધી કાઢી એમાંના ગીતો ગણગણતો.

એ અરસામાં અમને વિદ્યાપીઠના વિદ્યાર્થીઓને ગાંધી આશ્રમ સાબરમતીમાં દુલા ભાયા કાગ, મેરુભા ગઢવી અને રતિકુમાર વ્યાસનો કાર્યક્રમ સાંભળવાનો અવસર મને સાંપડ્યો. કાગબાપુના કંઠે ચારણીસાહિત્યની રમઝટ સાંભળી. મેરુભા ગઢવીના કંઠે લોકસાહિત્યના પ્રસંગો માણ્યા. રતિકુમારના કામણગારા કંઠે ‘કાગવાણી’ના ગીતો સાંભળ્યા. મને થયું કે હું પણ આવો લોકગાયક બનું. પણ કુદરતે સૂરિલું ગળું આપ્યું હોય તો ગાયક થવાને ભાઈ!

સને ૧૯૫૭ના અરસામાં રાજકપૂરના પિતા પૃથ્વીરાજકપૂર પૃથ્વી થિયેટર્સના નાટકો લઈને અમદાવાદમાં આવતા. મંગળદાસ ટાઉનહૉલમાં ભજવતાં એમના નાટકો જોઈને નાટક કલાકાર થવાની ઝંખના જાગી. પ્રાગજી ડોસા લિખિત બે ત્રણ નાટકોમાં હીરો તરીકે કામ પણ કર્યું. પિતાશ્રીને મારા નાટકિયા વેડા ન ગમતાં નાટકનું કામ બંધ કર્યું. દરમ્યાનમાં ‘ઝનક ઝનક પાયલ બાજે’ ફિલ્મના કલાકાર ગોપીકૃષ્ણ કથ્થક નૃત્યનો કાર્યક્રમ લઈને અમદાવાદમાં આવ્યા. સિતારાદેવીનાં કથ્થક નૃત્યો નિહાળીને નૃત્કાર થવાના સ્વપ્નો પણ આવવા માંડ્યાં. એ સ્વપ્નો સાકાર ન થયા પણ નૃત્યક્ષેત્રમાં મારી અભિરુચિ અવશ્ય વધી.

એ કાળે બૃહદ મુંબઈ અને સૌરાષ્ટ્રના અલગ રાજ્યો હતા. આઝાદી આવ્યાને દસેક વરસ થયેલાં. દિલ્હીમાં ૨૬ જાન્યુઆરીની ઉજવણી દબદબાપૂર્ણ રીતે કરવામાં આવતી. ત્યારે સૌરાષ્ટ્ર સંગીત નાટક અકાદમી તરફથી હરકાન્ત શુકલ અને જયમલ્લ પરમાર સૌરાષ્ટ્રના રાસગરબા, રાણાગઢના પઢારો અને ચોરવાડની ખારવણ બહેનોના ટીપણી નૃત્યો લઈને પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં ભાગ લેવા જતા. રંગબેરંગી વેશભૂષાવાળા કલાકારોની તસવીરો દૈનિક પત્રોમાં જોઈને મને એમ થાય કે એકાદવાર આવી મંડળી જોડે દિલ્હીના કાર્યક્રમમાં જવાય તો ધન્ય થઈ જવાય. મારા જેવા કલાપ્રેમીને એમ થોડા જ કોઈ સાથે લઈ જાય? મુગ્ધભાવે એ વિચારને હું અંતરના એક ખૂણે ધરબી દેતો.

ગૂજરાત વિદ્યાપીઠનું શિક્ષણ મને ગ્રામસેવક કે ગમડાનો કાર્યકર બનાવી દેશે એ બીકે મેટ્રિક પાસ થવાની સાથે જ મારા બાપુએ હું આઈ.એ.એસ. ઓફિસર બનું એવી ઇચ્છાથી મને સેંટ ઝેવિયર્સ કૉલેજમાં દાખલ કરી દીધો. કૉલેજના પ્રથમ વર્ષમાં જ ‘સૌરાષ્ટ્રની રસધાર’ ભણાવવામાં આવી. રસધારની કથાઓ મારા મુગ્ધહૈયા પર કામણ કરી ગઈ. મને થયું હું પણ મેઘાણીભાઈ જેવી ચારણી ઢબછબ અને

લોકબોલીના ઠા અને ઠસ્સા વાળી વારતાઓ લખું. બસ ત્યારથી હું લોકસાહિત્ય સંશોધનના શમણામાં સરી પડ્યો.

એ અરસામાં મધ્યકાલીન સાહિત્યના જાણીતા વિદ્વાન ડૉ. શિવલાલ જેસલપુરા કૉલેજમાં ગુજરાતી ભણાવતા. લોકસાહિત્યમાં મારા રસ અને રુચિ જોઈ પુષ્કર ચંદરવાકરના ઘેર મને લઈ જઈ એમની સાથે પરિચય કરાવ્યો. હું એમનો ગામપડોશી છું એ જાણીને એમણે મને સલાહ આપતાં કહ્યું:

'દરબાર! આપણી ભાલની ખેતી કરતાંયે લોકસાહિત્ય સંશોધનની ખેતી વધુ આકરી છે. સંશોધનનું કામ ખંત, ધીરજ, ચોક્સાઈ, રઝળપાટ અને મહેનત માગી લે છે. તમે દિવાળીની રજાઓમાં ઘેર જાવ ત્યારે કુટુંબની બાઈઓ, બહેનો પાસેથી રજપૂત જ્ઞાતિના લગ્નગીતો, રાસડા અને લોકગીતો માંડી લાવો. આપણા મલકના કોઠાસૂઝવાળા માનવીઓને મળીને એમનું કંઠસ્થ સાહિત્ય, એમની અનુભવવાણી, લોકવાણીની કહેવતો, વારતાઓ, ઉખાણાં ઈત્યાદિ કાગળ માથે ઉતારો. આ બહુ અઘરું કામ છે.' બે કલાકના પ્રવચનમાં એમણે સંશોધન શાસ્ત્રનો સમગ્ર સાર આપી દીધો. પછી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય (રતનપોળ નાકાના મેડા પર) પર સાથે આવીને ચંદરવાકરે મેઘાણીના પુસ્તકોનો આખો સેટ ૨૯ રૂા.માં ઉધાર અપાવી દીધો. આ બધાં પુસ્તકો રસપૂર્વક વાંચી નાખ્યાં ને એમના જેવું કામ કરવાનો સંકલ્પ કર્યો. આમ લોકસાહિત્ય સંશોધનના મેં શ્રીગણેશ માંડ્યા. આ વાત છે સને ૧૯૫૮ના વર્ષની.

કૉલેજમાં વેકેશન પડતાં વતનમાં ગયો. સંશોધનની ધૂન મગજમાં સવાર થયેલી. કુટુંબની બહેનો, દીકરીઓ દિવસે તો નવરી પડે નહીં. રાતની વેળાએ મારા ફળિયામાં ભેગી કરીને એમની પાસે લગ્નગીતો, રાંદલ ગીતો, ફટાણાં રાસડા વગેરે ગવરાવીને મહિનાદા'ડામાં તો દોઢ સો બસો ગીતો નોટબુકમાં ઉતારી લીધા. ત્યાં સુધીમાં તો 'કવિરાજ', 'બૈરાંના બારોટ' તરીકેની ખ્યાતિ આખા ગામમાં પ્રસરી ગઈ. મારા બાપુને આ વાતની જાણ થઈ એટલે એકવાર અકળાઈને બોલી પણ ઊઠ્યા કે, 'મેં આને કૉલેજમાં ભણાવીને પંદર હજાર રૂપિયાનું પાણી કર્યું ઈના કરતાં સીમશેઢે એકાદ તળાવડી ગળાવી હોત તો મૂંગા ઢોર પાણી પીને આશીર્વાદ તો આપત.'

રજાઓ દરમ્યાન લોકગીતોનો સંગ્રહ થયો એટલે આપણને તો જાણે ગોળનાં ગાડાં મળી ગયાં. અમદાવાદમાં આવતાની સાથે આ ગીતો લઈને હું સીધો જાણીતા કવિ શ્રી ઉમાશંકરભાઈ જોશી પાસે પહોંચ્યો. એ વખતે એ ગુજરાત સરકારે નીમેલ લોકસાહિત્ય સમિતિના અધ્યક્ષ હતા. તેઓ રસપૂર્વક મારાં સંગ્રહેલાં લગ્નગીતો અને ફટાંણાં જોઈ ગયા. એમને ખૂબ ગમ્યાં. અને એ વરસે પ્રગટ થયેલ લોકસાહિત્યમાળા મણકો-૨ માં એમણે પ્રગટ કર્યાં. આપણને તો ભાઈ બગાસું ખાતાં મોંમાં સાકરનો ગાંગડો આવી ગયો. એ પછી પ્રાચીન ભારતીય સંસ્કૃતિ સાથે એમ.એ. કર્યું. સંશોધનમાં મારો રસ વધુ ગૂઢો બન્યો.

લોકસાહિત્ય સંશોધનના કારણે વિદ્યાર્થીકાળથી જ હું શ્રી કે.કા. શાસ્ત્રીજી, પન્નાલાલ પટેલ, ઈશ્વર પટેલીકર, જય ભિખ્ખુ, પીતાંબર પટેલ, જયવદન પટેલ, કુમારના તંત્રી શ્રી બચુભાઈ રાવત, સ્ત્રીજીવનના તંત્રી શ્રી મનુભાઈ જોધાણી, પથિકના તંત્રી શ્રી માનસંગજી બારડના પરિચયમાં આવ્યો. કથાગીતોને આધારે તૈયાર થયેલો પ્રથમ લેખ 'બુદ્ધિપ્રકાશ' માસિકમાં છપાયો. સાહિત્યના આ સમયિકમાં મારો લેખ વાંચીને ગુજરાતીના અધ્યાપકે વર્ગમાં ઊભો કરી મને શાબાશી આપતાં કહ્યું: 'બુદ્ધિપ્રકાશમાં અમારા અધ્યાપકોના લેખો ભાગ્યે જ છપાય છે. તારો લેખ છાપ્યો એ આનંદની વાત છે.' સને ૧૯૫૯માં મુંબઈ ખાતે અખિલ ભારતીય લોકસાહિત્ય પરિષદ મળી. એમાં ગુજરાતના ત્રણ પ્રતિનિધિઓ શ્રી કે.કા શાસ્ત્રીજી, શ્રી એલ.ડી. જોષી ને હું હતા. મેં ત્યાં 'ભાલ પ્રદેશની લોકસંસ્કૃતિ અને લોકજીવન' પર નિબંધ વાંચ્યો. શ્રી પો.ગો. શાહે એ નિબંધની પ્રસંશા પણ કરી. એ વખતે મારી વય માત્ર ૧૯ વર્ષની હતી. મારી પ્રથમ વાર્તા 'પ્રેમ કોને કહેવાય' ચાંદનીમાં શ્રી અશોક હર્ષે પ્રગટ કરી. 'સ્ત્રીજીવન', 'પથિક'માં મારા લેખો પ્રગટ થતા રહ્યા. નવચેતનના તંત્રી ચાંપશીભાઈ તો દિવાળી અંકમાં મારો લેખ બે રંગમાં ઉઘડતે પાને જ છાપતા.

લોકવારતા સંશોધન લેખનનો યશ આકાશવાણી, અમદાવાદને ફાળે જાય છે. સને ૧૯૬૪માં સાગરભાઈ મિસ્ત્રી સ્ટેશન ડિરેક્ટર હતા. એ વખતે સરહદી વિસ્તારના ભાઈઓ માટે શૌર્યરસથી છલકાતો

'જનજાગે' નામનો કાર્યક્રમ શરૂ થયેલો. 'પથિક'ના તંત્રી માનસંગજી બારડની ભલામણથી સાગરભાઈ મિસ્ત્રીએ મને આ કાર્યક્રમમાં શૌર્યભરી લોકવારતા રજૂ કરવા નિમંત્રણ આપ્યું. નોટોમાં ટપકાવેલી નોંધો, ટાંચણો અને પ્રસંગો તો પડ્યા જ હતા. મેઘાણીભાઈની વારતાઓનો કેફ તો ચડેલો જ હતો. વર્ષ દરમ્યાન ૧૮-૨૦ જેટલી લોકવારતાઓ તૈયાર થઈ. મારા મિત્ર (વેવાઈ પછીથી થયેલા) ખોડીદાસભાઈ પરમારે પ્રત્યેક વારતાના લોકશૈલીના મનોહર ચિત્રો અને આવરણનું કલાપૂર્ણ ચિત્ર તૈયાર કરી આપ્યું. વિવેકાનંદ ટ્રસ્ટના મે. ટ્રસ્ટી અને અમારા ભાલ પ્રદેશના વતની શ્રી મણીશંકર પંડ્યાએ ૧૯૬૮માં 'મરદ કસૂંબલ રંગ ચડે' નામથી સંગ્રહ પ્રગટ કર્યો. યોગાનું યોગ પૂ. મોટાનો અમૃત મહોત્સવ ઉજવાતો હતો. મંગળદાસ ટાઉનહોલમાં પૂ. મોટાની ઉપસ્થતિમાં ચિત્રકાર રવિશંકર રાવળના હસ્તે એનું ઉદ્‌ઘાટન થયું. (એ કાળે પુસ્તકોના ઉદ્‌ઘાટનો કરવાની પ્રથા જાણીતી નહોતી. લોકાર્પણ શબ્દ પાછળથી આવ્યો.) પૂ. મોટાએ આશીર્વાદ આપ્યા. અહીંથી મારો લોકસાહિત્ય સંશોધન યાત્રાનો સાચો આરંભ થયો.

રંગેરૂપે સોહામણા અને લોકશૈલીના ચિત્રોથી રૂપકડા બનેલા 'મરદ કસૂંબલ રંગ ચડે'ને અપૂર્વ આવકાર મળ્યો દૈનિકોએ અવલોકન દ્વારા એને વધાવ્યું. જય ભિખ્ખુ સાહેબનું ધ્યાન ગયું: એમણે એમના દીકરાને કહ્યું: 'કુમાર! કુમાર એક તેજસ્વી યુવાનનો લોકવારતા સંગ્રહ પ્રગટ થયો છે. મને મેળવી આપ.' એ પછી સંદેશમાં મારી લોકવારતા શ્રેણી શરૂ થઈ. 'ગુજરાત સમાચારે' વાસુદેવ મહેતાની ભલામણથી મારી પાસે ગામડાનાં જીવન પાત્રો, ગોરમહારાજ, વાળંદ, બકાલી વગેરે પર રેખા ચિત્રો લેખાવ્યાં. એમાંથી 'આપણા કસબીઓ' પુસ્તક શ્રી સોમાલાલ શાહના રંગીન ચિત્રો સાથે ત્રણ રંગમાં છપાયું. એને નવી દિલ્હીની સંસ્થા, એન. સી.ઈ.આર.ટી. (નેશનલ કમિટી ફૉર ઍજ્યુકેશન, રિસર્ચ ટ્રેનીંગ સેન્ટર) તરફથી રૂા. ૧૦૦૦નું પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું. (એ વખતે ૧૦૦૦ રૂા.ની કિંમત આજના ૫૦, ૦૦૦ જેટલી હતી.)

(ક્રમશ:)

('સજ્જન સ્મૃતિ', ૨, પ્રોફેસર્સ કૉલોની, વિજય ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૯. મો.: ૯૮૨૪૦૨૮૩૨૬)

*// ચિંતન //*

## હાર્વર્ડ યુનિવર્સિટીનાં દસ આચરણસૂત્રો

- બધા માણસો વિચારપૂર્વક જ વર્તે છે એવું નથી. તેઓ જે કંઈ કરે છે તે યોગ્ય જ હોય છે એવું પણ નથી. મોટાભાગના માણસો માત્ર પોતાનો જ વિચાર કરીને ચાલતા ને વર્તતા હોય છે.
  તેમ છતાં તેમની તરફ સદ્‌ભાવના રાખો, તેમની સાથે પ્રેમથી વ્યવહાર કરો.
- તમે કંઈ સારું કરશો તો લોકો કહેશે કે આમ કરવા પાછળ અંદરખાનેથી તમારો હેતુ સ્વાર્થી છે.
  તેમ છતાં સારું કરવાનું, ભલાઈને માર્ગે ચાલવાનું, ચાલુ રાખો.
- જો તમે તમારા કાર્યમાં સફળ થશો તો તમને નકામા મિત્રો મળી આવશે.
  તેમ છતાં એમની અસરમાં ન આવતાં સફળતા માટે કામ કરતા રહો.
- તમે આજે જે કંઈ સારું કરશો, ભલાઈનું કામ કરશો તે કાલે ભુલાઈ જશે.
  તેમ છતાં સારું કરતા રહેવાનું, ભલાઈ કરતા રહેવાનું ચાલુ રાખો.
- તમે પ્રામાણિકપણે વર્તશો, નિખાલસતાથી વાત કરશો તો તમે વિવાદમાં સપડાવાના અને તમારી ટીકાઓ પણ થવાની.
  તેમ છતાં પ્રામાણિકતા છોડશો નહિ. નિખાલશ રહેજો.
- ઉચ્ચ વિચારો ધરાવનાર મોટામાં મોટા માણસને પણ એક સંકુચિત વિચાર ધરાવનાર તોડી પાડે એવું બની શકે.
  તેમ છતાં ઉચ્ચ વિચારોને વળગી રહેજો, દૃષ્ટિ વિશાળ રાખજો.
- ગરીબ અને કમનસીબ તરફ બધા દયાભાવ બતાવે છે એ ખરું, પરંતુ આવા માણસોય તવંગર અને નસીબદારને જ અનુસરે છે.
  તેમ છતાં ગરીબ અને કમનસીબ માટે લડવાનું ચાલું રાખો.
- જે ઈમારત ઊભી કરતાં તમને વરસો ગયાં હોય તે રાતોરાત ધરાશયી થઈ જાય એવું બને.
  તેમ છતાં ઈમારત ખડી કરવાનું ચાલુ રાખશો.
- લોકોને ખરેખર મદદ જોઈતી હોય છે. તમે તેમને મદદ કરો ને તેઓ તમારો પાડ માનવાને બદલે તમારી પર હુમલો કરે એવું પણ બને.
  તેમ છતાં લોકોને મદદ કરવામાં પાછા પડશો નહીં.
- તમારી પાસે જે શ્રેષ્ઠ છે તે દુનિયાને આપો. બદલામાં તમને કદાચ લાતો મળશે.
  તેમ છતાં દુનિયાને તમારી પાસે જે શ્રેષ્ઠ છે તે આપી છૂટો.

('અમી સ્પંદન'માંથી)

# 'સુન્દરી સુબોધ' : સદી પૂર્વેની ગુજરાતી મહિલાઓનો અવાજ

મોસમ ત્રિવેદી

એકવીસમી સદીમાં સ્ત્રીઓના પ્રશ્નો વિષે સ્ત્રીઓ અને પુરુષો બંને ચર્ચા કરતા થયા છે. વર્તમાનપત્રો, સામયિકો, રિસર્ચ જરનલ અને ટી.વી., રેડિયો, ઈન્ટરનેટ જેવા ઈલેક્ટ્રોનિક મીડિયાનું યોગદાન રહ્યું છે. આ સાધનોની ઉપલબ્ધતાને કારણે સ્ત્રીઓ પોતાનો મત રજૂ કરતી થઈ છે. આજની સ્ત્રી જુદા જુદા ક્ષેત્રમાં પોતાની કારકિર્દી ઘડીને આગળ આવી છે. તો બીજી બાજુ કેળવણી, ડ્રોપ આઉટ, કૂપોષણ, સ્ત્રીભ્રૂણ હત્યા, ઘરેલું હિંસા, દહેજ જેવા પ્રશ્નોની મુક્ત ચર્ચા કરતી થઈ છે. આ પ્રશ્નોને દૂર કરવા કાયદાકીય જોગવાઈની માંગણી કરતી પણ બની છે. સ્ત્રીઓમાં આવેલો આ આત્મવિશ્વાસ આજનો નહિ, પરંતુ સદી પૂર્વે પણ ગુજરાતની બહેનોના પોતાના આગવા અભિપ્રાયોમાં પ્રગટ થતો હતો. આ અભિપ્રાયો એ સમયે પ્રકાશિત થતા સ્ત્રીલક્ષી સામયિકો જેવા કે, સ્ત્રીબોધ, સુન્દરી સુબોધ, સ્ત્રીહિતોપદેશ અને ગુણસુંદરીમાં પ્રગટ થતા હતા. ઈ.સ.૧૮૫૭માં 'સ્ત્રી બોધ' નામનું ગુજરાતી સામયિક બહેનો માટે શરૂ થયું હતું. આ સામયિક મુંબઈનાં પારસી કેખુશરૂ કાબરાજી દ્વારા શરૂ થયું હતું. જેમાં સ્ત્રીઓ વિષયક લેખ પ્રગટ કરવામાં આવતા. વીસમી સદીની શરૂઆતમાં આવું જ એક સામયિક 'સુન્દરી સુબોધ' ગુજરાતમાં પ્રારંભાયું.

## 'સુન્દરી સુબોધ' : પરિચય

ઈ.સ.૧૯૦૪માં ગુજરાતમાં 'બન્ધુ સમાજ' દ્વારા 'સુન્દરી સુબોધ' નામનું મહિલાઓ માટેનું સામયિક અમદાવાદથી પ્રકાશિત થવાની શરૂઆત થઈ. આ સામયિકના પ્રકાશક અને તંત્રી રામમોહનરાય જસવંતરાય હતા. 'સુન્દરી સુબોધ' શીર્ષક નીચે પ્રસિદ્ધ સંસ્કૃત વાક્ય 'यत्र नार्यस्तु पुज्यन्ते रमन्ते तत्र देवताः।' લખવામાં આવતું હતું. આ સામયિક શરૂઆતમાં ચોવીસ પાનાનું પ્રગટ કરવામાં આવ્યું હતું. જેની વાર્ષિક કિંમત ૩ રૂપિયા ૮ પૈસા હતી.

'સુન્દરી સુબોધ' માસિકના પ્રથમ પૃષ્ઠ ઉપર સ્ત્રી ઉન્નતિ માટેના પ્રણેતા અને સાક્ષર ગોવર્ધનભાઈ ત્રિપાઠીના વિચારો વર્ષો સુધી અંકિત થતાં. જેમકે ''સ્ત્રીઓ પંડિત થાય, કુટુંબપોષક થાય, સ્વસ્થ થાય, શરીરે બળવત્તી, રોગહીન અને સુન્દર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુમ્બ બન્ધનમાંથી તેઓ મુક્ત સ્વતંત્ર થાય ને તે મુક્તતાથી અને સ્વતંત્રતાથી કુટુમ્બની મુર્ખ ઈચ્છાઓ અને કલેષોમાંથી છૂટી એ કુટુમ્બનાં ખરાં કલ્યાણ કરવા શક્તિમત્તિ અને ઉત્સાહિત બને. કુટુમ્બના બાળક વર્ગને પોષણ અને શક્તિ આપે અને વૃદ્ધ વર્ગોની કલ્યાણવાસનાઓ તૃપ્ત કરે''.

આ સામયિકમાં કાવ્યકુંજ, વાર્તાલહરી, વિવિધ વિહાર, ફૂલવાડી, સમાજ-સાહિત્ય-વિજ્ઞાન, વર્તમાનરંગ, સમયતરંગ જેવા જુદા-જુદા વિભાગો હતા. દરેક વિભાગમાં પ્રકાશિત લેખોમાં સ્ત્રીજીવન કેન્દ્રસ્થાને હતું. ગુજરાતની અનેક જાણીતી સ્ત્રીઓ જેવી કે શારદાબહેન મહેતા, વિદ્યાગૌરી નીલકંઠ, કૃષ્ણાગૌરી રાવળ જેવી બહેનો આ સામયિકમાં નિયમિત લખતી. આ સામયિક એટલું પ્રિય થઈ પડ્યું કે ગુજરાતના શહેરો ઉપરાંત ગ્રામીણ વિસ્તારમાં આવેલ પુસ્તકાલય અને કન્યાશાળાઓમાં તેના અંકો મંગાવવામાં આવતા. જેમાં સુરત, અમદાવાદ, મુંબઈ, વડોદરા, જામનગર, જૂનાગઢ, અકોલા, કરાંચી, કાનપુર, ઝાંઝીબાર, કલકત્તા, રંગૂન જેવા શહેરોમાં અને સોજિત્રા, નડિયાદ, તલાજા, માતર, ગોઝારીયા, પેથાપુર, બારેજા, ચરાડા, વાલોડ, સાથલા, કંપાલા જેવા ગ્રામીણ વિસ્તારોમાંથી પણ તેના વાંચકો હતાં. આમ, છતાં આ સામયિકની લોકપ્રિયતા વધારવા માટે તેના તંત્રીશ્રીએ સામયિકને સચિત્ર બનાવવાનો નિર્ણય કર્યો હતો. જેમાં ગુજરાતની પહેલી ગુજરાતી ગ્રેજ્યુએટ બહેનો શારદાબહેન મહેતા અને વિદ્યાગૌરી નીલકંઠ, એક ગુજરાતી ગ્રંથકાર સૌ. સુમતી બહેન, લેડી સૂલોચના ચીનુભાઈ વનિતા વિશ્રામની સન્નારીઓ, તો, વડોદરાનાં મહારાણી ચિમનાબાઈ સાહેબ અને વડોદરાનાં રાજકુમારી ઈંદિરા રાજા સાહેબ જેવી ગુજરાતની જાણીતી સ્ત્રીઓ અને સંસ્થાઓના ચિત્રો પ્રકાશિત થતા. વિદેશનાં મહારાણી તેમજ રાજાઓના ચિત્રો પણ પ્રકાશિત થતા. જેમકે મહારાણી વિક્ટોરિયા, એલેકઝેન્ડ્રા શહેનશાહબાનુ તથા બાદશાહી કુટુંબના ચિત્રો, સેવા કાર્યમાં જોડાયેલ સિસ્ટર નિવેદિતા જેવી સ્ત્રીઓની તસ્વીરો પ્રકાશિત થતાં હતાં.

**સ્ત્રીઓ અને કેળવણી :**

સુન્દરી સુબોધમાં પ્રકાશિત થતા લેખોનું વિષયવસ્તુ સ્ત્રીજીવન સાથે જોડાયેલ પ્રશ્નોનું હતું. તેથી જ 'સુન્દરી સુબોધ'ના પ્રકાશન વખતે તેનો જે હેતુ દર્શાવવામાં આવ્યો તેમાં પણ સ્ત્રીકેળવણી પર ભાર મૂકવામાં આવ્યો હતો. ગુજરાતી સમાજમાં સ્ત્રીઓની કેળવણી માટે તે સહાયક બન્યું હતું. સુન્દરી સુબોધના પ્રથમ અંકમાં પ્રકાશિત થયેલ આ હેતુ જોઈએ તો, "આપણા પ્રાન્તમાં સ્ત્રી વર્ગના પ્રમાણમાં ભણેલી સ્ત્રીઓની સંખ્યા ઘણી જ જૂજ છે. અને જ્યાં ભણાવવામાં આવે છે ત્યાં કેળવાયેલી બાળાઓની કેળવણી સાધારણ, અધૂરી અને કેટલીક બાબતમાં બિનજરૂરિયાતની છે. સ્ત્રી કેળવણીની ન્યૂનતા તરફ આપણા અનેક વિચારકો અને વિદ્વાનોનું ધ્યાન ખેંચાયું છે. અને તે દૂર કરવા તેઓએ ભાષણઓ, પુસ્તકો, છૂટક લખાણો વિગેરે દ્વારા કંઈક વખાણવા લાયક પ્રયત્નો કર્યા છે. અને હજી પણ કર્યે જાય છે, કેટલાક માસિક અને અઠવાડિક પત્રકારોએ પણ એ કામ ઉપાડી લઈ કોઈક વખતે વિષય સંબંધી જ્ઞાન આપવા માંડ્યું છે. પરંતુ એમ પ્રસંગોપાત છૂટક છૂટક કરેલા પ્રયાસો કરતા માત્ર સ્ત્રી કેળવણી તરફ જ અનન્ય લક્ષ રાખી ખાસ સ્ત્રીઓ માટે પ્રકટ થતા માસિક પત્રોની હાલમાં ઘણી જ આવશ્યકતા છે." (સુન્દરી સુબોધ, પૃ.૧, અંક-૧, પૃ.૫)

સ્ત્રી કેળવણીના ઉદ્દેશ્યની સાથે સાથે સ્ત્રીઓની કેળવણી સાથે જોડાયેલ પ્રશ્નો, અધવચ્ચે ભણવાનું છોડવાની સમસ્યા, કેવા પ્રકારની કેળવણી આપવી વગેરે જેવા વિષયો પર લેખો પ્રગટ થતા હતા. જાન્યુઆરી-ફેબ્રુઆરી ૧૯૧૪ના પ્રકાશિત થયેલ એક લેખમાં ભારતમાં સ્ત્રીઓની શૈક્ષણિક સ્થિતિ વિશે જણાવવામાં આવ્યું હતું. તે મુજબ ઇ.સ.૧૯૧૧ના વસ્તીપત્રક પ્રમાણે હિન્દની કુલ વસ્તી ૩૧ કરોડ હતી. જેમાં લગભગ અડધી સંખ્યા સ્ત્રીઓની હતી. જેમાં લખી વાંચી શક્તા હોય તેવા પુરુષોની સંખ્યા ૧,૬૯,૩૮,૦૦૦ અને સ્ત્રીઓની સંખ્યા માત્ર ૧૬ લાખ હતી.

બીજી એક ગણતરી પ્રમાણે પાંચથી પંદર વર્ષ વચ્ચેની છોકરીઓની સંખ્યા સાડા ત્રણ કરોડ જેટલી છે. જેમાંથી માત્ર પાંચ લાખ જેટલી જ છોકરીઓ નિશાળ કે સ્કૂલમાં જતી હતી. આ ઉંમરમાં દર હજારે છોકરીઓનું શિક્ષણનું પ્રમાણ જોઈએ તો સંયુક્ત પ્રાંતમાં-૧૨, મુંબઈમાં ૫૯ હતું. પરંતુ બ્રિટિશ હિંદ કરતાં કેટલાક દેશી રાજ્યોમાં છોકરીઓનું શાળામાં જવાનું પ્રમાણ વધારે સારું હતું. વડોદરા રાજ્યમાં દર હજારે ૯૦ અને ત્રાવણકોર સંસ્થાનમાં દર હજારે ૧૩૦ કરતાં વધારે છોકરીઓ શાળામાં જતી હતી.

ડિસેમ્બર-જાન્યુઆરી ૧૯૧૧-૧૨માં સુન્દરી સુબોધના ૧૦૦ અંક પૂરા થતાં સ્ત્રી લેખિકાઓ દ્વારા વિશેષ અંક પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. જેમાં સ્ત્રીઓને કેવા પ્રકારની કેળવણી આપવી જોઈએ? તે વિશે વિદ્યાગૌરી નીલકંઠે પોતાના વિચારો રજૂ કરતો લેખ લખ્યો હતો. તેમણે સ્ત્રીઓને પુરુષના જેવું જ શિક્ષણ આપવાની હિમાયત કરી હતી. તેમના મત મુજબ "સ્ત્રી તથા પુરુષના માનસિક બંધારણમાં એવો કોઈ ફેર નથી કે તે બંનેને માટે તદ્દન જુદા શિક્ષણની જરૂર હોય. સ્ત્રી તથા પુરુષ બંને એક જ પ્રકારની માનસિક કેળવણી લેવાને સરજાયેલાં છે. તેમનામાં કેળવણીનાં મુખ્ય માનસિક સાધન ભિન્ન નથી. તેમ બંનેના હેતુ પણ બુદ્ધિની ખીલવણી અને નીતિનું સંવર્ધન એમ એક જ પ્રકારનો છે. એટલું ખરું છે બુદ્ધિની ખીલવણી અને નીતિનું સંવર્ધન એ વાપરવાના કર્તવ્યક્ષેત્ર જગતના વ્યવહારમાં તેમના માટે જુદાં પડી જાય છે."

સમય જતાં ગુજરાતી સમાજમાં સ્ત્રીઓની કેળવણી તરફ હકારાત્મક અભિગમ કેળવાયો. આ સમયે સ્ત્રીઓને કેળવણી આપવી જોઈએ કે નહિ એ પ્રશ્ન ગૌણ બન્યો. પરંતુ 'સ્ત્રી કેળવણી કેવી હોવી જોઈએ?' એ પ્રશ્ન મહત્ત્વનો બન્યો. આ વિષય પર છોટાલાલ દલપતરામ કવિએ પોતાના વિચારો 'સુન્દરી સુબોધ' સામયિકના એક લેખ દ્વારા રજૂ કરે છે. આ પ્રશ્નને તેમના જ શબ્દોમાં કહીએ તો "દેશની ઉન્નતિનો આધાર કેળવણી છે પુરુષ એકલા હાથે કાંઈ કરી શકતો નથી માટે પુરુષ જેટલી જ સ્ત્રીઓને પણ કેળવણીની જરૂર રહેલી છે. તો સાથે સાથે જણાવે છે કે સ્ત્રી કેળવણીનું મહત્ત્વ વધતાં હવે દીકરીનું વેવિશાળ કરતી વખતે રૂપ અને કુળ જોવાતાં હતાં અને હવે દીકરી કેટલું ભણી છે, તે પણ જોવાય છે. હવે સ્ત્રીકેળવણીના વિરુદ્ધનો મત રહ્યો નથી. પણ સ્ત્રી કેળવણી કેવી હોવી જોઈએ ? સ્ત્રીઓને તથા પુરુષોને સાથે કેળવણી આપવી કે જુદી-જુદી શાળાઓમાં આપવી તેમનો અભ્યાસક્રમ કેવો રાખવો તે વિષયો પર વિદ્વાનો દ્વારા ચર્ચા થઈ રહેલ છે." (ફેબ્રુઆરી, ૧૯૧૮, પૃ-૨૯,૩૧)

વિશ્વના અન્ય દેશો ચીન, જાપાન, ઇંગ્લેન્ડ વગેરેમાં સ્ત્રીઓને અપાતી કેળવણી વિષયક બાબતો પર ચર્ચા થતી. સ્ત્રીઓની અધૂરી કેળવણી પાછળ રહેલ જવાબદાર પરિબળોની રજૂઆત કરવામાં આવતી તો કેળવાયેલી સ્ત્રીઓથી થતા લાભ રજૂ કરવામાં આવતા. આમ, સમાજમાં સ્ત્રી કેળવણી તરફેણનો અભિગમ કેળવવામાં પ્રત્યક્ષ રીતે સહાયભૂત બન્યું.

**સ્ત્રીઓ અને સ્વાસ્થ્ય :**

આજના આધુનિક જમાનામાં પણ કુટુંબના સ્વાસ્થ્યની જવાબદારી મોટેભાગે ઘરની સ્ત્રીઓ પર છે. ૨૦મી સદીની શરૂઆતમાં સ્ત્રીઓ પોતાના અને કુટુંબના સ્વાસ્થ્ય માટે સભાન થાય તે હેતુથી 'સુન્દરી સુબોધ' સામયિકમાં બાળરોગ, સ્ત્રીરોગ તથા અન્ય રોગો વિશે પણ માહિતી આપવામાં આવતી હતી. જેમકે, સગર્ભાવસ્થા દરમ્યાન રાખવી જોઇતી સાવચેતી, નવજાત બાળકની સંભાળ, બાળકના જન્મ બાદ માતા અને બાળ સંભાળ વિષયક બાબતોનું ઝીણવટભર્યું માર્ગદર્શન આપવામાં આવતું હતું.

રોગોના માર્ગદર્શનની સાથે-સાથે સ્ત્રીઓના સ્વાસ્થ્ય સાથે જોડાયેલા પ્રશ્નો જેવા કે બાળલગ્ન અને સ્ત્રીમરણ પ્રમાણ અને બાળકોના મરણનું પ્રમાણ વિશે આધારભૂત માહિતી આપતા લેખ પ્રકાશિત થતા હતા. આજે પણ જ્યારે સરકારે નિયત કરેલ વય ૧૮ વર્ષ કરતાં પહેલાં છોકરીઓને પરણાવી દેવામાં આવે છે, ત્યારે આજથી સો વર્ષ પહેલાં ભારતમાં સ્ત્રીઓને નાની ઉંમરે પરણાવી દેવાનું સહજ હતું. આવા સમયે 'હિંદમાં બાળલગ્ન' એ શીર્ષક હેઠળ આ પ્રશ્ન વિશે જાગૃતિ લાવવા માટેના લેખમાં બાળલગ્ન વિષયક આંકડા પ્રકાશિત થયા હતા. જે મુજબ

**સ્ત્રીઓ**

| ઉંમર | ૧૯૮૧ | ૧૮૯૧ | ૧૯૦૧ | ૧૯૧૧ |
|---|---|---|---|---|
| ૦-૫ | ૭૫ | ૧૩ | ૧૩ | ૧૪ |
| ૫-૧૦ | | | ૧૦૨ | ૧૦૫ |
| ૧૦-૧૫ | ૫૦૦ | | ૪૨૩ | ૪૩૦ |

પ્રત્યેક (૧૦૦૦)

અત્રે રજૂ કરેલી આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ સમજાય છે કે આજથી સો વર્ષ પહેલાં ૧૫ વર્ષની ઉંમર સુધીમાં ૫૦ ટકાથી વધુ છોકરીઓનાં લગ્ન થઇ જતાં હતાં. ત્યારે તેમના સ્વાસ્થ્યનો પ્રશ્ન એટલો જ ગંભીર રહેતો હતો. લગ્ન જ જ્યારે નાની ઉંમરે થતા હોય ત્યારે બાળ મૃત્યુનું પ્રમાણ ઊંચું રહેવાની શક્યતા વધી જાય છે. બાળ મરણના ઊંચા પ્રમાણના અન્ય કારણો જેવા કે અંધારી ને બંધ ઓરડીમાં સુવાવડ, ગંદકી, સુવાવડમાં છોકરાની સંભાળની ખામી વગેરે જેવા કારણો સ્પષ્ટ કરીને તેમાં રાખવી જોઇતી તકેદારીઓ વિશે પણ જણાવવામાં આવ્યું.

બાળકોની સાથે સાથે 'હિંદુ સ્ત્રીઓના મરણનું મોટું પ્રમાણ' શીર્ષક હેઠળના લેખમાં તેના કારણો વિશેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જેમાં નાની છોકરીઓ તરફ દુર્લક્ષ, બાળલગ્ન અને અકાળે ગર્ભધારણ, અણકસબી દાયણો, ગર્ભપાત, સ્ત્રીઓનું ઘરમાં ગોંધાઇ રહેવું અને અપૂરતો ખોરાક હિંદુ વિધવાઓની દુર્દશા, અતિશય મજૂરી વગેરે કારણો હતા. આ કારણોના મૂળમાં સ્ત્રીઓ સાથે જોડાયેલ સામાજિક પ્રશ્નો જેવા કે કન્યા જન્મ પ્રત્યે નિરુત્સાહ, બાળલગ્ન, વૈધવ્ય જીવન સાથે જોડાયેલી સમસ્યા તથા સ્ત્રીઓના સ્વાસ્થ્ય પ્રત્યેની બેદરકારી સ્પષ્ટરૂપે રજૂ કરવામાં આવી હતી.

વર્તમાન સમયમાં જ્યારે સ્ત્રી-પુરુષ અસમાનતાના પ્રશ્નોની વર્તમાનપત્ર કે સામયિકમાં જ્યારે ચર્ચા કરવામાં આવે છે ત્યારે આ અસમાન પ્રમાણ વિશેની ચર્ચા ભારત કે ગુજરાત માટે આ વિષય વર્તમાન સમયનો નહિ પરંતુ ઐતિહાસિક સામાજિક પ્રશ્ન બની રહ્યો ગણાય. કારણકે સ્ત્રીઓના ઊંચા મૃત્યુ પ્રમાણના કારણોની ચર્ચા કરવામાં આવી હતી. તે મુજબ તમામ ન્યાતોમાં છોકરાના જન્મની ઇચ્છા રાખવામાં આવે છે. કન્યા જન્મ કોઇને પસંદ પડતો નથી. પુત્ર જન્મે છે ત્યારે સાકરો વહેંચાય છે, છોકરી જન્મે છે ત્યારે છોકરીને પથરો કહેવામાં આવે છે. વળી, છોકરાં કરતાં છોકરી તરફ ઓછું લક્ષ્ય આપવામાં આવે છે, ત્યારે પૂરતી કાળજીના અભાવે મૃત્યુ થવાની શક્યતા વધી જાય છે.

કણબી, વાણીઆ વગેરે જ્ઞાતિઓમાં કન્યાઓની સંખ્યા એટલી ઓછી હતી કે કાઠિયાવાડમાંથી તેમની ન્યાતના લોકોને લગ્ન કરવા માટે સ્ત્રીઓ લઇને આવે છે તો ક્યારેક આ કન્યા વિધવા કે કુંભાર, વાઘરી એવી

નીચી જ્ઞાતિમાંથી આવતી તો તેમને નાતમાંથી કાઢી મૂકવામાં આવે છે. જો કે જ્ઞાતિવાળાને મોટો દંડ આપીને તેમને જ્ઞાતિમાં પાછા પણ લેવામાં આવતા.

વર્તમાન સમયના વસ્તી ગણતરીના આંકડા મુજબ ગ્રામીણ વિસ્તારોમાં શહેરી વિસ્તારો કરતાં સ્ત્રી પુરુષના અસમાન પ્રમાણમાં સારી સ્થિતિ ધરાવે છે. ત્યારે સો વર્ષ પહેલાં પણ ગામડા કરતાં કસ્બાઓમાં સ્ત્રીઓની સંખ્યાનું પ્રમાણ ઓછું હતું. એટલે કે વડોદરા રાજ્યના વસ્તીપત્રક મુજબ વડોદરા શહેરમાં જ સ્ત્રીઓનું પ્રમાણ સૌથી ઓછું હતું. (વર્ષ ૯, જુલાઇ-૧૯૯૨, પૃ.૪૧૩-૪૧૪)

૧૯૧૧માં ભારતના વસ્તી ગણતરીના આંકડા પરથી કેશવપ્રસાદ છોટાલાલ દેસાઇએ ‘સ્ત્રીઓની અછત સંબંધી કાંઇક આંકડા’ શીર્ષક નીચે વાસ્તવિક તથ્યો પર પ્રકાશ પાડતો ગંભીર લેખ લખ્યો હતા. ૧૯૧૧ વસ્તીપત્રક મુજબ હિન્દુસ્તાનમાં પ્રત્યેક ૧૦૦૦ પુરુષે ૯૫૪ સ્ત્રીઓ હતી. આ માટે જવાબદાર કારણોમાં જન્મતાની સાથે દૂધ પીતી કરવાનો ચાલ, બાળકીની સંભાળનો અભાવ, બાળલગ્નને કારણે નાની ઉંમરમાં સુવાવડ તથા કેળવાયેલી દાયણોનો અભાવ વગેરે હતા. (સપ્ટેમ્બર ૧૯૧૪, પૃષ્ઠ ૪૧, અંક ૧૨)

**સ્ત્રીઓ અને સાહિત્ય :**

સુન્દરી સુબોધના દરેક અંકમાં ગદ્ય અને પદ્ય એમ બંને પ્રકારનું સાહિત્ય પ્રકાશિત થતું. જેમાં તેના વાંચકો પણ પોતાની કવિતા અને વાર્તા કે લેખોનું સર્જન કરીને પ્રકાશિત કરવા મોકલતા હતા. જેમાં ઘણી બહેનો પોતાની કવિતાઓ કે લેખો લખતી હતી. આવી કેટલીક બહેનોના નામ જોઇએ તો સૌ. પ્રમિલા, સૌ.વિરમતી પંડ્યા, સૌ. વિદ્યાગૌરી નીલકંઠ, સૌ. શારદાગૌરી મહેતા વગેરે ઉપરાંત અનેક બહેનો નિયમિત લખતી. જો કે અહીં પ્રકાશિત થતા લેખો કે વાર્તાના વિષયો મોટેભાગે સ્ત્રીઓના જીવનની આસપાસના કે કુટુંબલક્ષી રહેતા.

કવિતાના વિષયો કુદરત, પ્રેમ, ઇશ્વર, કેળવણી, સંબંધિત રહેતા. આ સમયે સ્ત્રીઓની કેળવણી સંબંધિત કાવ્યો અને ગીતો પ્રકાશિત થતાં હતાં. આવા જ એક કાવ્યમાં એક સાસુ દ્વારા તેની પુત્રવધૂને પરીક્ષામાં ઉત્તીર્ણ થવા બદલ અભિનંદન પાઠવે છે. જેમાં તે ભણવાથી થતા લાભની વાત કરે છે. આવું જ એક અન્ય કેળવણી સંબંધિત ગીત ચંપાવતી બહેન દ્વારા પ્રગટ કરેલ જેમાં સ્ત્રી કેળવણીની દશા રજૂ કરતા તેના શબ્દો કંઇક આ મુજબના હતા,

*ભાવે ભણજો ભણતર ઓ ભણનારી રે,*
*નારી કેળવણી સુખકારી*
*રૂડી કેળવણી સદાચારી રે*
*રહે તોય અભણ બહુ નારી રે;*
*નહિ હોય કાં બુદ્ધિ નઠારી? - ભાવે ભણજો.*

આ સામયિકમાં એક બહેન દ્વારા પતિની આરતી પ્રગટ કરવામાં આવી. તેથી સામયિકના તંત્રી દ્વારા નોંધ લખવામાં આવી કે ‘‘જેમ એક ભગિની તરફથી ‘પતિની આરતી’ મળી છે. તેમ ‘પત્નીની આરતી’ પણ કોઇ બન્ધુ મોકલી આપશે તો તેને આ પત્રમાં ખાસ સત્કાર પાત્ર ગણવામાં આવશે.’’ તેના ઉત્તરરૂપે પત્નીવ્રતા પતિઓ દ્વારા છ જેટલી કવિતા મોકલવામાં આવી તેના શીર્ષક પત્નીદેવીની આરતી, ગૃહદેવીનું પૂજન, પ્રિયાની આરતી વગેરે હતા. આજે જ્યારે નારીવાદી અભિગમથી સ્ત્રીઓના પ્રશ્નો સમજવા માટેના સંશોધનોની પરંપરા શરૂ થઇ છે. અનેક નારીવાદી સાહિત્ય પણ ઉપલબ્ધ બન્યું છે ત્યારે સો વર્ષ પહેલાના સામયિક ‘સુન્દરી સુબોધ’ના કાવ્ય, ગીતો, લેખોમાં આ નારીવાદી વિચાર સ્પષ્ટ થતા હતા.

**સ્ત્રીઓ અને રાજકારણ :**

વર્તમાન સમયમાં સ્ત્રીઓને રાજકીય ક્ષેત્રે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૩૩ ટકા અનામત આપવામાં આવે છે. પરંતુ વીસમી સદીની મહિલાઓએ આરક્ષણના લાભ વિના રાજકીય ક્ષેત્રે પોતાનું યોગદાન આપ્યું હતું. સુન્દરી સુબોધ માસિકમાં રાજકીય ક્ષેત્રે સ્ત્રીઓના યોગદાન વિશે લેખ પ્રકાશિત કરવામાં આવતા. જમનાબહેન સક્કઇ (મુંબઇ), સિસ્ટર નિવેદિતા, એની બેસન્ટ, બરોડા રાજ્યનાં રાણી ચિમનાબાઇ સાહેબ, શારદાબહેન મહેતા, વિદ્યાગૌરી નીલકંઠનાં ભાષણો લેખ સ્વરૂપે પ્રકાશિત થતાં.

ભગિની સમાજના વાર્ષિક સંમેલનનાં પ્રમુખ તરીકે શારદાબહેન મહેતાનું ભાષણ અને મિસિસ જાઇજી જહાંગીર પીટિટનું ભાષણ શબ્દસહ પ્રકાશિત થયું હતું. આવા લેખોથી તે સમયની સ્ત્રીઓ રાજકીય પ્રવૃત્તિથી

માહિતગાર રહેતી. આમ રાજકીય રીતે પણ સ્ત્રીઓ પોતાનું યોગદાન આપતી એટલું જ નહિ પરંતુ જુદી જુદી રાજકીય સંસ્થાઓમાં જોડાઈને પોતાનું પ્રતિનિધિત્વ કરવાની પ્રેરણા મળી.

**સ્ત્રીઓ અને કલા :**

રસોઈકલા હોય કે ગૃહસુશોભન હોય બંને પરંપરાગત રીતે સ્ત્રીઓની ભૂમિકાના ભાગરૂપ છે. આજે જ્યારે ખોરાકમાં વૈવિધ્યતા આવી છે, અને ગૃહસુશોભન એ અભ્યાસનો વિષય બની ગયો છે. ત્યારે સુન્દરીનાં અંકમાં પરંપરાગત વાનગીની રીતો, સગર્ભાવસ્થા દરમ્યાન બહેનો માટેના પાકની આરોગ્યપ્રદ પદ્ધતિઓ પ્રકાશિત થતી હતી. ગૃહ સજાવટ અને વપરાશ માટેના ભરત, ગૂંથણ કે અંકોડીને લગતી રીતો પ્રકાશિત થતી હતી.

**સુન્દરી સુબોધમાં જાહેર ખબરો :**

વર્તમાન સમયમાં અખબાર અને ટેલિવિઝન જેવા મીડિયામાં જાહેરખબરો દ્વારા પ્રચાર કરીને નફો કરવાનું તો સામાન્ય બની ગયું છે. આ જાહેરખબરોમાં મોટાભાગે રોજબરોજના જીવનમાં ઉપયોગી ચીજવસ્તુઓની અથવા મનોરંજક કાર્યક્રમોની હોય છે. સુન્દરી સુબોધ માસિકમાં પણ એક સદી પૂર્વ જે જાહેર ખબરો પ્રકાશિત થતી તેમાં અબળા જીવન, હિસ્ટીરિયા પીલ્સ, બાલામૃત, ક્ષય રીપુ જેવી દવાઓની, કે.સી.બ્રધર્સનું એક વખત ચાવી આપો તો આઠ દિવસ ચાલે તેવું નીકલ ચાંદીના ઘડિયાળની, નાની છબી પરથી મોટી છબી બનાવતી કંપનીની જાહેરખબરો, સુન્દર મનોહર છબીઓ પાડતી કંપનીની જાહેરખબર પ્રકાશિત થતી. તો સાથે સાથે દુષ્કાળ ફંડ માટેની જાહેરખબર 'હૃદયભેદક અવાજો દૂર કરવા હિંદવાનો મદદ કરો!' શીર્ષક હેઠળ જાહરખબર આવતી. તો હિન્દુ અનાથાશ્રમના મકાન બનાવવા માટે નાણાં ભેગા કરવા માટે 'અઢીસો રૂપિયામાં અમર નામ' એમ સામાજિક સેવા કાર્યો માટેની જાહેર ખબરો પણ પ્રકાશિત થતી હતી. સૌથી વધારે જાહેરખબરો પુસ્તકોની રહેતી. જેમાં અંગ્રેજી, ગુજરાતી ડિક્ષનરી, દલપત સતસહી, ગુજરાતી શબ્દકોશ, સૂરજમહલની શેઠાણી, ગીતમાલા ભાગ-૧લો, પુસ્તકોની જાહેરખબરો પ્રકાશિત થતી. તો મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે પુસ્તકાલય જે આજે પણ અમદાવાદમાં કાર્યરત છે તેવા પુસ્તક વિક્રેતાની જાહેરખબર છપાતી હતી. જેમાં અરેબિયન નાઈટસ્, ઘેલી કુસુમ કિંવા સરસ્વતીચંદ્રનો ગૃહસ્થાનાશ્રમ, સતી ચરિત્ર સંગ્રહ, રાણક દેવી, વેદાન્ત, મનુસ્મૃતિ, નીતિના પુસ્તકો પુરાણ પુસ્તકો, વગેરે જેવા અનેક ધાર્મિક, ઐતિહાસિક પુસ્તકોની જાહેર ખબરો પ્રકાશિત થતી હતી.

આપણે આ લેખમાં 'સુંદરી સુબોધ' સામયિકની સામગ્રીની સમીક્ષા કરી. સામયિકના વિષયો જોતાં સમજાય છે કે ૨૦મી સદીની શરૂઆતમાં સ્ત્રીઓ સાથે જોડાયેલ સામાજિક પ્રશ્નો અંગેની જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરવામાં આવતો હતો. 'સુન્દરી સુબોધ' સામયિકમાં સ્ત્રીઓના કુટુંબ જીવન સાથે જોડાયેલા પ્રશ્નો જેમ કે કેળવણી, સ્ત્રીઓનું મરણપ્રમાણ, બાળમરણ કે જાતિ પ્રમાણ વગેરે જેવા વિષયો પર લખાતું હતું. અહીં માત્ર કેટલાક અંકોનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે. છતાં પણ લેખોના વિષયોમાં વૈવિધ્ય જોવા મળે છે. વર્તમાન સમયના સ્ત્રીલક્ષી સામયિકો બજાર કેન્દ્રી બની રહ્યા છે. સૌંદર્યલક્ષી જાહેરખબરોનું પ્રમાણ વધી રહ્યું છે. બીજી તરફ પરંપરાગત સ્ત્રીઓના સામાજિક પ્રશ્નો પૂરેપૂરા દૂર થઈ શક્યા નથી અને નવા પ્રશ્નો ઉપસ્થિત થઈ રહ્યા છે. આવા સમયે વર્તમાન સ્ત્રીલક્ષી સામયિકોમાં આવા ગંભીર મુદ્દાઓની ચર્ચા મર્યાદિત બનતી જાય છે. આ સંદર્ભમાં સુન્દરી સુબોધ આપણને ગુજરાતી મહિલાઓની જાગૃતિની યાદ અપાવી પ્રેરક બની શકે છે.

**સંદર્ભ :**


૧. સુન્દરી સુબોધ વર્ષ ૧૯૧૧-૧૨

૨. સુન્દરી સુબોધ વર્ષ ૧૯૧૪-૧૫

૩. સુન્દરી સુબોધ વર્ષ ૧૯૧૬-૧૭

૪. અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન – હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ ખંડ-૩ પૂર્વાર્ધ (સન ૧૯૦૮-૧૯૩૬)



(પીએચ.ડી.ની વિદ્યાર્થિની, સમાજશાસ્ત્ર વિભાગ,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ – ૩૮૦ ૦૦૯
મો.: ૯૪૨૮૦૪૮૭૫૦)

## સરદાર- નેહરુ મતભેદઃ સાચો ઈતિહાસ, સ્વાર્થી રાજકારણ

ઉર્વીશ કોઠારી

શું જવાહરલાલ નેહરુ સરદાર પટેલની અંતિમ યાત્રામાં હાજર રહ્યા ન હતા? આવો દાવો અને એ દાવાને સાચો ઠેરવવાના પ્રયાસો પછી, અંતે વિવાદનો છમકારો શમી ગયો છે. છતાં, આ વાતમાં જરાસરખું પણ તથ્ય હોવાની શંકા ધરાવતા લોકો ઇન્ટરનેટ પર સરદારની અંતિમ યાત્રાનાં દૃશ્યોની વીડિયો જોઇને જાતખાતરી કરી શકે છે. બ્રિટિશ પાથે કંપનીએ ઉતારેલી 'ફ્યુનરલ ઓફ સરદાર પટેલ' મથાળું ધરાવતી ન્યૂઝરીલમાં સરદારની અંતિમ ક્રિયામાં નેહરુની હાજરી એકથી વધુ વાર દેખાય છે. (http://www.britishpathe.com/video/funeral-of-sardar-patel)

નેહરુ અને સરદાર વચ્ચેના મતભેદ તથા તેને વટાવી ખાવાના કુટિરઉદ્યોગ-કમ-કુટિલઉદ્યોગ બહુ જૂનાં છે. આઝાદી પછી ફક્ત ત્રણ વર્ષમાં અવસાન પામેલા સરદાર પટેલને જવાહરલાલ નેહરુની આગેવાની હેઠળની કોંગ્રેસે ભૂલાવી દીધા. તેમના વિશે અનેક ગેરસમજણો પેદા થઇ. ત્યાર પછી રેઢા પડેલા સરદાર પટેલને ભાજપે અપનાવી લીધા. આઝાદીના આંદોલનમાં ભાગ લીધો હોય કે તેમાં નોંધપાત્ર પ્રદાન ધરાવતો હોય એવો કોઇ નેતા ભાજપ પાસે ન હતો. સરદાર પટેલને 'પોતાના' બનાવી દેવાથી ભાજપને બેવડો ફાયદો થયો : નેહરુ સાથે મતભેદ ધરાવતું અને જેના નામે નેહરુની આકરી ટીકા કરી શકાય એવું મજબૂત નામ મળ્યું. બીજો ફાયદો એ થયો કે ભાજપના લઘુમતીવિરોધી- મુસ્લિમવિરોધી રાજકારણમાં પણ સરદાર જેવા નેતાનો દુરુપયોગ શક્ય બન્યો.

કોંગ્રેસપ્રેરિત કે ડાબેરી વર્તુળોના રાજકારણમાં સરદાર પટેલની છબી ખોટી રીતે કોમવાદી નેતા તરીકેની હતી. ભાજપે સરદારને એ ખોટી છબી સાથે હોંશેહોંશે અપનાવી લીધા અને એ ખોટી છબી બરાબર ઘૂંટી આપી. આખી વાતમાં સરદારને બેવડું નુકસાન થયું : પહેલાં કોંગ્રેસે ઉપેક્ષા કરી અને પછી ભાજપે તેમને અપનાવીને કોમવાદી-હિંદુત્વવાદી તરીકે રજૂ કર્યા, જેવા એ ન હતા.

સરદાર અને તેમના કરતાં ૧૪ વર્ષ નાના જવાહરલાલ વચ્ચેના મતભેદોનો ઈતિહાસ લાંબો છે. તેમાં ઘણા નાટ્યાત્મક ચઢાવઉતાર છે અને સરવૈયું કાઢતાં આ મતભેદોમાં સરદાર મૂઠી ઊંચેરા સાબિત થાય છે, એ હકીકત છે. પરંતુ આ વાત કોઇ તટસ્થ અભ્યાસી કહે અને કોઇ ભાજપી રાજકારણી કહે, ત્યારે બન્ને વચ્ચેનો ફરક સમજવો રહ્યો.

વડાપ્રધાન તરીકે જવાહરલાલ નેહરુએ તો સી.રાજગોપાચારી સાથે સરદારની અંતિમ યાત્રામાં હાજરી આપી હતી, પરંતુ રાષ્ટ્રપતિના હોદ્દે રહેલા રાજેન્દ્રપ્રસાદે ત્યાં હાજર ન રહેવું જોઇએ, એવો નેહરુનો મત હતો. આ મુદ્દે નેહરુ અને રાજેન્દ્રપ્રસાદ વચ્ચે થોડું ઘર્ષણ પણ થયું. નવી લોકશાહીમાં કાયમી શિરસ્તા સ્થપાઇ રહ્યા હોય ત્યારે, રાષ્ટ્રપતિએ (રાજેન્દ્રપ્રસાદે) નાયબ વડાપ્રધાન (સરદાર)ની અંતિમ વિધિમાં હાજર રહેવાનો રિવાજ ન પાડવો જોઇએ, એવી નેહરુની દલીલ હતી. પ્રોટોકોલની રીતે એ ગમે તેટલી સાચી લાગે તો પણ, રાજેન્દ્રબાબુ સહિત બીજો કોઇ પણ નેતા એ કેવી રીતે માની લે કે સરદાર કેવળ 'નાયબ વડાપ્રધાન' જ હતા? કોંગ્રેસના સંગઠન પર સરદારની પકડ અને તેના આંતરિક રાજકારણમાં સરદારના એકચક્રી પ્રભાવ ઉપ રાંત, સરદાર એક જૂના, વરિષ્ઠ અને ગાંધીપ્રમાણિત સાથીદાર હતા, એ રાજેન્દ્રપ્રસાદ શી રીતે ભૂલી શકે? એટલે નેહરુની સલાહને અવગણીને તે ધરાર સરદારની અંતિમ વિધિમાં ઉપસ્થિત રહ્યા. એ સમયના અહેવાલો પ્રમાણે, મુંબઇના સોનાપુર સ્મશાનમાં સરદારને અગ્નિદાહ અપાયો ત્યારે એકઠા થયેલા લોકોને વડાપ્રધાન જવાહરલાલે નહીં, પણ રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદે સંબોધન કર્યું.

આઝાદી પહેલાંની કોંગ્રેસમાં સરદાર અને જવાહરલાલની રાજકીય કારકિર્દી લગભગ સમાંતરે શરૂ થઇ. નેતા બનતાં પહેલાં બન્ને જણ બેરિસ્ટર બનવા માટે પણ લગભગ એક જ સમયે લંડન ગયા હતા. ૩૫ વર્ષના વિધુર અને બે છોકરાંના પિતા વલ્લભભાઇ કાયદાના અભ્યાસની ચાર સંસ્થાઓમાંથી એક 'મિડલ ટેમ્પલ'માં દાખલ થયા, ત્યારે ૨૧ વર્ષના ઊર્મિશીલ અમીરજાદા અને વલ્લભભાઇ કરતાં ૧૪ વર્ષ મોટા, બેરિસ્ટર મોતીલાલ નેહરુના પુત્ર જવાહરલાલ 'ઇનર ટેમ્પલ'માં

ભણવા રહ્યા. કોંગ્રેસમાં બન્નેનો સિતારો લગભગ એક જ અરસામાં બુલંદ થયો. એકાદ દાયકા સુધી મુખ્યત્વે ક્ષેત્રીય સ્તરે જાણીતા રહેલા વલ્લભભાઇ ૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહ પછી રાષ્ટ્રિય નેતા બન્યા, તો પૂર્ણ સ્વરાજની ઘોષણા માટે વિખ્યાત કોંગ્રેસના ૧૯૨૯ના લાહોર અધિવેશનમાં જવાહરલાલ કોંગ્રેસપ્રમુખ બન્યા.

પ્રકૃતિ અને રાજકારણની દૃષ્ટિએ જવાહરલાલ અને સરદાર વચ્ચે પાયાનો ફરક હતો. બન્ને વચ્ચે લગભગ એક પેઢીનો -૧૪ વર્ષનો- તફાવત હતો એ પણ યાદ રાખવું પડે. જવાહરલાલ ભાવનશાળી અને સરદાર વાસ્તવવાદી. જવાહરલાલ ઝટ દોરવાઇ જાય એવા, સરદાર માણસને ઓળખવામાં પાવરધા. અભિપ્રાય માટે જવાહરલાલ હંમેશાં કોઇ ને કોઇ મજબૂત ટેકા તરફ ઢળતા હોય, જ્યારે સરદાર સ્વતંત્ર અને અડીખમ. કોઇને ટેકો આપી શકે એવા. જવાહરલાલ અત્યંત મોહક વ્યક્તિત્વ ધરાવતા, વાચાળ, સત્તાવાર લખાણો-ઠરાવોમાં ઘણી વાર શબ્દાળુ બની જનારા, જ્યારે સરદાર ધીરગંભીર, પ્રભાવશાળી અને આક્રમક વ્યક્તિત્વના સ્વામી, જરૂર પૂરતું બોલનારા-લખનારા અને ભાષાડંબર પ્રત્યે સખત ખીજ ધરાવનારા.

પરંતુ ગાંધીજીની એ કમાલ હતી કે પોતપોતાની રીતે શક્તિશાળી પણ એકબીજા સાથે પાટો ન બેસે એવા ફક્ત સરદાર-નેહરુ નહીં, બીજા અનેક નેતાઓને તે દેશના હિત ખાતર એક દોરે જોડી શક્યા અને તેમની સહિયારી શક્તિઓનો દેશને લાભ મળે એવો સફળ પ્રયાસ કર્યો. તેમના પ્રતાપે બધા મતભેદો સહિત ગાંધી સાથે સરદાર -નેહરુ મળીને 'ભારતની સ્વરાજત્રિપુટી' બની રહ્યા.

આઝાદીની આસપાસનાં વર્ષોમાં સરદાર અને નેહરુ વચ્ચે ગંભીર મતભેદના પ્રસંગ આવ્યા. એકથી વધુ વાર સરદારે હોદ્દો છોડી દેવાનો વિચાર કર્યો, પરંતુ ગાંધીજી તેમને એવું ન કરવા સમજાવી શક્યા. ગાંધીજીની હત્યા વખતે બન્ને નેતાઓ વચ્ચેના મતભેદ ચરમસીમા પર હતા, પરંતુ પોતાના આદરણીય ગુરુની હત્યાએ બન્નેને હચમચાવી નાખ્યા. ગાંધીજીની હત્યાના ચાર દિવસ પછી નેહરુએ સરદારને અત્યંત લાગણીસભર પત્ર લખ્યો. એ લાગણીનો પડઘો પાડતાં સરદારે જવાહરલાલને પત્રના અંતે લખ્યું,'આપણા મતભેદો જાહેરમાં કે ખાનગીમાં ગવાયા જ કરે, તે આપણે માટે ખરાબ છે, સરકારી નોકરિયાતો માટે ખરાબ છે અને દેશ માટે પણ ખરાબ છે. જેટલા વહેલા આપણે આ વાતને નિર્મૂળ કરી



નાખીએ અને ધૂંધળા વાતાવરણને સ્વચ્છ કરી નાખીએ, એટલું સારું.'

જવાહરલાલ નેહરુ અને વલ્લભભાઇ પટેલ ગાંધીજીને મળ્યા ત્યાર પહેલાં તેમના રસ્તા સાવ જુદા હતા. વલ્લભભાઇ બેરિસ્ટર તરીકે અમદાવાદની કોર્ટ ગજાવતા અને ધીકતી પ્રેક્ટિસથી રૂપિયાની ટંકશાળ પાડતા હતા. મોટા ભાઇ વિઠ્ઠલભાઇએ તેમની સાથે એવી સમજૂતી કરી હતી કે એ દેશસેવાના કામમાં જાય અને સાંસારિક જવાબદારીઓ નાના વલ્લભભાઇ ઉપાડે. આક્રમક વલ્લભભાઇને પ્રકૃતિગત રીતે પણ અરજી અને રજૂઆતોના રાજકારણમાં જવાની કશી હોંશ ઉપજે એમ ન હતું.

વલ્લભભાઇથી ૧૪ વર્ષ નાના જવાહરલાલને લોહીમાંથી મળ્યું હતું. તેમના પિતા મોતીલાલ નેહરુ ગાંધીજીના આગમન પહેલાંથી રાજકારણમાં સક્રિય હતા. જવાહરલાલ પોતે પણ ગાંધીજીના રાજકીય ગુરુ ગોપાલકૃષ્ણ ગોખલેની 'સર્વન્ટ્સ સોસાયટી ઓફ ઇન્ડિયા' અને એની બેસન્ટની 'હોમરૂલ લીગ' સાથે સંકળાઇને

રાજકારણમાં ડગ માંડી ચૂક્યા હતા. ગાંધીજીના આગમન પછી ફુંકાયેલી તાજી હવામાં જુવાન જવાહરલાલ એ તરફ ખેંચાયા. વલ્લભભાઇ વિશે કહી શકાય કે ગાંધીજી ન આવ્યા હોત તો એ આખી જિંદગી બેરિસ્ટર રહ્યા હોત. કારણ કે જમાનો જોઇ ચુકેલા બેરિસ્ટર વલ્લભભાઇ સહેલાઇથી કોઇના પ્રભાવમાં આવે એવા ન હતા. ગાંધીજીની સૌમ્ય મક્કમતા અને બ્રિટિશ શાસનને પડકારવાનો હિંમતબાજ અભિગમ જોઇને તે પીગળ્યા અને ગાંધીજી ભણી વળ્યા. તેમણે કહ્યું હતું, 'મહાત્માએ આવી જાહેર જીવન શરૂ કર્યું ત્યારે (મને) લાગ્યું કે એમાંથી અલગ રહેવું એ અધર્મ છે.' જવાહરલાલનો મામલો જરા જુદો હતો. ગાંધીજી ન આવ્યા હોત તો પણ એ રાજકારણમાં હોત અને સમય જતાં રાષ્ટ્રિય રાજકારણમાં ઝળક્યા હોત. કારણ કે લખાપટ્ટી અને દલીલબાજીનું જાહેરજીવન પણ નેહરુને બરાબર ફાવ્યું હોત.

ગાંધીજી સાથે જોડાયા પછી થોડાં વર્ષોમાં વલ્લભભાઇ અને જવાહરલાલ વચ્ચે વ્યક્તિગત નહીં, પણ વ્યૂહરચનાના મુદ્દે સંઘર્ષનો પ્રસંગ આવ્યો. ૧૯૨૧માં ચૌરીચૌરાની હિંસા પછી અસહકારનું આંદોલન મોકૂફ રહ્યું. તેનાથી ઘણા નેતાઓ નારાજ હતા. મોતીલાલ નેહરુ, વિઠ્ઠલભાઇ પટેલ જેવા વડીલ નેતાઓએ નક્કી કર્યું કે અંગ્રેજોને લડત આપવા માટે ધારાસભામાં જવું. વલ્લભભાઇ, જવાહરલાલ, રાજેન્દ્રપ્રસાદ જેવા નેતાઓને એ વિકલ્પ નકામો લાગતો હતો. કોંગ્રેસના અધિવેશનમાં વડીલોનો મત અમાન્ય ઠર્યો, પણ તેમની આમન્યા જાળવવા માટે એવું નક્કી થયું કે વડીલો ધારાસભાની ચૂંટણી લડે તો તેમની તરફેણ કે વિરોધમાં કશો પ્રચાર કરવો નહીં. આટલું ઓછું હોય તેમ, પુરુષોત્તમદાસ ટંડને ૧૯૨૨માં કોંગ્રેસ મહાસમિતિની મુંબઇ બેઠકમાં એવો ઠરાવ મૂક્યો કે ધારાસભામાં પ્રવેશની પ્રવૃત્તિનો પણ વિરોધ ન કરવો. મૂળ ઠરાવનો આ બિનજરૂરી વિસ્તાર હતો.

જવાહરલાલ પોતે ધારાસભાપ્રવેશના વિરોધી હતા, પણ તેમાં બાંધછોડ કરીને તેમણે ટંડનના ઠરાવને ટેકો આપ્યો. વલ્લભભાઇને આ ઠરાવ વાંધાજનક લાગ્યો. એટલે તેમણે રાજેન્દ્રપ્રસાદ-રાજગોપાલાચારી જેવા સાથીદારો સાથે કારોબારીમાંથી રાજીનામું આપી દીધું. કોંગ્રેસની પ્રાંતિક સમિતિઓએ પણ કોંગ્રેસના જૂના ઠરાવનું પાલન કરીને ટંડનવાળા ઠરાવનો અમલ નહીં કરવાનો નિર્ણય લીધો. જવાહરલાલને એ વસમું લાગ્યું. તેમના પ્રયાસોથી ગુજરાત અને તામિલનાડુની પ્રાંતિક સમિતિઓ સામે શિસ્તભંગનાં પગલાંની દરખાસ્ત મુકાઇ, જેને એક રીતે વલ્લભભાઇ અને બીજા આગેવાનો સામેની પણ ગણી શકાય. મતદાનમાં ૬૩ વિરુદ્ધ ૬૫ મતથી આ દરખાસ્ત ઉડી જતાં જવાહરલાલે પણ નારાજ થઇને કારોબારીમાંથી રાજીનામું આપ્યું. આમ બન્ને વચ્ચેના સાવ આરંભિક મતભેદ માટે પુરુષોત્તમદાસ ટંડન નિમિત્ત બન્યા.

સમયનું ચક્ર કેવી વક્રતા પેદા કરે છે તેનું એક ઉદાહરણ : આઝાદી પછી એ જ પુરુષોત્તમદાસ ટંડન કોંગ્રેસપ્રમુખ બને તેની સામે જવાહરલાલને વાંધો હતો અને સરદાર ટંડનના પક્ષે હતા. આચાર્ય કૃપાલાનીને હરાવીને ટંડન કોંગ્રેસપ્રમુખ બન્યા, તેનાથી જવાહરલાલ ઘણા દુભાયા હતા. સરદાર અને નેહરુ વચ્ચેના મોટા મનદુ:ખનો એ સંભવતઃ છેલ્લો પ્રસંગ હતો.

સરદાર-નેહરુ વચ્ચે સીધા મતભેદનો મોટો પ્રસંગ ૧૯૩૬માં ભરાયેલા કોંગ્રેસના લખનૌ અધિવેશનમાં આવ્યો હતો. કોંગ્રેસની અંદર રહેલા સમાજવાદી ફાંટા પ્રત્યે નેહરુની સહાનુભૂતિ બહુ જાણીતી હતી. વાસ્તવદર્શી સરદારને સમાજવાદીઓ માટે ખાસ ભાવ ન હતો. તેમને એ લોકો 'અનેક પેટાજૂથોમાં વહેંચાયેલા અને આઝાદી મળ્યા પહેલાં, આઝાદી પછી તંત્ર કેવું હોવું જોઇએ તેની ચર્ચામાંથી ઊંચા ન આવનારા અને માત્ર વાતો કરનારા' ગણતા હતા. છતાં, ગાંધીજીની ઇચ્છાથી ત્રણ સમાજવાદી નેતાઓને કોંગ્રેસની કારોબારીમાં લેવામાં આવ્યા. નેહરુને આ ઓછું ને સરદાર સહિતના કેટલાક નેતાઓને તે વધુ પડતું લાગ્યું. ત્યાર પછી જે થયું તેને ગાંધીજીએ 'કરુણ ફારસ' ગણાવ્યું. કારણ કે એક તરફ સરદાર, રાજગોપાલાચારી અને રાજેન્દ્રપ્રસાદે, તો સામે પક્ષે નેહરુએ પણ સામસામા વિરોધમાં રાજીનામાં આપી દીધાં. વ્યથિત થયેલા ગાંધીજીએ નેહરુને કહ્યું,'તમારા સાથીઓ અસહિષ્ણુ હોય, તો તમે તેમનાથી વધુ અસહિષ્ણુ છો. તમારા લોકોની અસહિષ્ણુતાનો ભોગ હિંદુસ્તાનને બનાવશો નહીં.'

૧૯૪૨ની ચળવળ પછી તમામ નેતાઓની ધરપકડ થઇ ત્યારે ગાંધીજી સિવાયના બીજા નેતાઓ સાથે સરદાર અને નેહરુ પણ અહમદનગર જેલમાં સાથીદાર તરીકે હતા. જેલમાંથી છૂટ્યા પછી કેબિનેટ મિશનની દરખાસ્તો અને ભારતના ભાગલા સ્વીકારવાની વાત આવી, ત્યારે

સરદાર ગાંધીજીની ઇચ્છાથી ઉપરવટ ગયા. એ વખતે નેહરુ સરદારની સાથે પૂરેપૂરા સંમત હતા. ભાગલાનો વિરોધ કરતા ગાંધીજી સામે સરદાર જેવા મજબૂત નેતાનો સાથ મળ્યો, એ બાબતે નેહરુએ કદાચ છૂપી રાહત પણ અનુભવી હશે. કોઈની તરફ ઢળવાની અને તેના પર આધાર રાખવાની પ્રકૃતિ પ્રમાણે, આઝાદી પહેલાંના એકાદ વર્ષ દરમિયાન નેહરુ માઉન્ટબેટન અને અમુક અંશે સરદાર ભણી ઢળેલા રહ્યા. આઝાદ ભારતના પહેલા પ્રધાનમંડળમાં શ્યામાપ્રસાદ મુખરજી, સરદાર બલદેવસિંઘ અને ડો.આંબેડકર જેવા સભ્યોના સમાવેશનું શ્રેય પણ સરદાર પટેલને આપવામાં આવે છે.

સરદાર અને નેહરુ વચ્ચેની પસંદગીમાં ગાંધીજીએ નેહરુને પોતાના વારસદાર જાહેર કર્યા, ત્યારે ઘણો ચણભણાટ થયો. મહત્ત્વાકાંક્ષી ન હોવા છતાં, પોતાની જગ્યાએ નેહરુને પસંદ કરાયા એ બદલ સરદારને માનવસહજ નારાજગી થઇ હશે, પણ તેનાં કિન્નાખોરી કે કચવાટ સરદારના ત્યાર પછીના વર્તનમાં દેખાયાં નહીં. આઝાદીના ચારેક મહિના પહેલાં એક જાહેર સભામાં તેમણે કહ્યું હતું,'આ રાજ્યતંત્ર ઉખેડી નાખવામાં અમારા નેતા ગાંધીજી હતા. રાજ્યતંત્ર ચલાવવામાં અમારા નેતા જવાહરલાલ નેહરુ છે. એની બાહોશી, ત્યાગ અને કુશળતાની જોડી નથી.ગાંધીજીની સિપાઇગીરી જેટલી વફાદારીથી કરી, તેટલી જ વફાદારીથી પંડિત જવાહરલાલજીની સિપાઇગીરી કરવા ત્યાં ગયો છું. એને મારાથી થાય તેટલી મદદ કરવાનો મારો ધર્મ છે અને તે પ્રમાણે કરું છું.'

જમ્મુ-કાશ્મીર, સિવિલ સર્વિસનું ભવિષ્ય, આર્થિક બાબતો, હિંદુ મહાસભા પ્રત્યેનું વલણ જેવા ઘણા પ્રશ્નો અંગે નેહરુ-સરદારના દૃષ્ટિકોણ અલગ હતા. સરદાર સિવિલ સર્વિસના અફસરોને વિશ્વાસમાં લઇને, ભારતના પુનઃનિર્માણ માટે તેમનો ઉપયોગ કરવા ઇચ્છતા હતા, જ્યારે નેહરુ આઇ.સી.એસ. અધિકારીઓને અંગ્રજોના ખાંધીયા ગણીને તેમના પ્રત્યે ફૂંગરાતા હતા. ગૃહ પ્રધાન તરીકે પોતાના અધિકારક્ષેત્ર માટે સરદાર અત્યંત સભાન અને સાવધ હતા. આઝાદીના દોઢેક મહિના પછી એક લાંબા પત્રમાં સરદારે નેહરુ સમક્ષ કેટલીક બાબતોના ખુલાસો કર્યા પછી લખ્યું હતું, 'મારા ખાતાની જવાબદારીમાં સમાઇ જતી બાબત અંગે તમે અધિકારીઓને સીધેસીધા હુકમો આપો તે મારા માટે અને અધિકારીઓ માટે પણ કેટલાક અંશે મૂંઝવણભર્યું થાય છે...તમે કોઇ સૂચના આપી પણ હોય તો તમારે ઓછામાં ઓછું મને જણાવવું તો જોઇએ અને આવી સૂચનાઓ કોઇ બિનસરકારી તંત્ર દ્વારા આડકતરી રીતે મારા ધ્યાનમાં આણવામાં આવે એવું ન થવું જોઇએ.'

ગાંધીજીની હત્યાના થોડા દિવસ પહેલાં સરદાર-નેહરુ વચ્ચેનો મતભેદ લેખિત સ્વરુપમાં ગાંધીજી પાસે પહોંચ્યો. નેહરુની નોંધના જવાબમાં સરદારે ગાંધીજીને લખ્યું, 'સ્વભાવના તફાવત અંગે તથા આર્થિક બાબતો અને હિંદુ-મુસ્લિમ સંબંધોને લગતી બાબતો વિશે અમારાં દૃષ્ટિબિંદુ જુદાં છે, એમાં બેમત નથી. તેમ છતાં, અમે બન્ને દેશના હિતને અમારા અંગત મતભેદ કરતાં ઊંચાં ગણીએ છીએ...અમારી સામે આવેલી ઘણીયે આંધીઓનો અમે સંયુક્ત પુરુષાર્થથી સામનો કર્યો છે... હવે અમે આને આગળ ચલાવી શકીએ એમ નથી, એવો વિચાર કરવો દુઃખદ અને કરુણ પણ છે...પણ વડા પ્રધાનની ફરજો અંગે એમનો ખ્યાલ સ્વીકારવામાં આવે તો વડા પ્રધાનનો દરજ્જો લગભગ સરમુખત્યાર જેવો થઇ જાય...મારા ખ્યાલ પ્રમાણે તે 'ફર્સ્ટ એમન્ગ ઇક્વલ્સ' (બધા સરખા, પણ એ બધામાં તે પહેલા) છે... સમાધાન ન થઇ શકે તો પોતે પદત્યાગ પસંદ કરશે, એવું વડા પ્રધાને કહ્યું છે, પણ હું નિશ્ચયપૂર્વક કહું છું કે જો કોઇએ જવાનું હોય તો મારે જ જવું જોઇએ. સક્રિય સેવાની વય હું લાંબા સમય પહેલાં વટાવી ચૂક્યો છું. વડા પ્રધાન દેશના સ્વીકૃત નેતા છે...મને જરાય શંકા નથી કે મારી અને એમની વચ્ચેની પસંદગી એમની તરફેણમાં જ થવી જોઇએ.'

ગાંધીજીની હત્યા થતાં આ કટોકટી ટળી અને સરદારના મૃત્યુપર્યંત, ચઢાવઉતાર છતાં, બન્ને વચ્ચે સત્તાવાર વિચ્છેદનો પ્રસંગ ન આવ્યો. સરદારે અનેક વાર નેહરુનું માન અને મન સાચવ્યાં. જાહેરમાં કે સાથીદારો સમક્ષ તેમની ટીકાના પ્રસંગ ટાળ્યા અને ગાંધીના સિપાઇ તરીકેની પોતાની કામગીરીને બરાબર દીપાવી. વર્ષો પછી આ બન્ને નેતાઓ વિશે વાત થાય ત્યારે વર્તમાન રાજકીય સ્વાર્થ ખાતર તેમને આમનેસામને ગોઠવવાને બદલે, ગાંધીરથનાં બે ચક્રો તરીકે અથવા એ ત્રણેને 'સ્વરાજ-ત્રિપુટી' તરીકે જોવાથી જ તેમને ન્યાય કરી શકાય.

(લુહારવાડ, મહેમદાવાદ, જિ. ખેડા.
મો.: ૯૯૯૮૨૧૬૭૦૬
ઈ-મેલ:uakothari@gmail.com)

## સરદાર પટેલ અને વીર નરીમાન

વસંત પટેલ

સરદારની પાસે જવાબદારીભર્યાં કાર્યો જીવનભર હતાં તે આપણે સૌ જાણીએ છીએ. પણ એમના દરવાજા સહુ કોઇને માટે હંમેશાં ખુલ્લા હતા. નાનામાં નાનો માણસ એમની પાસે જતો તો સરદાર હમદર્દીથી એને સાંભળતા, એને સંતોષ થાય એટલો સમય આપતા અને એની વાત સાચી હોય, એનું દુઃખ સાચું હોય તો એને દૂર કરીને જ રહેતા. જ્યારે તેઓ ભારતના નાયબ વડાપ્રધાન હતા અને દિલ્હીમાં બંગલા નં-૧, ઔરંગઝેબ રોડ પર રહેતા હતા ત્યારે રોજ સવારમાં ફરવા જવાનો એમનો નિયમ હતો. આ સમયે કોઇપણ વ્યક્તિ કોઇપણ પ્રકારના સંકોચ વિના એમને મળી શકતી અને સરદાર પૂર્ણ હમદર્દીથી એને સાંભળતા. તેઓ કડક શિસ્તમાં માનતા અને કોઇની પણ શિસ્તહીનતા નહોતા ચલાવી લેતા, પણ બહુ ઓછાને ખબર હશે કે સરદાર સૌથી વધુ કડક અનુશાસની પોતાની જાત પ્રત્યે હતા. એમનું વ્યક્તિગત જીવન સાદું, સ્વચ્છ અને વ્યવસ્થિત હતું, ગામડાનું એમનું નાનકડું ઘર હોય, અમદાવાદનું મકાન હોય કે પછી દિલ્હીનો ઔરંગઝેબ રોડ ઉપરનો બંગલો હોય, તેઓ આજુબાજુ પર પડેલા નાનકડા કાગળના ટુકડાને પણ પોતે ઉઠાવી લેતા. પોતે પ્રત્યેક વસ્તુને નિયત જગ્યા પર મૂકી દેતા, પણ આ વ્યવસ્થા જીવનની માત્ર બાહ્ય ટેવોમાં જ હતી એવું ન હતું. વ્યવસ્થા એમના સ્વભાવમાં હતી, એમના વ્યક્તિત્વના એક ભાગરૂપ હતી. એમનાં રાજકીય અને સામાજિક કાર્યોમાં એ વ્યવસ્થા પૂરેપૂરી દેખાય છે. સરદાર સાહેબે રાજકીય જીવનમાં શિસ્તનો હંમેશાં ભારે આગ્રહ રાખ્યો હતો. કોંગ્રેસ પક્ષના સંગઠનમાં શિસ્તનો અભાવ છે એમ તેમને લાગતું હતું. લોકસેવાના ક્ષેત્રમાં પણ કાર્યકરોએ પૂરેપૂરી શિસ્ત પાળવી જોઇએ એમ તેઓ દૃઢપણે માનતા હતા. રાષ્ટ્રહિતમાં આડે આવનાર કોઇપણ વ્યક્તિ સમક્ષ સરદાર નમતું જોખતા નહિ. તેમાંથી ક્યારેક વૈમનસ્ય પણ ઊભું થતું. ક્યારેક એમના આખાબોલાપણા વિશે ગેરસમજો પણ ફેલાતી. સરદારશ્રી માનવીમાં રહેલી ભાવના, તેની મર્યાદા અને તેના શુભ-અશુભ ઇરાદાઓનો ખૂબ સહેલાઇથી તાગ મેળવી લેતા. આથી જ તેઓ પોતાના વિરોધીઓના હેતુઓ અને કાવાદાવાઓ સમજી લઇને તેમનો મક્કમતાથી સામનો કરી શકતા હતા. સમય પારખી લઇને કામ કરવાની કે કામ કઢાવી લેવાની તેમનામાં ગજબની કુનેહ હતી. આ પ્રકારની એમની રાજનીતિને કૌટિલ્યની રાજનીતિ કહી શકાય. સરદારશ્રીને કેટલાક સમાજવાદીઓએ મૂડીવાદના સમર્થક કહીને પણ ઉતારી પાડવાનો પ્રયત્ન પણ કર્યો છે. પણ તે સત્યથી દૂર છે. સરદારશ્રી માનતા હતા કે મજૂર, ખેડૂત યા સામાન્ય વેપારી એ બધા જ સમાજનાં અંગો છે. સરદારશ્રીએ પોતાના સાથી નરહરિ પરીખ ઉપરના એક પત્રમાં લખ્યું હતું કેઃ સમાજવાદીઓને તીખો લડાયક કાર્યક્રમ જોઇએ. એમને તો બાપુનો ગ્રામોદ્યોગનો કાર્યક્રમ ભૂંડો લાગે છે. એમને કોંગ્રેસનો દરેક કાર્યક્રમ અવળો લાગે છે, એમની સાથે ક્યાં પાટો ચડે.[૧] સમાજવાદીઓને સરદારશ્રીની આવી તીખી, તમતમતી વાણી અને આખાબોલાપણું ગમતાં નહોતાં. તેથી જ તેમણે સરદારશ્રીને વગોવવાનું શરૂ કર્યું હતું.

સરદાર શિસ્તના પૂરેપૂરા હિમાયતી હતા. તેથી કોંગ્રેસ પક્ષના જવાબદાર માણસો પણ શિસ્તનું પાલન કરે, એમ તેઓ માનતા હતા. તેમને મન શિસ્ત પાળવી ને બીજા શિસ્તનું પાલન કરે છે તેની તકેદારી રાખવી એ એમનું જીવનસૂત્ર હતું. કોંગ્રેસ પાર્લામેન્ટરી બોર્ડના પ્રમુખ તરીકે એમણે અનેક વિઘ્નકર્તાઓ માટે કહેલું કે, 'મહાસભા (કોંગ્રેસ)ના રસ્તામાં ભલેને એવા નાના-મોટા કાંકરા ઊપસી આવે પણ મહાસભાનો સ્ટીમ રોલર એવો ફરી વળશે કે તે બધા યે માટીના કે પથ્થરના નાના-મોટા કાંકરા ભોંય ભેગા કચડાઇ જશે. મહાસભાના સ્ટીમ રોલર નીચે કોઇ સલામત નહીં રહે.'[૨] પ્રતિસ્પર્ધી અને ટીકાકારો તરફનું સરદારનું વલણ હંમેશાં માનવતાપૂર્ણ હતું. પ્રસ્તુત લેખમાં કોંગ્રેસમાં શિસ્તના સંદર્ભે જ મુંબઇ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને મુંબઇના મેયર એવા નરીમાનની ઘટના ઉપસ્થિત થઇ તેને તપાસવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

અખંડ ભારતના નિર્માતા એવા સરદારનો પરિચય આપવો મુશ્કેલ છે. તેમના દેશ માટેના કાર્યો એ જ એમનો મોટો પરિચય છે. પરંતુ વીર નરીમાનનો પરિચય આપવો જરૂરી બને છે. કારણ કે બહુ ઓછા લોકો નરીમાનને ઓળખતા હશે. કેટલાકે તો આ નામ મુંબઈના 'નરીમાન પોઈન્ટ'ના સંદર્ભે જ જાણ્યું હશે. વીર નરીમાનનો જન્મ થાણા ખાતે ૧-૦૫-૧૮૮૩ના રોજ થયો હતો. તેમના પિતા ફરામજી થોડો સમય જંજીરા સ્ટેટના દીવાન હતા. પણ વીર નરીમાન બાલ્યવયના હતા ત્યારે જ પિતાનું અવસાન થયું હતું. નરીમાન તેમના ફુઆ અને પારસી કોમના મોટા ધર્મગુરુ દસ્તૂર હસંગ જમસ્પ પાસે પુણેમાં સેંટ વિનસેન્ટ જેસુઇટ સ્કૂલમાંથી મેટ્રિક થયા અને ડેક્કન કોલેજમાંથી ગ્રેજ્યુએટ થયા. તે વખતે પુણેમાં લોકમાન્ય ટિળક ભારે લોકપ્રિય હતા એટલે નરીમાન પણ એમનો પ્રભાવ ધરાવતા થયા હતા. ત્યાર પછી મુંબઈમાંથી એલ.એલ.બી. થઈને વકીલાત શરૂ કરી. ૧૯૨૩માં નરીમાન બોમ્બે લેજિસ્લેટિવ કાઉન્સિલમાં ચૂંટાયા અને ત્યાં તેમણે 'બેકબે-રેકલેમેશન'ના કૌભાંડ સામે વિરોધનો અવાજ ઉઠાવ્યો.[૩] બેકબે- રેકલેમેશન યોજના એટલે ચર્ચગેટ સ્ટેશન નજીકના દરિયાથી વર્તમાન નરીમાન પોઈન્ટ સુધીના દરિયાને પૂરવાની યોજના અને તેઓ આ કૌભાંડ બહાર લાવવામાં સફળ થયા ત્યારથી તેઓ મુંબઈમાં વીર નરીમાન તરીકે ઓળખાયા. સરોજિની નાયડુ એમને 'વીર નરીમાન'ના લાડકા નામે બોલાવતાં.[૪] મહાગુજરાત ચળવળના નાયક ઈન્દુલાલ યાજ્ઞિકે લખ્યું છે કે, ૧૯૨૪ની આખરમાં મરીનડ્રાઈવ દરિયો પૂરવાના સરકારી કામમાં હાર્વે નામના અંગ્રેજ અધિકારીએ જે ગેરવહીવટ કરેલો તેના પર મુંબઈના આગેવાન વીર નરીમાને સખત આક્ષેપો કર્યા. તેથી આખા મુંબઈમાં ભારે ખળભળાટ ફેલાયો. ત્યારે નરીમાનને બિરદાવવામાં અમે મેદાને પડ્યા. પછી હાર્વેએ નરીમાન સામે ફોજદારી અદાલતમાં ફરિયાદ કરી તેની સુનાવણી લાંબા વખત ચાલી અને તેના ભરપૂર રસીલા હેવાલ અમે પ્રકટ કરતા.[૫] ૧૯૨૪થી તેઓ સતત ૧૫ વર્ષ સુધી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચૂંટાતા રહ્યા હતા. તેઓ મુંબઈ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ, અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના કારોબારીના સભ્ય, મુંબઈના મેયર જેવી જવાબદારીઓ નિભાવતા હતા. ૧૯૩૦માં ગાંધીજીએ શરૂ કરેલા 'મીઠા સત્યાગ્રહ'માં તેમણે સક્રિય ફાળો આપ્યો. મુંબઈમાં મીઠાના કાયદાનો સૌ પ્રથમ ભંગ કરી જેલમાં જનાર નરીમાન હતા. જેલમાંથી બહાર આવ્યા પછી, નરીમાને બે પુસ્તકો લખ્યાં 'વિધર કોંગ્રેસ' અને 'વૉટ નેક્સ્ટ ?'

આપણે વિષય પર આવીએ તે પહેલાં નરીમાનનો ગુજરાત સાથેનો સંપર્ક જોઈએ તો બારડોલી સત્યાગ્રહના સમયે શ્રી ભરૂચા અને નરીમાન, ખાતેદારો ઉપર થયેલા જુલમો નજરે નિહાળવા બારડોલી આવ્યા હતા. ત્યાર પછી 'બારડોલી દિન'ની ઉજવણી નિમિત્તે યોજાયેલ પરિષદમાં ભરૂચ જિલ્લા પરિષદમાં નરીમાન અધ્યક્ષપદે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે અધ્યક્ષીય વક્તવ્યમાં જણાવ્યું હતું કે,

'आज से दस-बीस वर्ष प्रथम जो किसान था वह किसान अब नहीं रहा । बारडोली में आज अंग्रेजों को पूछता कौन है? उनकी कचहरियों में आज जाता कौन है? आज मार-पीट कर जबरदस्ती ही किसान को जहां चाहे वे ले जा सक्ते हैं। नहीं तो वहां तो कौवे उडते हैं । लोगो की सच्ची कचहरी तो स्वराज्य-आश्रम है और उनकी सच्ची सरकार है सरदार वल्लभभाई । पर वल्लभभाई के पास न तो तोप है और न भाले-बन्दूक । वह तो केवल प्रेम और सत्य के सहारे बारडोली में राज कर रहे हैं । अब तो सारे गुजरात को ही बारडोली बन जाना चाहिए । अब सारे भारत में यह भावना फैंल जायेगी तब स्वराज्य अपने आप हो जायेगा ।[૭]

નરીમાને સરદાર પટેલને બારડોલી સત્યાગ્રહમાં સહાયરૂપ થવા મુંબઈમાંથી સારું એવું ભંડોળ એકત્ર કરી આપ્યું હતું.[૮] સરદાર પટેલે પણ તેમના ભાષણમાં કહ્યું હતું કે 'શ્રી નરીમાનની આગેવાની નીચે મુંબઈ ઈલાકાના જુવાનો બારડોલીના ઝંડા નીચે જે રીતે ઉત્સાહપૂર્વક ભેગા થયા તે બદલ મારે આનંદ અને મગરૂબી સાથે ધન્યવાદ આપવા ઘટે છે.[૯] બારડોલી સત્યાગ્રહના વિજય બાદ મુંબઈમાં તેમનો સત્કાર સમારંભ અને વિશાળ સરઘસનું આયોજન થયું હતું. તેની સંપૂર્ણ વ્યવસ્થા વીર નરીમાને કરી હતી. અસંખ્ય લોકો સરદારના દર્શને ઊમટ્યા હતા. લોકોની દર્શનની આશા ભંગ ન થાય તે માટે વલ્લભભાઈ અને વીર નરીમાન પડતા વરસાદે પણ ઉઘાડી મોટરમાં જ ફર્યા હતા અને સાંજે ૪:૩૦ કલાકે એમ્પાયર થિયેટરમાં જાહેર સભા થઈ હતી.[૧૦] ઈન્દુલાલના ખાસ આગ્રહથી નરીમાન ખેડા જિલ્લાના વાલાવાવ ગામમાં મધ્યગુજરાત કિસાન પરિષદમાં પ્રમુખ તરીકે તેમજ અમદાવાદમાં

યોજાયેલ ભાડૂત પરિષદનું પ્રમુખપદ નરીમાને શોભાવ્યું હતું. ૧૯૩૦માં થયેલ દાંડીકૂચ દરમ્યાન નરીમાને ખેડા જિલ્લામાં ડભાણમાં ગાંધીજીની મુલાકાત લીધી હતી.

૧૪ જુલાઇ ૧૯૩૪ના રોજ સરદાર નાશિક જેલમાંથી છૂટ્યા. પટનામાં મહાસમિતિએ ધારાસભાઓમાં જવાનો કાર્યક્રમ અપનાવ્યો હતો અને નવેમ્બર મહિનામાં વડી ધારાસભાની ચૂંટણીઓ થવાની હતી. સરકાર માનતી હતી કે કોંગ્રેસને પોતે કચડી નાખી છે અને લોકો એને ટેકો નહીં આપે. કોંગ્રેસે આ ચૂંટણીઓમાં પુરવાર કરવાનું હતું કે સરકારના સખત દમન છતાં દેશ કોંગ્રેસને જ પડખે છે. કોંગ્રેસના પ્રમુખ તરીકે આ ચૂંટણીઓનો બધો ભાર સરદાર ઉપર આવી પડ્યો. કોંગ્રેસ પક્ષની સ્થાપના મુંબઇમાં તા. ૨૮-૧૨-૧૮૮૫ના દિવસે થઇ હતી. અને કોંગ્રેસની અર્ધશતાબ્દીનું અધિવેશન કહી શકાય એવું ૪૮મું અધિવેશન વરલી ખાતે ૧૯૩૪માં બાબુ રાજેન્દ્રપ્રસાદના અધ્યક્ષપદે મળ્યું હતું. ત્યારે વીર નરીમાન સ્વાગત સમિતિના અધ્યક્ષ હતા. એક તરફ અધિવેશન અને બીજી તરફ સેન્ટ્રલ એસેમ્બલીની ચૂંટણી આવી હતી. ત્યારે નરીમાન મુંબઇ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ હતા.

જેલમાંથી છૂટીને આવ્યા ત્યારે જ શ્રી નરીમાને સરદારને કહ્યું કે મુંબઇ શહેરમાં વડી ધારાસભાની બે બેઠકો હોવા છતાં હું એકલો જ ઊભો રહેવાનો છું. આપણે બંને બેઠકો માટે હરીફાઇ કરીએ તો ફતેહ મળવાનો સંભવ નથી. બીજા પક્ષના ઉમેદવાર સર કાવસજી જહાંગીર છે. એટલે મુંબઇમાં રસાકસી થશે નહીં. પરંતુ સરદાર સાહેબે તરત જ મતદારોની યાદી તપાસીને ડૉ. દેશમુખને ઊભા રહેવાનું કહ્યું. તેમણે હા પાડી. મુંબઇની પાર્લામેન્ટરી બોર્ડે તા. ૧૬મી જુલાઇએ શ્રી નરીમાન અને ડૉ. દેશમુખનાં નામ કોંગ્રેસ તરફના ઉમેદવાર તરીકે સ્વીકાર્યાં અને અખિલ ભારતીય પાર્લામેન્ટરી બોર્ડે તા. ૨૯મી જુલાઇએ તેમનાં નામ મંજૂર રાખ્યાં. આમ શહેરની બંને બેઠકો માટે કોંગ્રેસના બે ઉમેદવારો ઊભા રાખવાનું નક્કી થયું કે તરત જ નરીમાનનો આ ચૂંટણીમાં રસ ઊડી ગયો. અને પોતાનું નામ ખેંચી લેવાનાં બહાનાં શોધવા માંડ્યાં. નરીમાનની વ્યૂહરચના એવી હતી કે કાવસજી સામે શક્ય હોય ત્યાં સુધી એક જ કોંગ્રેસી ઉમેદવાર ઊભા થવા દેવો, અને બે ઊભા થાય તો બેમાંથી એક હારી જાય તેમ કરવું. બીજા ઉમેદવાર તરીકે તો પોતાને જ ઊભા રહેવાનું આવ્યું તે એમણે છેવટ સુધી ટાળ્યા કર્યું.[૧૧] સરદારના આગ્રહ આગળ શ્રી નરીમાને નમતું આપ્યું. ડૉ. દેશમુખ જ ઉમેદવારીપત્રક ઉપર નરીમાનની સહી લઇને ધારાશાસ્ત્રી સાથે જઇને ઉમેદવારી નોંધાવી આવ્યા. તેમણે પોતાની સહી 'ખુરશીદ ફરામજી નરીમાન, એમ કરી હતી, છતાં આ ઉમેદવારીપત્રકમાં શ્રી નરીમાનનું નામ શ્રી કે.એફ નરીમાન અને સરનામું 'રેડીમની ટેરેસ, વરલી'ને બદલે ૪૫ એસ્ટલેનેડ રોડ, મુંબઇ હતું'. આ સરનામું શ્રી નરીમાનના ભાઇ શ્રી કેકોબાદ નરીમાનની ઓફિસનું હતું. હવે નરીમાન સમક્ષ સાપે છછુંદર ગળ્યા જેવી પરિસ્થિતિ સર્જાઇ, જો એ ઉમેદવારીપત્રક પ્રમાણે ઊભા રહે તો પોતે પોતાના ભાઇને બદલે ઊભા રહ્યા છે એવું થાય અને ફરીથી ઉમેદવારી નોંધવામાં સારો એવો સમય નીકળી જાય અને ટેકનિકલ મુશ્કેલીઓ પણ ઉપસ્થિત થવા પામે.[૧૨]

મુંબઇમાં ઘણા જવાબદાર માણસો તરફથી સરદારને ચેતવવામાં આવ્યા હતા કે તમે નરીમાન ઉપર વિશ્વાસ રાખશો નહીં. એ સર કાવસજી સામા કદી થવાના જ નથી. એટલે છેલ્લી ઘડીએ કોઇ ને કોઇ તરકીબ કાઢીને તેઓ પોતાનું ઉમેદવારીપત્ર પાછું ખેંચી લીધા વિના રહેશે નહીં. તા. ૧૦ મીએ સરદાર વર્ધા જવા માટે સવા પાંચની ગાડી પકડવા બોરીબંદર સ્ટેશને પહોંચ્યા. ત્યાં નરીમાન ગયા અને સરદારને જણાવ્યું કે મતદારોની યાદીમાં પોતાનું નામ નથી એટલે તેઓ ઉમેદવારીપત્ર પાછું ખેચી લેવાના છે. સરદારને એકદમ આઘાત લાગ્યો અને પોતાને આપવામાં આવેલી ચેતવણીઓમાં તથ્ય હતું એમ જણાયું. સરદારે નરીમાનને પૂછ્યું કે ત્યારે તમે ઉમેદવારીપત્ર નોંધાવ્યું શી રીતે?તેમણે જવાબ આપ્યો કે મતદારોની યાદીમાં 'કે.એફ. નરીમાન' એ પ્રમાણે છે. તેમાં સરનામું જુદું હોવાથી હમણાં જ મને ખબર પડી કે એ તો મારા ભાઇનું નામ છે. બીજે દિવસે ત્રણ વાગ્યે ઉમેદવારીપત્ર નોંધાવી દેવાનો છેલ્લો સમય હતો એટલે આટલા થોડા સમયમાં બીજો ઉમેદવાર ઊભો કરવો એ પણ કઠણ કામ હતું. છતાં છેલ્લી ઘડીએ સરદારે તેમના દીકરા ડાહ્યાભાઇને મોટર દ્વારા ઝડપથી મોકલીને શ્રી મુનશીને બોલાવી લાવવા કહ્યું, મુનશી પોતાની કેટલીક અંગત મુશ્કેલીઓને કારણે ઊભા થવા ઇચ્છતા ન હતા. પણ સરદારના કહેવાથી તેઓ માની ગયા. કારણ કે કોંગ્રેસની આબરૂનો સવાલ હતો. સરદારે સાથે નરીમાનને સૂચના આપી કે તમારે

તમારું ઉમેદવારીપત્ર કોઇ પણ હિસાબે પાછું ખેંચી લેવાનું નથી. અધિકારીઓને વાંધાભરેલું લાગે તો ભલે તેઓ રદ કરે. જો તમારું ઉમેદવારીપત્ર રદ થાય તો જ મુનશીએ ઉમેદવારી કરવાની છે. આ પ્રમાણે સૂચના આપી સરદાર વર્ધા ઊપડી ગયા. મુનશી જ્યારે ઉમેદવારીપત્ર ભરવા કલેકટરની ઓફિસમાં ગયા ત્યાં નરીમાન પણ આવ્યા હતા પોતાનું ઉમેદવારીપત્ર પાછું ખેંચી લેવા તથા અનામત મૂકેલી રકમ ઉપાડી લેવાની વાત કરતાં મુનશીએ અને ડૉ. દેશમુખે તેમને સમજાવવા માંડ્યું કે સરદારે તેમને ઉમેદવારીપત્ર પાછું ન ખેંચી લેવાની સૂચના આપી છે તે પ્રમાણે પહેલું ઉમેદવારીપત્ર પાછું ન ખેંચી લો, એટલું જ નહીં પણ બીજું ઉમેદવારીપત્ર તમારું ખરું સરનામું આપીને પ્રાંતિક ધારાસભાના મતદારોની યાદીમાં તમારું નામ છે એ નિયમની રૂએ ભરો. પણ, નરીમાને માન્યું નહીં અને તેઓ ઉમેદવારીપત્ર પાછું ખેચી લઇ ત્યાંથી ચાલી નીકળ્યા. અને ત્યારબાદ નરીમાન એવું કહેવા લાગ્યા કે મેં બીજું ઉમેદવારીપત્ર આપવા માંડેલું પણ કલેકટરે કહ્યું કે જે માણસ એકવાર ઉમેદવારીપત્ર પાછું ખેંચી લે તેનું બીજું ઉમેદવારીપત્ર લઇ શકાય નહીં.

સરદાર તા. ૧૪મી ઓક્ટોબરે વર્ધાથી પાછા મુંબઇ આવ્યા ત્યારે નરીમાને તેમને આ જ વાત કહી. સરદારે કહ્યું કે કલેકટરે તમારું બીજું ઉમેદવારીપત્ર લેવાની ના પાડી હોય તો આખી ચૂંટણી રદ થાય માટે તમે સરકારમાં તાર કરીને કલેકટરના આ કૃત્ય સામે તમારો વિરોધ નોંધાવો. તે વખતે ભૂલાભાઇ (જાણીતા કાયદાવિદ્) સરદારને ત્યાં બેઠા હતા. તેમણે તારનો મુસદ્દો ઘડી આપ્યો. તે લઇને નરીમાન ગયા. રાત્રે નવ વાગ્યે સરદારે એમને ફોન કરીને પૂછયું ત્યારે તેમણે જવાબ આપ્યો કે નિયમોની ચોપડી મારી પાસે નહીં હોવાથી હું નિયમો જોઇ શક્યો નથી અને તેથી તાર કર્યો નથી. રાત્રે દસ વાગ્યે મુનશીને ત્યાંથી સરદારે નિયમોની ચોપડી મંગાવી અને મંગળદાસ મહેતા સોલિસિટર તથા ડૉ. ઝીણાભાઇ દેસાઇની સાથે નરીમાનને ઘરે ગયા. તેઓ તાર કરવા રાજી ન જણાયા પણ સરદારે આગ્રહ કરીને તેમની પાસે તાર લખાવ્યો. આ વખતે રાતના અગિયાર વાગ્યા હતા. નરીમાને ઠંડે પેટે સરદારને કહ્યું કે હવે તાર તમે જ મોકલી દેજો. તે પ્રમાણે જનરલ ટેલિગ્રાફ ઓફિસે જઇ સરદાર વગેરેએ તાર રવાના કર્યો. તા. ૧૫મી ઓકટોબરે બપોરે બધાં ઉમેદવારીપત્રોની છેલ્લી તપાસ થવાની હતી. ત્યાં મુનશીએ નરીમાનના ઉમેદવારીપત્રનો ઇનકાર કરવા સામે વાંધો ઉઠાવ્યો ત્યારે કલેકટરે જવાબ આપ્યો કે નરીમાનના ઉમેદવારી પત્રનો ઇનકાર કરવામાં આવ્યો જ નથી. તેમણે પોતે જ પોતાનું ઉમેદવારીપત્ર પાછું ખેંચી લીધું છે. તમે કહો છો તે પ્રમાણે તેમણે બીજું ઉમેદવારીપત્ર રજૂ કર્યું નથી. રજૂ કર્યું હોત તો તે લેવાની અમે ના પાડી શકીએ નહીં અને અમે ના પાડી હોત જ નહીં.

વર્ધાથી આવ્યા પછી શ્રી મુનશીને કલેકટરે આપેલા જવાબની હકીકત અને શ્રી નરીમાનના વર્તન ઉપર બોમ્બે ક્રોનિકલ વગેરે છાપાંઓની ટીકા જોઇ સરદારે શ્રી નરીમાનને બોલાવીને કહ્યું કે તમે કોંગ્રેસની બદનામી થાય એવું અને તમારા જેવા આગેવાન કોંગ્રેસીને જુઠ્ઠા કહેવાની કલેકટરને તક મળે એવું શું કામ કર્યું ? ત્યારે શ્રી નરીમાને પોતે સાચા હોવાનું અને કલેકટર ખોટો હોવાનું સરદારને ફરી કહ્યું. સરદારે કહ્યું કે તમે શ્રી છોટાલાલ સોલિસિટર, ડૉ. દેશમુખ તથા ડૉ. સાઠે એ ત્રણ જણની એફિડેવિટો (પ્રતિજ્ઞા ઉપર કરેલાં નિવેદનો) લાવો. શ્રી નરીમાને લાવવાનું કબૂલ કર્યું પણ લાવ્યા નહીં. સરદારે પોતાની ખાતરી કરવા એ ત્રણે જણને પૂછી જોયું. તેના જવાબમાં તેમણે કહ્યું કે શ્રી નરીમાનની વાત તદ્દન ખોટી છે અને કલેકટરની સાચી છે.

સરદાર ઉત્તર હિંદના પ્રવાસે ગયા હતા ત્યાંથી તા. ૧૦મી નવેમ્બરે પાછા આવ્યા, ત્યારે તેમણે જોયું કે શ્રી નરીમાન અથવા તો મુંબઇની પ્રાંતિક કોંગ્રેસ કમિટી, ડૉ. દેશમુખ અને શ્રી મુનશીને ચૂંટણીમાં મદદ કરવા માટે કશું જ કરતી ન હતી. તા. ૧૧મી નવેમ્બરના 'કૈસરે હિંદ'માં શ્રી નરીમાને લખેલા કાગળ ઉપરથી તેઓનું વલણ જણાઇ આવતું હતું. આજના 'જામેજમશેદ'ના અગ્રલેખમાં મારી ઉપર હુમલો કરવામાં આવ્યો છે કે, હું પારસી ઉમેદવાર સર કાવસજીને હાર મળે એવા પ્રયત્ન કરી રહ્યો છું. મેં પારસી મતદારોને એવું કહ્યું જ નથી કે તેમણે સર કાવસજીને મત ન આપવાને બદલે થોડા મત બિનપારસી ઉમેદવારને પણ આપવા, જેથી લોકોમાં પારસીઓ કોમવાદી છે એવો અભિપ્રાય ન બંધાય. મારા આ કહેવાનો વિકૃત અર્થ કરીને એવું કહેવામાં આવે છે કે મેં પારસી મતદારોને એવી અપીલ કરી છે કે તેઓ સર કાવસજીને બિલકુલ મત ન આપે. આ વસ્તુ બરાબર નથી.'

મુંબઇ પ્રાંતિક સમિતિના પ્રમુખ તરીકે અને મુંબઇ પ્રાંતની પાર્લામેન્ટરી બોર્ડના ચેરમેન તરીકે શ્રી નરીમાનની તો ચોખ્ખી ફરજ હતી કે પારસી મતદારોને એવી અપીલ કરવી જોઇએ કે તેમણે કોંગ્રેસી ઉમેદવારોને જ મત આપવા.

તા. ૧૪મી નવેમ્બરે ચૂંટણીને દિવસે સરદાર આખો દિવસ ચૂંટણીનાં બધાં મથકો ઉપર ફરતા હતા. સાંજે ચાર વાગ્યે દાદર મથક ઉપર ગયા ત્યાં તેમને કહેવામાં આવ્યું કે બે વાગ્યે શ્રી નરીમાન અહીં આવીને બધા સ્વયંસેવકોને એવી સૂચના આપી ગયા છે કે બીજા લત્તાઓમાં શ્રી મુનશીને ખૂબ મતો મળ્યા છે માટે અહીં બધા મતદારોએ પોતાના બંને મત ડૉ. દેશમુખને જ આપવા એમ કહેવું.આ સૂચના પાછી ખેંચાવવા શ્રી મુનશી તરફથી કામ કરનાર તેમના એજંટોએ શ્રી નરીમાનને સમજાવવા બહુ પ્રયત્ન કર્યા પણ શ્રી નરીમાને માન્યું નહીં. શહેરમાં પણ સખત અફવા ચાલી કે ડૉ.દેશમુખને દાદરમાં બંને મત અપાવીને શ્રી મુનશીની સ્થિતિ નરીમાને બહુ બગાડી છે.[૧૩] તા. ૨૨મી નવેમ્બરે ચૂંટણીનું પરિણામ જાહેર થયું સર કાવસજી જહાંગીર ૧૮૧૪૦ મતથી વિજયી થયા અને શ્રી મુનશી ૧૭૦૧૫ મતો મેળવીને પરાજય પામ્યા. ડૉ. દેશમુખ કોંગ્રેસી ઉમેદવાર તરીકે ૧૯૮૭૨ મતથી વિજયી નિવડ્યા હતા.[૧૪]

આ પરિણામ ઉપરથી ચોખ્ખું દેખાય છે કે દાદર મથકે શ્રી નરીમાને આપેલી સૂચનાથી ગરબડ ન થઇ હોત તો ડૉ. દેશમુખ અને શ્રી મુનશી, બંને કોંગ્રેસ ઉમેદવાર ચૂંટાઇ જાત અને સર કાવસજી રહી જાત. કારણ મતદાનનું પૃથક્કરણ કરતાં એમ જણાયું છે કે દાદરમાં ડૉ. દેશમુખને ૮૦૦ થી ૧૦૦૦ બેવડા મત મળ્યા હતા. છાપાંઓમાં પણ શ્રી નરીમાન ઉપર આ વિષે બહુ સખત ટીકાઓ થઇ.

ડિસેમ્બર મહિનામાં એકવાર શ્રી નરીમાન શ્રીમતી લીલાવતી મુનશીને લઇને સરદાર પાસે ગયા અને ફરિયાદ કરી કે શ્રીમતી લીલાવતી તેમના ઉપર આરોપ મૂકે છે કે ગઇ ચૂંટણીમાં મેં જ શ્રી મુનશીનું બગાડયું છે. આ ઉપરથી સરદારે શ્રી નરીમાનને સાફ સાફ સંભળાવ્યું કે 'શ્રીમતી લીલાવતી શું ખોટું કહે છે? ચૂંટણીઓમાં તમે જે ભાગ ભજવ્યો છે તે મારી તો સમજમાં જ આવતો નથી. તમે કોંગ્રેસને દગો દીધો છે એ નિર્ણય ઉપર આવવા સિવાય બીજો વિકલ્પ મારી પાસે નથી. તમે આવી ખરાબ રીતે ન વર્ત્યા હોત તો સર કાવસજી કદી ફાવત નહીં.માટે આ બાબતમાં હવે તમારે તો કોઇની સામે ફરિયાદ કરવાપણું છે જ નહીં.' આ બધું સરદાર એમને સંભળાવતા હતા ત્યારે આ બાબતની તપાસ થવી જોઇએ એવો એક હરફ પણ તેમણે ઉચ્ચાર્યો નહીં.

સરદારે પોતાની કેફિયતના અંતમાં શ્રી નરીમાન ઉપર નીચે પ્રમાણે ચોક્કસ આક્ષેપો મૂક્યાઃ

૧. મુંબઇ શહેરની બે બેઠકોમાંથી એક બિનકોંગ્રેસી ઉમેદવાર સર કાવસજી માટે ખુલ્લી રહેતી હતી ત્યાં સુધી બીજી બેઠક માટે ઊભા રહેવા શ્રી નરીમાન તૈયાર હતા. ૨. પણ બંને બેઠકો માટે કોંગ્રેસના ઉમેદવારો ઊભા કરવાનું નક્કી થયું ત્યારથી શ્રી નરીમાનનો ચૂંટણીમાંથી રસ ઊડી ગયો. ૩. ૧૯૩૪ના જુલાઇમાં ઉમેદવાર તરીકે તેમનું નામ નક્કી કરવામાં આવેલું હોવા છતાં ચૂંટણી માટે કામ કરવાનો તેમનો કશો પ્રયત્ન કરેલો નહીં. ૪. સર કાવસજીને હરાવવાની ખાતર તેમણે ઉમેદવાર તરીકે પસંદ કરવામાં આવ્યા છે એવું તેઓ પૂરેપૂરું જાણતા હોવા છતાં તા. ૧ લી ઓક્ટોબર પછી પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેવાના તેમણે અનેક પ્રયત્નો કર્યા. ૫. ચૂંટણી વખતે લડવાને માટે ખર્ચની તેમને ખાતરી અપાયા છતાં તેમણે પોતાની ઉમેદવારી કાયમ રહે તે માટે કશાં સક્રિય પગલાં ભર્યાં નહીં. ૬. મતદારોની યાદીમાં ૪૫, એસ્પ્લેનેડ રોડ, એ સરનામું પોતાનું નથી એવું જાણતા હોવા છતાં ડૉ. દેશમુખ તથા શ્રી છોટાલાલ સોલિસિટરને એમ માનવાને કારણ આપ્યું કે એ સરનામું પોતાનું છે અને એ પ્રમાણે શ્રી છોટાલાલે ઉમેદવારીપત્ર ભર્યું તેના ઉપર પોતે સહી કરી આપી. ૭. છેક છેલ્લી મિનિટે પોતાનું ઉમેદવારીપત્ર પાછું ખેંચી લઇને તેમણે ઇરાદાપૂર્વક કોંગ્રેસની પ્રતિષ્ઠાને ફટકો માર્યો. ૮. તેમનું ઉમેદવારીપત્ર પાછું ખેંચી નહીં લેવાની મારી ચોક્કસ સૂચના હોવા છતાં તેનો તેમણે છડેચોક ભંગ કર્યો. ૯. વડી ધારાસભાના મતદારોની યાદીમાં પોતાનું નામ ન હોય તોપણ અમુક નિયમ પ્રમાણે તેઓ ઉમેદવારી કરી શકે છે એમ વારંવાર કહેવામાં આવ્યા છતાં તેમણે પોતાનું ઉમેદવારીપત્ર પાછું ખેંચી લીધું. ૧૦. બીજું ઉમેદવારીપત્ર નોંધાવવાનો પૂરતો સમય અને પૂરતી તક હોવા છતાં તેમણે બીજું ઉમેદવારીપત્ર નોંધાવ્યું નહીં. ૧૧. શ્રી નરીમાનનું ઉમેદવારીપત્ર છેલ્લી તપાસણીમાં નામંજૂર થાય તો જ શ્રી મુનશીએ ઊભા રહેવાનું છે એવી સ્પષ્ટ સમજૂતી તેમની સાથે થયેલી

હતી તેનો ભંગ કરીને તેમણે વિશ્વાસભંગ કર્યો છે. ૧૨. અધિકારીઓએ તેમનું ઉમેદવારીપત્ર સ્વીકારવાની ના પાડેલી નહીં હોવા છતાં તેમણે બીજું ઉમેદવારીપત્ર આપેલું જ નહોતું અને મને તથા લોકોને ખોટી રીતે એવું મનાવ્યું કે તેમણે બીજું ઉમેદવારીપત્ર ભર્યું છે. ૧૩. કોંગ્રેસ ઉમેદવારને ટેકો આપવાની પારસી કોમને અપીલ કરવાનું તેમને કહેવામાં આવ્યું છતાં તેમણે એમ કરવા ના પાડી. ૧૪. ચૂંટણીના કામમાં કશો સક્રિય ફાળો નહીં આપેલો હોવા છતાં અને ચૂંટણીની આખી લડત બે ઉમેદવારો તથા મારા ચાર્જમાં હોવા છતાં ચૂંટણીને દિવસે મતદાનમાં તેમણે બિનજરૂરી દખલ કરી અને દાદરમાં કાર્યકર્તાઓને સૂચના આપી કે બંને મત એક જ ઉમેદવારને આપવાનું મતદારોને કહેવું. ૧૫.આ સૂચના ફેરવવાને તેમને વારંવાર કહેવામાં આવ્યું છતાં તેઓ પોતાની સૂચના રદ કરવા ફરી દાદર ગયા જ નહીં. ૧૬. આને પરિણામે એક કોંગ્રેસ ઉમેદવારની હાર થઈ અને જે બિન કોંગ્રેસી ઉમેદવારનો સામનો કરવા માટે શ્રી નરીમાનને ખાસ ઊભા કરવામાં આવ્યા હતા તે ફાવી ગયા.

આ બધાં કારણોથી મારો શ્રી નરીમાન ઉપર આરોપ છે કે એક જવાબદાર કોંગ્રેસી તરીકે, મુંબઇ પ્રાંતિક કોંગ્રેસના પ્રમુખ તરીકે, મુંબઇ પ્રાંતિક પાર્લામેન્ટરી બોર્ડના ચેરમેન તરીકે અને કોંગ્રેસે ઊભા કરેલા એક ઉમેદવાર તરીકે શ્રી નરીમાને જે ફરજ બજાવવી જોઇતી હતી તે બજાવવામાં ગંભીર ચૂક કરી છે.

સરદાર નરીમાનને ખૂબ સારી રીતે જાણતા હતા. તેમણે ૧૨ ડિસેમ્બર ૧૯૩૭ના રોજ રાજેન્દ્રપ્રસાદને પત્ર લખ્યો હતો. 'મુંબઈમાં નરીમાને સામ્યવાદીઓ જોડે હાથ મિલાવ્યા છે, પણ હજી ઉઘાડી રીતે આમ કર્યું નથી. સમાજવાદીઓ જોર જમાવી રહ્યા છે. પ્રતિનિધિઓની પસંદગી વખતે ગાંધીવાદી વિરોધી હોય તે બધાને કાઢી નાખજો. હવે મક્કમ ધોરણ અપનાવવાનો સમય આવી લાગ્યો છે.'[૧૬] સરદારના ઉપરોક્ત પત્ર પરથી ધ્યાનમાં આવે છે કે સરદાર નરીમાનની દરેક ગતિવિધિઓની માહિતી મેળવતા હશે. સને ૧૯૩૭માં પ્રાંતિક ધારાસભાની ચૂંટણીઓ આવી ત્યારે નરીમાનના અગાઉના કોંગ્રેસના શિસ્તભંગને ભૂલીને સરદારે કોંગ્રેસી ઉમેદવાર તરીકે પસંદ કર્યા નરીમાન મોટી બહુમતીથી ચૂંટાઇ આવ્યા.

મુંબઇ પ્રાંતના ધારાસભ્યો પક્ષના નેતા તરીકે પોતાને જ ચૂંટશે એવી નરીમાનને સંપૂર્ણ ખાતરી હતી. પણ તેમને ખબર પડી કે ધારાસભ્યો તેમને નેતા ચૂંટવાના નથી. ધારાસભ્યોએ પક્ષના નેતા તરીકે એ વખતે તદ્દન અજાણ્યા એવા બાળાસાહેબ ખેરને પસંદ કર્યા. ત્યારે નરીમાનને વીજળી જેવો આંચકો લાગ્યો. તેમને ભારે દુઃખ થયું. તેઓ અત્યંત રોષે ભરાયા. તેમણે માની લીધું કે આની પાછળ સરદાર વલ્લભભાઈનો હાથ રહેલો છે. અને સરદારે પોતાની લાગવગનો ગેરવાજબી ઉપયોગ કરીને તેનો દ્વેષભાવ રાખીને પોતાને મુંબઇ ધારાસભાના નેતા ન ચૂંટાવા દીધા એવું આળ નરીમાને મૂક્યું. અને સરદારે કોમીભાવનાથી પારસીને બદલે હિંદુ બાળાસાહેબ ખેરને પસંદ કર્યા તેવી બદનામી મુંબઇનાં પારસી છાપાંઓમાં થવા લાગી. કોમવાદ ઉપરાંત કાવતરાખોરીનો પણ આક્ષેપ મૂકાયો. તે વખતે એવી સ્થિતિ સર્જાઇ કે સરદારની વાત સાંભળવા કોઇ તૈયાર નહોતું. સરદારે આ નિર્ણય નરીમાનની ભૂતકાળની વર્તણૂક ધ્યાનમાં લઇને લીધો હતો. તે સમયના મુંબઇના પારસી વર્તમાનપત્રોએ સરદારને ભાંડવાનું કશું જ બાકી ન રાખ્યું. એટલું જ નહીં, મહાગુજરાતના મહાનાયક ઇંદુલાલ યાજ્ઞિકે પણ નરીમાનની તરફેણમાં અને સરદારની વિરુદ્ધમાં ઝુંબેશ ચલાવી તે વખતે તેઓ હિન્દુસ્તાન પ્રજામિત્રના કાર્યાલયે બેસતા. સરદારે ઇન્દુલાલને છાપાબાજીમાંથી વારવાને માટે દાદાસાહેબ માવલંકરને મોકલ્યા હતા. તેમણે સરદાર વિરુદ્ધ ઇન્દુલાલના પ્રચાર વિશે વાત કરી ત્યારે ઇન્દુલાલે શું કીધું તે તેમના શબ્દોમાં જોઇએ.

હું જ મારી બાતમી પરથી છાપામાં લખું છું તે સાચી કે વિશ્વાસપાત્ર ન હોય એવી શંકા માવલંકરે રજૂ કરી ત્યારે મેં તરત કહી દીધું કે મેં કંઇ મુંબઇનાં બધાં છાપાંનો ઇજારો નથી લીધો અને સરદારને જે ખુલાસા કે જવાબ આપવા હોય તે તેમનાં છાપાંની કટારોમાં આપી શકે છે.[૧૭] અહીં વિષયાંતર કરીને પણ એક વાત ચોક્કસ કહેવી પડે કે આજ ઇન્દુલાલ યાજ્ઞિક સન ૧૯૪૦માં કિસાનસભાનું કામ કરતાં જેલમાં જાય છે ત્યારે વ્યક્તિગત સત્યાગ્રહમાં સામેલ થયેલા કોંગ્રેસી મિત્રોને જેલમાં મળે છે ત્યારે નરીમાનની નીતિરીતિ વિષેની હકીકતો જાણે છે. અને તેઓ જેલમાંથી છૂટીને ૧૯૪૨ના આરંભમાં પોતાની ભૂલનો એકરાર કરવા સરદારને મળવા મુંબઇ પહોંચે છે અને સરદારની માફી

માગે છે. સરદાર સાહેબ તેમને ફરીથી દિલમાં સમાવી લે છે.

તા. ૧૫ મી માર્ચના રોજ નરીમાન છાપાંજોગું એક નિવેદન બહાર પાડીને જણાવે છે કે-

ગમે તેમ બન્યું હોય, એક વ્યક્તિના હકો ગમે તેટલા હોય પણ એક કડક શિસ્તપાલક વફાદાર કોંગ્રેસી તરીકે બહુમતીનો ચુકાદો આનંદપૂર્વક અને કશા કચવાટ વિના મારે સ્વીકારી લેવો જોઈએ. આ ચૂંટણીથી મારી લાગણી દુભાઇ નથી એમ હું કહું તો એ અપ્રામાણિકતા ગણાય પણ મારામાં શિસ્તની એટલી ભાવના છે અને જાહેર કર્તવ્યનું મને એટલું ભાન છે કે રાષ્ટ્રીય કાર્યમાં મારી લાગણીને હું આડે આવવા દઈશ નહીં. એટલે જ્યાં સુધી શ્રી ખેર આપણા પક્ષના ચૂંટાયેલા નેતા છે ત્યાં સુધી પૂરા હૃદયથી અને સાચી નિષ્ઠાથી તેમને સહકાર આપવાની આપણે પ્રતિજ્ઞા લેવી જોઈએ.[૧૮] આમાં પોતાને અન્યાય થવાની પોતાની માન્યતાનો ધ્વનિ સ્પષ્ટ દેખાય છે. તા. ૧૯ મી માર્ચે દિલ્હીમાં ચૂંટાયેલા અને મહાસમિતિના સભ્યોનું સંમેલન થવાનું હતું. તેમાં હાજર રહેલ ૪૭ ધારાસભ્યોએ જાહેર નિવેદન કર્યું. તેમાં તેમણે સરદાર પર કરેલા આક્ષેપો વાહિયાત ગણાવ્યા. એક બાજુ પારસી છાપાં તો સરદારની ટીકા કરવામાં બાકી જ રાખતાં નહોતાં. તે સમયે ગાંધીજીના મંત્રી મહાદેવભાઈ દેસાઇ સરદારને તા. ૨૫-૭-૧૯૩૭ના પત્રમાં જણાવે છે કે-

એ માણસની (નરીમાનની) હલકાઈનો કાંઇ સુમાર નથી અને મુંબઇ નગરીની બેવકૂફીનો પણ સવાલ નથી. એ નરકપુરીમાં તમે ક્યાં જઈને સપડાયા એમ થાય છે. બાપુ (ગાંધીજી) ઉપર અને તમારા ઉપર ગાળોના વરસાદવાળા થોકબંધ કાગળો આવે છે. ઘણાખરા પારસીના હોય છે. પણ કેટલાક હૈયાફૂટા ગુજરાતીઓ પણ છે. છાપું જેવી ભયંકર વસ્તુ છે એ આ દિવસોમાં જોયું.[૧૮] આ વિવાદ બહુ લાંબો ચાલ્યો. આખરે શ્રી નરીમાનની ઇચ્છા અનુસાર ગાંધીજી અને મુંબઈના જાણીતા બેરિસ્ટર બહાદુરજીનું તપાસપંચ નીમવામાં આવ્યું. આ તપાસપંચે ખૂબ બારીકાઈથી આખા કેસનો અભ્યાસ કર્યો, સાક્ષીઓ તપાસ્યા અને પોતાનો ચુકાદો આપ્યો:

'મારી (બહાદુરજીની) પાસે કુલ ૮૩ નિવેદનો આવ્યાં છે. તે બધાં મેં શ્રી નરીમાનને બતાવ્યાં છે. તે બધાં તેઓ કાળજીપૂર્વક વાંચી ગયા છે અને કુલ ૫૮ નિવેદનોની તો તેમણે નકલો કરી લીધી છે અથવા તેમાંથી ઉતારા લીધા છે. પોતાના કેસની દલીલો કરવાની પણ તેમને તક આપવામાં આવી છે. એ બધા ઉપરથી મારો નિર્ણય એ છે કે ૧૯૩૪ની વડી ધારાસભાની ચૂંટણી બાબતમાં શ્રી નરીમાન ઉપર જે આક્ષેપો મૂકવામાં આવ્યા છે તે સાબિત થાય છે અને ૧૯૩૭ની નેતાની ચૂંટણી બાબતમાં શ્રી નરીમાને સરદાર વલ્લભભાઇ ઉપર જે આક્ષેપ મૂક્યો છે તે પુરવાર થતો નથી.'

ગાંધીજીએ આ ફેંસલાની સાથે પોતાની સંમતિ દર્શાવતી નીચે પ્રમાણેની નોંધ લખી:

'શ્રી નરીમાન-સરદાર કેસની બાબતમાં શ્રી બહાદુરજી પોતાનો ફેંસલો લઈને મારી પાસે આવ્યા છે. આ કેસ મેં સાર્વજનિક હિતની ખાતર જ હાથમાં લીધો. તેમાં બહુ સંકોચપૂર્વક મેં શ્રી બહાદુરજીની મદદ માગી અને તે તુરતાતુરત એમણે આપી. પોતે માથે લીધેલા કામને ન્યાય આપવાને માટે કેટલી મહેનત કરવી પડશે તેનો તેમને પ્રથમ ખ્યાલ નહીં હોય. તેમની કીમતી મદદ વિના હું શું કરી શક્યો હોત તે હું જાણતો નથી. તેમનો ચુકાદો અમે સાથે વાંચી ગયા. મેં થોડા ફેરફાર સૂચવ્યા તે તેમણે તરત જ સ્વીકારી લીધા. એ બાદ કરતાં આખો ચુકાદો પૂરેપૂરો એમનો પોતાનો જ છે. મારી સાથે અગાઉથી કોઈ પણ જાતની મસલત કર્યા વિના તેઓ એ નિર્ણય પર આવ્યા છે. તેમણે આપેલી દલીલો તથા નિર્ણયો સાથે હું સંમત થાઉં છું.

ચુકાદાના દિવસે શ્રી નરીમાનને વર્ધા બોલાવવામાં આવ્યા હતા, પણ તે જઈ ન શક્યા એટલે ગાંધીજીએ બહાદુરજી સાથે મહાદેવભાઈને મુંબઈ મોકલ્યા. નરીમાન પોતાના બેરિસ્ટર સાથે બહાદુરજીની ઓફિસે ગયા. તેમને બહાદુરજીએ કહ્યું ચુકાદો સાંભળ્યા પછી તમારા વર્તન બદલ તમે જાહેરમાં દિલગીરી દર્શાવવાનું વિચારી શકો તો ચુકાદો બહાર ન પાડવો એવી ગાંધીજીની સૂચના છે. તેમ થાય તો તમારી દિલગીરી સાથે ગાંધીજી એક નિવેદન પ્રગટ કરશે એમ પણ તેમણે કહ્યું છે. નરીમાન કાળજીપૂર્વક ચુકાદો વાંચી ગયા.[૧૯] અને તેમણે એક નિવેદન બહાર પાડ્યું.

ગાંધીજીએ મને વિશ્વાસમાં લઈને, તેમણે કરેલી તપાસનો ચુકાદો મને બતાવ્યો તે માટે હું તેમનો આભારી છું. તે ચુકાદાનો મેં કાળજીપૂર્વક અભ્યાસ કર્યો છે. મારી પસંદગીના ન્યાયાધીશો, જેમને મારા મિત્રો ગણવાનો

અધિકાર હું ભોગવું છું. તેમણે આપેલા ચુકાદાને, મારે સ્વીકારી લેવો જોઇએ. તે ચુકાદો બહાર પાડવાનો તેમને અધિકાર હતો, પણ તેમણે મને ઉદારતાપૂર્વક કહ્યું કે તેમના ચુકાદાથી મને સંતોષ થયો છે તેવું હું જાહેર નિવેદન કરું તો તેઓ તે બહાર નહિ પાડે. મેં એમની સૂચના સ્વીકારી લીધી છે અને તે પ્રમાણે જાહેરમાં આ નિવેદન કરું છું. મને ખાતરી થઇ છે કે ૧૯૩૪ની વડી ધારાસભાની ચૂંટણી બાબતમાં કોંગ્રેસના એક જવાબદાર હોદ્દેદાર તરીકે હું, મારી ફરજ ચૂક્યો હતો. મારા કેટલાક મિત્રોને મેં એવું માનવાને કારણ આપ્યું હતું કે મારી બેદરકારીથી મેં ગંભીર વિશ્વાસભંગ કર્યો હતો.

૧૯૩૭માં મુંબઇની ધારાસભાના કોંગ્રેસ પક્ષના નેતાની ચૂંટણી બાબતમાં હું દિલગીરી સાથે કબૂલ કરું છું કે, મેં સામાન્ય વસ્તુસ્થિતિનો ખોટો ખ્યાલ રાખ્યો અને કેટલાક ધારાસભ્યોએ કરેલા નિવેદનોને આધારે મેં માની લીધું કે મને અન્યાય કરવામાં આવ્યો છે. મારા મિત્રોને અને કેટલાક વર્તમાનપત્રોને એ માન્યતામાં, મેં ભેળવ્યા. તેને પરિણામે ખૂબ કડવાશ થઇ અને કેટલાક વર્તમાનપત્રોએ સરદાર વલ્લભભાઇ ઉપર કોમી દ્વેષભાવનું આરોપણ કર્યું. મેં પહેલાં જાહેર કર્યું છે અને અત્યારે ફરીથી કહું છું કે આ આરોપ તદ્દન પાયા વિનાનો છે. સરદારે જો કાંઇ કર્યું હોય અથવા ન કર્યું હોય તે, કર્તવ્ય બુદ્ધિથી પ્રેરાઇને જ કર્યું હતું. હું દિલગીર છું કે આ ચળવળે અંગત અને કોમી સ્વરૂપ પકડ્યું અને જે ફરિયાદ સાચી નહિ પણ કલ્પિત હોવાની માનવાનો લોકોને હક્ક છે તે બાબતમાં, મહાત્મા ગાંધી અને શ્રી બહાદુરજીનો આટલો બધો સમય લેવામાં હું કારણભૂત બન્યો. આટલું કહ્યા પછી, મને લાગે છે કે જે જનતાની આટલા વર્ષો સુધી સેવા કરવાનો મેં દાવો કર્યો છે તે જનતાને, મારે ઇન્સાફ આપવો જોઇએ. મારી ઉપરનો તેમનો વિશ્વાસ પૂરેપૂરો સ્થાપિત થાય એટલા માટે હું પૂરો વિચાર કરીને જાહેર કરું છું કે મારા હોદ્દાઓની મુદ્દત પૂરી થયે જે તે જગ્યાઓ માટે હું ફરી ઊભો રહેવાનો ઇરાદો રાખતો નથી. તે હોદ્દાઓ ઉપર ઊભા રહ્યા વિના, કોંગ્રેસની અને જનતાની સેવા કરવાનો મારો નિશ્ચય છે, જેથી કરીને કડવાશ અને દ્વેષ દૂર થાય અને શાંતિ અને મેળ ફરીથી સ્થાપિત થાય.

નરીમાને ઉપર મુજબનું જાહેર નિવેદન કર્યા પછી તારીખ ૨૩મી ઓક્ટોબરે ફેરવી તોળ્યું. નરીમાન નામુકરર ગયા, એટલે પોતાનો ચુકાદો કોંગ્રેસ કારોબારીને સોંપવા સિવાય ગાંધીજી પાસે બીજો માર્ગ રહ્યો નહીં. નરીમાને આ ઝઘડાને એટલો બધો ચગાવ્યો કે સરદારને સૌ કોઇ દોષિત માનવા લાગ્યા. આ સમયમાં ૧૭ જુલાઇ ૧૯૩૭ના રોજ ગાંધીજીએ નરીમાનને પત્ર લખ્યો હતો જેમાં કહ્યું હતું કે... તમારો ઉશ્કેરાટ જે તમારો કાયમનો રોગ બની ગયો છે- તમે તમારી વકીલ તરીકેની તીક્ષ્ણ બુદ્ધિ પણ ગુમાવી બેઠા છો. હું જેમ જેમ આ કમનસીબ ઝઘડાનો વધારે વિચાર કરું છું તેમ તેમ મને વધુ ને વધુ સ્પષ્ટ થતું જાય છે કે તમારી ફરિયાદ તદ્દન કાલ્પનિક છે અને આ આંદોલનને ચાલુ રહેવા દઇને તમે તમારું તેમજ જનતાનું અહિત કરો છો.[૨૧]

કલકત્તામાં મળેલી કોંગ્રેસ કારોબારીએ તે જ દિવસે આ વિષે નીચે પ્રમાણે ઠરાવ કર્યો. શ્રી નરીમાને ઉઠાવેલા મુદ્દા વિશે મહાત્મા ગાંધી તથા શ્રી બહાદુરજીના રિપોર્ટ પર કારોબારીએ વિચાર કર્યો. તેની સાથે લખેલો મહાત્મા ગાંધીનો કાગળ તથા તપાસ સમિતિના રિપોર્ટની બાબત નરીમાને કરેલા બે નિવેદનો પણ, કારોબારીએ ધ્યાનમાં લીધા. પંચનો ફેંસલો, નરીમાને કરેલો તેનો સ્વીકાર તથા પાછળથી કરેલી તેની નાકબૂલાત, તે બધું જોતાં કમિટીનો એવો અભિપ્રાય થાય છે કે નરીમાનનું વર્તન એવું છે કે કોંગ્રેસમાં કોઇ પણ જવાબદારીનું કે વિશ્વાસનું સ્થાન ધરાવવાને તેમને કમિટી નાલાયક ઠરાવે છે.[૨૨] કોંગ્રેસ કારોબારીનો ઠરાવ બહાર પડતાં જ નરીમાન ફરીથી ઊછળ્યા. તેમણે ગાંધીજી ઉપર પક્ષપાત અને વચનભંગના આક્ષેપો કર્યા. બેરિસ્ટર બહાદુરજી અને પંડિત જવાહરલાલજીને પણ તેમણે ન છોડ્યા. તેમણે મન ફાવે તેમ જાહેર નિવેદનો પ્રગટ કર્યાં.

તપાસપંચનો ચુકાદો આવી ગયા પછી સરદારને પોતાના પૂરતું સમાધાન મળી ગયું હતું. એમના મનમાં કશી આંટી ન હતી. એનો પુરાવો દસ વર્ષ બાદ જોવા મળ્યો.

૧૯૪૭માં મુંબઇ મહાનગરપાલિકાની ચૂંટણી આવી. સરદાર પટેલે શ્રી નરીમાનને કોંગ્રેસ પક્ષ તરફથી ઊભા રહેવા જણાવ્યું તેઓ ચૂંટાયા અને પાછળથી પક્ષના નેતા પણ બન્યા. તેઓ એક કેસના મામલે દિલ્હી ગયા હતા. એક હોટલમાં ઊતર્યા હતા ત્યાં તા. ૪-૧૦-૧૯૪૮ની રાત્રે એકાએક હૃદય બંધ પડવાથી તેમનું અવસાન થયું. હોટલવાળાએ સરદારને ખબર આપી એટલે તેમણે એક પારસી અમલદારને હોટલમાં મોકલ્યા, તેમના ભાઇ-

ભોજાઇને ફોનથી ખબર આપી. બીજે દિવસે સવારે તેમના ભાઈની ઇચ્છાનુસાર તેમના મૃતદેહને ખાસ વિમાનમાં મુંબઇ મોકલી આપવાની વ્યવસ્થા સરદારે કરાવી. શ્રીમતી નરી પર તેમના પતિના અકાળ અવસાન માટે પોતાનું દુઃખ દર્શાવતો પત્ર સરદારે પાઠવ્યો.[૨૩] (આ પત્ર અપ્રાપ્ય છે.)

નરીમાન તરફી લોકોના પ્રયાસ અને ટીકાઓને કારણે વલ્લભભાઇ વેરવૃત્તિ અને શઠ માણસ હોવાની છાપ ઊભી થઇ-આ છાપ સ્વીકારી લેનાર એક લેખકે લખ્યું છે કે 'રાજકારણમાં પોતાને અગવડરૂપ છે તેવી છાપ જે માણસ માટે વલ્લભભાઇના મનમાં ઊભી થાય તે મૂઓ પડ્યો છે.[૨૪]

નરીમાન પ્રકરણ પછી એક વર્ષે થયેલી ખરેની હકાલપટ્ટીને કારણે વલ્લભભાઇના દુશ્મનોને તેમના પર જોહુકમી હોવાનો આક્ષેપ લગાવવા માટે ઉત્તેજન મળ્યું. આ હકીકતથી વાકેફ હોવા છતાં વલ્લભભાઇ આ બાબતમાં કશું કરી શકે તેમ ન હતા.

તેમણે કહેલું કે હા, મને ફાસીવાદી કહેવામાં આવે છે, તે હું પણ જાણું છું. મેં નરીમાનને શિકસ્ત આપી અને મારા આગ્રહથી કોંગેસ કારોબારીએ પ્રાંતના મુખ્ય પ્રધાનને પદભ્રષ્ટ કર્યા. પણ આ બંને માટે જરૂરી કારણો હતાં. કારોબારી સમિતિ જેની ચકાસણી કરી શકે તેવાં શિસ્તનાં પગલાંનો અમલ કરવો તે ફાસીવાદ ગણાય? થોડા દિવસ અગાઉ હું કરાંચીમાં હતો. (ખબરપત્રીએ) મને પૂછયું, 'તમે તમારી જાતને હિટલર સમજો છો?' 'મેં તેને કહ્યું કે, લોકો જે કંઇ કહે તે મહત્ત્વનું નથી. તેઓ મને હિટલર કહે અથવા હિટલરથી ચડિયાતો ભલે કહે', ઘણા દિવસે પછી મેં આ વાતચીતનું પરિણામ છાપામાં જોયું. 'હું હિટલર નથી. હું તો સવાયો હિટલર છું.' તેવું મેં કહ્યાનું લખાયું હતું.

આ બનાવને કારણે વલ્લભભાઈની લોકપ્રિયતામાં વધારો થયો હતો. કોંગ્રેસ પક્ષમાં દૃઢ મનોબળના માણસ તરીકે સરદારની આબરૂ જામી હતી. સરદારને ઘેટાંના ટોળાના આગેવાન થવું પસંદ ન હતું, અને દરેક માણસ જાતે વિચારતો થાય તેવું તેમને ગમતું પણ કોઇ માણસ વધારે પડતો ચિબાવલો થવા જાય અથવા કોંગ્રેસ મોવડીમંડળની સત્તાને પડકારે તો તેણે સરદાર જોડે કામ પાડવું પડતું.

ગાંધીજીને વલ્લભભાઇની નિષ્ઠાને અંગત સ્થાન સાથે કશો સંબંધ ન હતો તેવી ખાત્રી હતી. તા.૧૭-૭-૧૯૩૭ના ગાંધીજીએ નરીમાનને લખેલા પત્રમાં વલ્લભભાઈના સ્વભાવ અંગેનું મહત્ત્વનું વિશ્લેષણ છે. 'સરદારને સરકારી તંત્રમાં હોદ્દાની મહત્ત્વાકાંક્ષા નથી અને નેતાગીરીની પણ ખેવના નથી ઈશ્વરે તેમને કેટલીક શક્તિઓ આપી છે અને તેનો પૂરેપૂરો ઉપયોગ વલ્લભભાઈ કરે છે. લોકો પરનો પોતાનો પ્રભાવ ઘટે તો વલ્લભભાઈ ફરિયાદ કરે અથવા છાપાંઓમાં દોડા દોડી કરે તેવું તમે કદી જોઇ શકશો નહીં.'[૨૫] વર્તમાન રાજકારણમાં જોઇએ તો આજના નેતાઓ વર્તમાનપત્રો સાથે કરોડોના સોદાઓ પોતાની પ્રસિદ્ધિ માટે કરે છે. જ્યારે સરદાર સાહેબ ક્યારેય આવી સસ્તી પ્રસિદ્ધિમાં માનતા નહોતા. તેમના મને તો સાચું કર્મ એ જ એમની ઓળખ હતી.

કનૈયાલાલ મુનશીએ નોંધ્યું છે કે -

અખિલ ભારતક્ષેત્રે તેમની (સરદારની) આયોજન શક્તિનો પરચો મને મળ્યો. ૧૯૩૬માં ત્યારે તે ચૂંટણીઓની વ્યવસ્થા કરતા હતા, પ્રધાન મંડળની રચના કરતા હતા, અને તેના ઉપર અંકુશ રાખતા હતા તેમજ વિપથગામી બળોને એક ચોક્કસ દિશા આપતા હતા. સમગ્ર દેશમાં તેમણે વિવિધ વ્યક્તિઓ તથા બળોનું આયોજન કરી તેમનું સંચાલન કર્યું, હાનિકારક મોરચાઓમાં ભંગાણ પાડ્યું અને નવીન બળોને સુઆયોજિત કર્યા, ત્યારે સમગ્ર દેશમાં કોંગ્રેસ મહત્ત્વાકાંક્ષાઓથી તરવરતા લોકોનો પક્ષ હતો. માત્ર સરદારની પ્રતિભાએ જ એમાં નિયમન અને શિસ્ત આણ્યાં. મુંબઇના કોંગ્રેસ પ્રધાન મંડળ (૧૯૩૭-૩૯)માં હું ૨૭ મહિના સુધી ગૃહપ્રધાન હતો ત્યારે તેમના ગાઢ સંપર્કમાં આવ્યો. દેશ બળવાન બને તે જ તેમની ઝુંબેશ હતી. અમે ઘણી વાર નિર્બળ બની જતા, ગર્વનરોનું મહત્ત્વ ઘટાડી અમને માત્ર બંધારણીય વડા તરીકેનું જ સ્થાન આપવાની કામગીરી બજાવતાં અમને આવડતી નહીં, ત્યારે સરદાર તખ્તા પર આવ્યા.[૨૬]

આમ સરદાર સાહેબ અનુશાસનના આગ્રહી હતા. તેમણે પોતાના વ્યવહાર અને અનુભવોમાંથી શીખ્યું હતું કે સ્વરાજ્ય જોઇતું હોય તો પ્રત્યેક વ્યક્તિએ અનુશાસનને પોતાના જીવનનો એક ભાગ બનાવવો જોઇએ. તેમજ માનવીય મૂલ્યો સાથે કોઇ સમાધાન ના હોવું જોઇએ. સંગઠન અને અનુશાસનની બાબતમાં તેમનું કહેવું હતું કે 'રાજનીતિના ક્ષેત્રમાં ક્યારેય સ્વતંત્રતા હોતી નથી. સંસ્થાના નિયમોનું પ્રત્યેક વ્યક્તિએ પાલન કરવું

જોઇએ.' પ્રતિસ્પર્ધી અને ટીકાકારો તરફનું સરદારનું વલણ હંમેશાં માનવતાપૂર્ણ હતું. નરીમાને 'સરદાર આપખુદ છે' એમ કહેવાની એક પણ તક છોડી ન હતી. અને સરદાર અને નરીમાનના સંબંધો વર્ષો સુધી બગડેલા રહ્યા હતા પણ સરદાર તો હંમેશાં કહેતા કે મારી આખીયે વર્તણૂકનો નિષ્પક્ષ વ્યક્તિઓ ન્યાય કરે અને જો હું આપખુદ સિદ્ધ થાઉં તો સજા હશે તે ભોગવીશ. આમાંયે સરદાર નિર્દોશ પુરવાર થયા. નરીમાને માફી માંગવી પડી. પછી તો નરીમાન જિંદગીભર સરદારના પ્રશંસક રહ્યા. સરદારના મનમાં તો ડંખ હતો જ નહિ. નરીમાનનું દિલ્હીમાં અવસાન થયું ત્યારે તેમના મૃતદેહને સરદારે ખાસ વિમાન દ્વારા દિલ્હીથી મુંબઇ પહોંચાડવાની વ્યવસ્થા કરેલી. તેનું બિલ પણ સરદારે અંગત રીતે ચુકવ્યું હતું.

ઉપરોક્ત પ્રસંગ સૂચિત કરે છે કે મતભેદ ગમે તેટલા હોય પણ સરદારના મનમાં હલકટતા, તુચ્છતા, વૈરભાવના કે ડંખ કોઇદિ આવતાં જ નહિ. આ એમની અપાર માનવતા હતી. સંસ્થાની પ્રતિષ્ઠા ઊભી કરવા અને જાળવી રાખવા માટેનો એક માત્ર માર્ગ એ છે કે સંસ્થાકીય અંકુશ ટકાવી રાખવો અને તે ખાતર સરદાર હંમેશાં કાળજી રાખતા.

**પાદનોંધઃ-**


૧. મણિબહેન વલ્લભભાઇ પટેલ અને ગ.મા. નાંદુરકર, સરદારશ્રીના પત્રો ભાગ-૨, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ, ૧૯૭૬, પૃ. ૨૦૧.

૨. અંબેલાલ નારણજી જોશી, રાષ્ટ્ર વલ્લભ સરદાર વલ્લભભાઇ, ગુજરાત પ્રકાશન મંદિર, મુંબઇ, ૧૯૪૮, પૃ. ૧૫૪.

૩. મૂલચંદ વર્મા, નરીમાન પોઇન્ટની પાળ પરથી, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, ૧૯૯૩, પૃ. ૯.

૪. પિલૂ નાણાવટી, પારસી પ્રજા, હોરમસદિયાર દલાલ (અનુવાદક), નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા, નવી દિલ્હી, ૧૯૯૭, પૃ. ૭૫.

૫. ઇન્દુલાલ યાજ્ઞિક, આત્મકથા ભાગ-૩, ગૂર્જર એજન્સી, અમદાવાદ-૧૯૫૬, પૃ. ૨૬.

૬. પિલૂ નાણાવટી, પૂર્વોક્ત, પૃ. ૭૫.

૭. આચાર્ય ચંદ્રશેખર શાસ્ત્રી, રાષ્ટ્ર નિર્માતા સરદાર પટેલ, સોસાયટી ફોર પાર્લામેન્ટરી સ્ટડીઝ, દિલ્હી- ૧૯૫૬, પૃ. ૪૫,૪૬

૮. મૂલચંદ વર્મા, પૂર્વોક્ત, પૃ. ૧૨.

૯. યશવંત દોશી, સરદાર પટેલનું જીવનચરિત્ર ભાગ-૧, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૨૦૦૨, પૃ. ૨૪૭.

૧૦. બારડોલી સત્યાગ્રહ, ખબરપત્ર-૧૨૮.

૧૧. યશવંત દોશી, પૂર્વોક્ત, પૃ. ૩૬૮.

૧૨. મૂલચંદ વર્મા, પૂર્વોક્ત, પૃ. ૧૩-૧૪.

૧૩. નરહરિ પરીખ, સરદાર વલ્લભભાઇ ભાગ-૨, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૯૫૨, પૃ. ૨૪૯.

૧૪. મૂલચંદ વર્મા, પૂર્વોક્ત, પૃ. ૧૪.

૧૫. નરહરિ પરીખ, પૂર્વોક્ત, પૃ. ૨૫૧.

૧૬. રાજમોહન ગાંધી, સરદાર પટેલ એક સમર્પિત જીવન, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૯૯૪, પૃ. ૨૬૪.

૧૭. ઇન્દુલાલ યાજ્ઞિક, આત્મકથા ભાગ-૫, પૃ. ૬૩.

૧૮. મણિબેન પટેલ અને ગ.મા. નાંદુરકર, સરદારશ્રીના પત્રો, ભાગ-૪, પૃ. ૧૦૯.

૧૯. રામનારાયણ પાઠક, સ્વતંત્ર ભારતના શિલ્પી સરદાર પટેલ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૭૫, પૃ. ૨૬૧, ૨૬૨.

૨૦. નરહરિ પરીખ, પૂર્વોક્ત, પૃ. ૨૬૧-૨૬૨.

૨૧. ગાંધીજીનો અક્ષરદેહ-૬૫, નવજીવન પ્રકાશન, અમદાવાદ, ૧૯૮૨, પૃ. ૪૨૪.

૨૨. નરહરિ પરીખ, પૂર્વોક્ત, પૃ. ૨૬૪.

૨૩. નરહરિ કે ભટ્ટ અને સિદ્ધાર્થ ન. ભટ્ટ, વલ્લભભાઇની માનવતા, શ્રી વી.એમ. પટેલ (લંડન) પ્રેરિત પ્રકાશન, સરદાર પટેલ સેવા સમાજ મીઠાખળી, અમદાવાદ, ૧૯૮૯, પૃ. ૬૦.

૨૪. રાજમોહન ગાંધી, પૂર્વોક્ત, પૃ. ૨૬૮.

૨૫. ગાંધીજીનો અક્ષરદેહ-૬૫, પૂર્વોક્ત, પૃ. ૪૨૫.

૨૬. કનૈયાલાલ માણેકલાલ મુનશી, કુલપતિના પત્રો, મુનશી ગ્રંથાવલી-૧૩, પ્રકાશક, ભારતીય વિદ્યાભવન, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ-૧૯૮૮, પૃ. ૪૮૪-૪૮૫.



(આસિસ્ટન્ટ પ્રોફેસર, સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઓન લાઇફ એન્ડ વર્કસ ઓફ સરદાર વલ્લભભાઇ પટેલ-સેરલિપ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦ મો.: ૯૬૨૪૫૫૬૬૫૪)

## જૂનાગઢની આરઝી હકૂમત

રાજેશ ડાભી

આરઝી હકૂમત એટલે ભારતની અખંડિતતાનો શકવર્તી પ્રસંગ. તા. ૯ નવેમ્બર, ૧૯૪૭ના દિવસે આઝાદીથી વંચિત રહી ગયેલા ને ભારતથી વિખૂટા પડી ગયેલા જૂનાગઢના લોકોએ લડત શરૂ કરી હતી ને આ દિવસે સરદાર વલ્લભભાઈ પટેલે જૂનાગઢમાં વિજય પ્રવેશ કરી પ્રચંડ તાકાતથી પ્રજામતની ઇચ્છા વ્યક્ત કરી હતી ને જૂનાગઢનું ભારતમાં વિલિનીકરણ થયું હતું.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય તરફથી પ્રગટ થયેલ લેખકશ્રી રતુભાઈ કોઠારીની પુસ્તિકામાં જૂના આરઝી હકૂમતમાં આ ઐતિહાસિક પર્વનું મહત્ત્વ ને તેની વાત વિસ્તૃત રીતે લખવામાં આવી છે. જેમાંથી અહીં સંકલન આ રીતે થાય છે:)

'ઈ.સ. ૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટે અંગ્રેજોની ગુલામીમાંથી ભારત આઝાદ થયું ત્યારે સ્વતંત્ર મુસ્લિમ રાજ્ય તરીકે પાકિસ્તાન અસ્તિત્વમાં આવ્યું. ગુજરાત – કાઠિયાવાડમાં અન્ય રાજ્યો ૧૯૪૭માં જ્યારે ભારત સાથે રહ્યાં ત્યારે જૂનાગઢે પાકિસ્તાન સાથે જોડાવાનું નક્કી કર્યું. આ નાના જૂનાગઢ રાજનું જોડાણ એના નવાબના તરંગી વિચારને લીધે પાકિસ્તાન સાથે થયું હોત તો ઇતિહાસ જુદો હોત.

જૂનાગઢને પાકિસ્તાનના સકંજામાં સપડાતું અટકાવવા પ્રજાએ 'આરઝી હકૂમત'ની સ્થાપના કરી હતી. આ આરઝી હકૂમતની કામગીરી પાછળ જે પુરુષાર્થનાં દર્શન થયાં છે તે આપણી આઝાદીની અમરગાથામાં યશોજ્જવલ પ્રકરણ બની રહેશે.

ભારતને આઝાદ કરવા, પ્રજાને જાગૃત કરવા ૧૮૭૫માં આર્યસમાજની ને ૧૮૮૫માં રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના થઈ હતી. ઈ.સ. ૧૯૧૯માં અમૃતસરના જલિયાંવાલા બાગની સભા ઉપર ઘાતકી ગોળીબાર થતાં સમગ્ર દેશ ઉકળી ઊઠ્યો. ઈ.સ. ૧૯૨૦માં ગાંધીજીએ અહિંસક સત્યાગ્રહ ને રચનાત્મક કાર્યો દ્વારા પ્રજાને જાગૃત કરવા દેશનું સુકાન હાથમાં લીધું. ૧૯૨૯માં શ્રી જવાહરલાલ નેહરુના પ્રમુખપદે લાહોરમાં રાષ્ટ્રીય કોંગ્રેસના અધિવેશનમાં સંપૂર્ણ સ્વરાજ મેળવવાની પ્રતિજ્ઞા લેવામાં આવી. ૧૯૩૦માં મીઠાના કાયદાના ભંગનો વ્યાપક સંગ્રામ શરૂ થયો. ૧૯૪૨માં અંગ્રેજોને ભારત છોડી જવાનું કોંગ્રેસે ઉગ્ર આંદોલન ઉપાડ્યું, પરંતુ ઈ.સ. ૧૯૪૦માં લાહોર મુસ્લિમ લીગની બેઠકમાં તેના આગેવાન શ્રી મહમદઅલી ઝીણાએ જાહેર કર્યું કે મુસ્લિમ પ્રજાને પાકિસ્તાનનું અલગ ને સ્વતંત્ર રાજ્ય જોઈએ છે. ૧૯૪૬ ફેબ્રુઆરીમાં બ્રિટિશ પ્રધાનમંડળને લાગ્યું કે ભારતને આઝાદી આપવામાં બંને દેશોનું હિત સમાયેલું છે. આ કારણે બ્રિટિશ પ્રધાનમંડળના ત્રણ સભ્યો સર પેથિક લોરેન્સ, સર સ્ટેફોર્ડ ક્રીપ્સ ને શ્રી એ.વી. એલેક્ઝાન્ડર માર્ચમાં આવ્યા. ૧૯૪૭ના માર્ચમાં વાઈસરૉય તરીકે લોર્ડ માઉન્ટબેટનની માયા તેની મદદથી તેમણે કોંગ્રેસ, મુસ્લિમ લીગ અને અન્ય રાજવીઓ સાથે વાટાઘાટો કરી. મુસ્લિમ લીગ સ્વતંત્ર પાકિસ્તાન માંગતું હતું.

વાટાઘાટો ને અંતે દેશનું નવું બંધારણ ઘડવાનું નક્કી થયું. શ્રી જવાહરલાલે કહ્યું, 'રાજ્ય બંધારણ સભાને સહકાર નહીં આપે તે દુશ્મન લેખાશે.' મુસ્લિમ આગેવાન શ્રી લિકાયત અલીખાને જવાબ આપ્યો કે દરેક રાજવાડાને સ્વતંત્ર રહેવાનો અધિકાર છે. જનાગઢના નવાબે એના મુસ્લિમ લીગી દીવાનની સલાહથી પાકિસ્તાન સાથે જોડાવાનો નિર્ણય કર્યો. ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ સુધીમાં જૂનાગઢના નવાબને કાઠિયાવાડના બીજા બે નાના રાજવી સિવાય ગુજરાતના બધા રાજવીઓએ ભારત સાથેના જોડાણ-ખત-ઉપર સહીઓ કરી. ઉકળતા ચરુ જેવી પરિસ્થિતિમાં સરદાર વલ્લભભાઈ પટેલે કુનેહ ને મુત્સદ્દીગીરી વાપરી રજાવીઓ સાથે અથાક મંત્રણાઓ કરી ભારતને છિન્ન-ભિન્ન થતું બચાવ્યું. કાઠિયાવાડ રાજકીય પરિષદના મંત્રી શ્રી ઉછરંગરાય ઢેબર માનતા હતા કે નવાબ પાકિસ્તાનમાં નહિ જોડાય. માંગરોળ ને માણાવદરના ખાન પાકિસ્તાનની રાજરમતમાં ફસાઈ ગયેલા. પાકિસ્તાન સાથે જૂનાગઢના નાપાક જોડાણનો વિરોધ થયો.

૨૫મી સપ્ટેમ્બર, ૧૯૪૭ના ગુરુવારની સાંજે મુહૂર્ત ને શુભ ચોઘડિયું જોઈ ૩૦ હજાર કાઠિયાવાડી સ્ત્રી-પુરુષોની મેદની વચ્ચે મુંબઈના માધવબાગમાં જૂનાગઢ માટેની નવી પ્રજાકીય સરકાર — આરઝી હકૂમતની સ્થાપના કરવામાં આવી. આરઝી સરકાર (હકૂમત)ના પ્રમુખ તરીકે શ્રી શામળદાસ લક્ષ્મીદાસ ગાંધીની નિમણૂક થઈ. 'આરઝી હકૂમત ઝિંદાબાદ'ના જયનાદોથી માધવબાગ ગાજી ઊઠ્યો. શ્રી રતુભાઈ અદાણી પણ સમિતિમાં હતા.

૨૪ ઓક્ટોબરથી ૨જી નવેમ્બર સુધી આરઝી હકૂમતની લોકસેનાએ લગભગ ૩૬ નવાબી ગામો પર પોતાનું વર્ચસ્વ જમાવી દીધું. નવાબ પોતાની સંપત્તિ લઈને ઓક્ટોબરના અંતમાં પોતાની બેગમ સહિત પાકિસ્તાન ચાલ્યા ગયા.

કુતિયાણામાં આખરી જંગ શરૂ થયો હતો. ૧૦મી નવેમ્બર સુધીમાં લોકસેનાએ કુતિયાણા સહિત ૧૦૬ ગામો ને કબજે કર્યા હતા. ઈ.સ. ૧૯૪૭ના નવેમ્બરના માસની ૯મી તારીખે જૂનાગઢે હિંદી સંઘનું શરણ સ્વીકાર્યું એટલે આરઝી હકૂમતે લડાઈ બંધ કરવાના હૂકમ દરેક મોરચે પહોંચાડી દીધા. ૭મી નવેમ્બરે જૂનાગઢના કાઉન્સિલની સિનિયર મેમ્બર કેપ્ટન હાર્વે જોન્સ મારફત દીવાને આરઝી હકૂમતના મુખ્ય પ્રધાન શામળદાસ ગાંધી સાથે વાટાઘાટ શરૂ થઈ. ૮મી નવેમ્બરે દીવાન સર શાહનવાઝ વેસ્ટર્ન ઈન્ડિયા ને ગુજરાતના સ્ટેટ્સના પ્રાદેશિક કમિશનરને એક પત્ર લખી જૂનાગઢના વહીવટની વિનંતી કરી.

૯મી નવેમ્બરે સાંજે છ વાગે બ્રિગેડિયર ગુરુદયાલસિંહની હાજરીમાં કેપ્ટન હાર્વેએ હિંદ સરકારના ચીફ સેક્રેટરી શ્રી બુચને જનાગઢનો કબજો સોંપ્યો. આગલે દિવસે જ દીવાન શાહનવાઝ ભૂતો કરાંતી ઉપડી ગયા. જૂનાગઢમાંથી સદાને માટે નવાબી અસ્ત થઈ ગઈ.

ભારતના નાયબ વડાપ્રધાન ને રોજનું સ્થાનિક ખાતું સંભાળી રહેલા સરદાર વલ્લભભાઈ પોતે ૧૯૪૭ની ૧૩મી નવેમ્બરે જામનગર, રાજકોટ થઈને જૂનાગઢમાં વિજયપ્રવેશ કર્યો.

જૂનાગઢની પ્રજાની ખાસ ઈચ્છા ને ઝંખનાને લીધે જ હિંદી સૈન્યે જૂનાગઢમાં પ્રવેશ કર્યો છે. શ્રી કનૈયાલાલ મુનશી, જામસાહેબ, શામળદાસ ગાંધીએ વેરાવળ, પ્રભાસપાટણ ને સોમનાથના મંદિરની મુલાકાત લીધી. નવાબની સત્તા હેઠળ પડેલા મુખ્ય દેવસ્થાનોની બગડેલી હાલત જોઈ સરદાર ને મુનશી દુઃખી દુઃખી થઈ ગયા. સોમનાથના મંદિરોનો જીર્ણોદ્ધાર કરવા નિર્ણય લેવાયો. આઝાદ હિંદના પ્રથમ વર્ષે વિક્રમ સંવત ૨૦૦૪ની સાલના ઉદય સમયે વેરાવળની પ્રજાએ 'જય સોમનાથ'નો પ્રચંડ ઘોષ કરી ગગન ગજાવ્યું. આરઝી હકૂમત ને લોકસેનાએ રાજકીય આઝાદીનો માર્ગ મોકળો કરવાની સાથે ધાર્મિક ને સાંસ્કૃતિક સ્વાતંત્ર્ય પણ અપાવ્યું. સરદારે જાહેરસભામાં પ્રજાને ખાતરી આપતાં પ્રશ્ન પૂછ્યો કે, 'તમારે ભારત સાથે જોડાવું છે કે પાકિસ્તાન સાથે?' એ વખતે આકાશ ફાડી નાખે એવા પ્રચંડ અવાજે જવાબ મળેલો કે 'ભારત સાથે!'

જૂનાગઢમાં હજી આ અવાજ સંભળાય છે. તેનું સ્મરણ પ્રતિ વર્ષ થયા કરે છે.

વિશાળ માનવ સમુદાય વચ્ચે મુંબઈમાં પ્રમુખ શ્રી શામળદાસ ગાંધીએ માધવબાગમાં કરે ભાષણના શબ્દોઃ

'હું જૂનાગઢનો પ્રજાજન છું. હું જૂનાગઢનો બારખલીદાર છું. મારા દાદાના નામ ઉપર જૂનાગઢ રાજ્યમાં જમીન છે, કુળદેવી કુતિયાણામાં છે. મારા કાકા પૂજ્ય ગાંધીજી વેરાવળના દરિયા કિનારે ખૂબ રમ્યા છે. આજે જૂનાગઢ રાજ્યની પ્રજાએ જે આરઝી હકૂમત રચી છે તે જગતના તમામ સુધરેલા દેશોએ સ્વીકારેલા લોકશાહીના સિદ્ધાંતને અનુસરે છે. નવાબ પ્રત્યેની વફાદારી પૂરી થઈ ને હવે લોકો પ્રત્યે ને લોકશાહીના સિદ્ધાંત પ્રત્યે છે. એનું મૂલ્ય ચૂકવવા અમારી છાતીઓ ખુલ્લી છે, અમારાં મસ્તક ઉન્નત છે. જૂનાગઢ રાજ્યની તસુએ તસુ ધરતી ઉપર આજથી અમારો અધિકાર છે. અમારા આ ધર્મયુદ્ધોનો ત્યારે જ અંત આવશે જ્યારે જૂનાગઢના આકાશમાં અમારો ધ્વજ ફરકશે ને જૂનાગઢનો કારોબાર પ્રજાના હાથમાં આવશે.'

('આપણા લોકઉત્સવો'માંથી સાભાર)

## Why fret over might-haves of history?

S.K. Sinha

During my student days, I revered Gandhiji, adored Nehru and admired Patel. That got accentuated after I joined the Army, three years before Independence. I had seen each of them from a distance before joining the Army. I now had the good fortune to see them from fairly close quarters.

I was dealing with internal security as a junior staff officer at Army Headquarters during the Partition riots. The Mahatma single-handedly achieved more positive results in Calcutta than our over 50,000 Punjab Boundary Force in Punjab.

I accompanied then Maj. Gen. Cariappa to the Harijan colony when he briefed the Mahatma on how the Indian Army had rescued Srinagar. I saw Nehru twice in his office, first after we had broken through Zojila Pass in November 1948. I accompanied Cariappa, by then a lieutenant-general and our Army Commander.

He briefed him on the advance to Kargil and beyond to besieged Leh. The second time was when the Indian delegation, of which I was the secretary, was going to the UN Conference for delineating the ceasefire line in Kashmir.

My interaction with Patel was remoter. He used to go for his morning walk in Lodi Gardens accompanied by a few people when I would be out for my morning run. I would stop running on seeing him and do my "Pranam". He would nod in reply.

Later the nod became a smile of recognition. In September 1948, he summoned Cariappa to discuss Army intervention in Hyderabad. I sat with his PA on the veranda of his house from where I could see him and Cariappa talking in the room.

Nehru and Patel functioned like the two hands of the Mahatma, one with Leftist leanings and the other Rightist. They were united in their total loyalty to him. The Mahatma had paternal affection for Nehru. He appreciated Patel's practical approach and his ability as a doer. After the Bardoli campaign, he gave him the title of Sardar.

Patel was the organisation man who controlled the party. Nehru was an idealist and a visionary. He was a charismatic figure who was the icon of the youth. Despite the Congress Party almost unanimously voting for Patel to be Prime Minister, the Mahatma overruled the party and chose Nehru. Like a disciplined soldier Patel accepted this decision without a murmur.

He agreed to serve as deputy Prime Minister under Nehru, who was 14 years younger to him. Patel made a stupendous contribution to the history of India not only as the integrator of over 500 Princely States but to administrative functioning, retaining the ICS and the IP against opposition and insisting on having the All-India Services — the new IAS and IPS.

By January 1948, sharp differences arose between Nehru and Patel. The latter wanted to resign from the Cabinet. The Mahatma sent for both to patch up their differences. He got them to agree to work together.

For the first time he got five minutes late for his prayer meeting. He was assassinated at five past five on that date. Patel never wavered in his commitment to the Mahatma, serving loyally with Nehru to the end of his life. Nehru's sacrifice and contribution to our freedom struggle were legendary.

He established our democratic polity and provided stability through 17 uninterrupted years as Prime Minister. His emphasis on education in science became the harbinger of India's present success in the field of science and technology.

His foreign policy, based on moral principles, propelled India to a unique international position, making us all so proud. His strategic myopia got highlighted during the Himalayan debacle of 1962 and when Kashmir started boiling. One felt that our God had failed.

The British field army was decimated at Dunkirk. Britain was left with no allies. France and the rest of Europe had surrendered. The USSR changed sides one year afterwards. The US joined the war two years later. A German invasion of England was imminent.

Yet Churchill thundered on. Comparatively, India was in a much better position in November 1962. The bulk of the Indian Army was intact. The Himalayan passes were closing due to snow, reducing Chinese offensive capability on the plains. We had the powerful support of the US and other countries.

With all this in our favour, Nehru, in his broadcast to the nation, said his heart went out to the people of Assam, wrote desperate letters for help to the US President and accepted a humiliating unilateral ceasefire. Despite being a dedicated democrat, he was persuaded by his daughter, whom he had appointed party president.

He also took the undemocratic decision to dismiss a democratically elected Communist government in Kerala. This also showed his leaning to promote his daughter in politics, unlike any of his political colleagues. His daughter and successive generations blatantly imposed dynastic rule on the country.

All this cast a shadow on his democratic credentials. Patel's sagacity and strategic vision stands out when one reads his letter of December 17, 1950, written a few weeks before his death, warning Nehru of the threat from China.

Many people now started saying it would have been better if Patel had been our first Prime Minister and Nehru after his death. This was well before Narendra Modi grew up and started working in a tea stall. After Patel's death some loyalists and so-called secularists tried to downplay Patel's contribution and dub him communal.

Both Nehru and Patel were secular but their approaches were different. Nehru showed special consideration for the minority to put them at ease. Patel assured the minority of fair treatment but warned them against riding two horses at the same time. The Mahatma is on record saying that Patel was secular but his blunt words could be misunderstood.

The Bharat Ratna award was introduced in 1954. Patel should have been the first recipient of this award. This was given to him in 1990, 40 years after his death, by a non-Congress government. Whereas there are memorials for half-a-dozen great political leaders in Delhi, there is none for Patel.

Countless government projects are named after the ruling dynasty, there is none after Patel. The great Sardar of India was sought to be reduced to the Sardar of Gujarat. Modi has been projecting Patel's great image both nationally and internationally. On the eve of the 2014 general election, the Congress has belatedly woken up to honour Patel.

It is now futile to raise a controversy over the might-haves of history and argue that Patel should have been the first Prime Minister of India. Destiny willed otherwise. Both Nehru and Patel were legendary leaders of their time and are our national icons. (Curtsey: Deccan Chronicle)

(The writer, a retired Lieutenant-General, was Vice-Chief of Army Staff and has served as Governor of Assam and Jammu and Kashmir)

# Rashtriya Uchchtar Shiksha Abhiyan (RUSA) : A study

**Vimal Shah**

## Introduction

*"The journey of a thousand miles begins with one step."*

- Lao Tzu

As far as planning in India is concerned, this is the most favorite quote. In the next five year plan i.e. 12th Five Year Plan, MHRD is going to launch its one of the ambitious project, called as, Rashtriya Uchhtar Shiksha Abhiyan (RUSA) – National Higher Education Mission. Like Sarva Shiksha Abhiyan and Rashtriya Madhyamik Shiksha Abhiyan (RMSA), RUSA is being developed to boost Higher Education Sector in India. Every once and while when the news related to International Ranking of Higher Education Institutes are popping, the policy-makers in Higher Education is found busy in searching for the best suitable excuses. This time, hopefully, rather engaging their energy in finding the ways and means for escaping, an approach towards the damage control and then development of Higher Education Sector is coming up. This study is exploring the anatomy of RUSA as well as tries to reveal the possible benefits.

## History and Developments in the scheme of RUSA

| | |
|---|---|
| November 2012 | Central Advisory Board of Education (CABE) had approved the draft of RUSA in its 60th Meeting held on 8th November, 2012. |
| February 2013 | The President of India announced the Scheme in his address to the joint sitting of Parliament on 21st February 2013 and Prime Minister also announced the Scheme in the Governors' conference on 12th February 2013 |
| June 2013 | Approved by Cabinet on 20th June 2013 as the only Centrally Sponsored Scheme (CSS) from department of Education. |
| September 2013 | Expenditure Finance Committee (EFC) of planning commission has cleared Scheme on 11th September 2013 and subsequently Hon'ble Finance Minister cleared Scheme on 23rd September 2013 |
| October 2013 | Cabinet Committee for Economic Affair (CCEA) approved RUSA on 3rd October, 2013 |

## Financial Outlay for RUSA

In 11th Plan, Higher Education Sector (UGC) had been disbursed Rs. 19800 cr. Out of sanctioned Rs. 46600 cr. for Expansion and Development while in 10th plan Rs. 9600 cr. had been disbursed. RUSA is considered to be of Rs. 99000 cr. in total. While Rs. 22,855 cr. is planned to be spent in 12th FYP. RUSA has basically two types of Center-State Fund Sharing. For the states ranging in Special Category, i.e. North-East States, Sikkim, J&K, HP and Uttarakhand, will receive in 90:10 manners while rest of the states and UTs will receive in 65:35 manners. It is being expected that States should mobilize 50% of its fund from PPP. Rs. 16227 cr. is being spent by Center while states will contribute Rs. 6628 cr. in RUSA in 12th FYP.

## Disbursement of Fund

Allocation of Grants will be based on certain perquisites as mentioned in the RUSA document. Here the proposed disbursement of the fund is explained in the brief in broader categories for easiness of understanding.

A. **Grants to Create New Universities**

1. 45 Autonomous Colleges will be converted into a University with grant support of Rs. 55 cr. each requires Rs. 2475 cr. outlay.
2. 35 Universities will be created by Conversion of colleges in to a Cluster University by grant support of Rs. 55 cr. each requires Rs. 1925 cr. outlay.

B. **Grants to Create New Colleges**

1. 60 new Model Colleges with the grant of Rs. 12 cr. each will be created with outlay of Rs. 720 cr.

2. 54 existing colleges will be converted into Model Colleges with grant support of Rs. 4 cr. each which requires Rs.216 cr. outlay.

3. 40 new colleges for Professional and Technical Education will be created with grant support of Rs. 26 cr. each which requires Rs. 1040 cr. Outlay.

C. **Infrastructure Grants to University / College**

1. 150 Universities will be provided Infrastructural Grants of Rs. 20 cr. each, which will require Rs. 3000 cr.

2. 3500 colleges will be supported by Rs. 2 cr. Each for Infrastructure Grants which requires Rs. 7000 cr. outlay.

D. **Grants for Faculty Recruitment and Improvement**

1. 5000 new faculty positions will be created with grant support of Rs. 58 lacks each which will require Rs. 2900 cr. outlay.

2. 20 States will be provided grant support of Rs. 10 cr. each for Faculty Improvement Programmes which will require Rs. 200 cr. Outlay. This amount will be provided to create Infrastructural Facilities at UGC Academic Staff Colleges.

3. 20 states will be provided grant support of Rs. 5 cr. each for Leadership Development for Educational Administrators Programme which will require Rs. 100 cr. outlay.

E. **Research, Quality, Equity, MIS, Vocationalization of Higher Education and Institutional Restructure**

1. 20 states will be provided grant support of Rs. 60 cr. each for Research, Innovation and Quality Improvement. This will require Rs. 1200 cr. Outlay.

2. 20 states will be provided grant support of Rs. 5 cr. each for Equity Initiatives which will require Rs. 100 cr. outlay.

3. 20 states will be provided Institutional Restructuring and Reform grants of Rs. 20 cr. each which will require Rs. 400 cr. outlay.

4. 20 states will be provided Rs. 10 cr. each grant support for Development of MIS for Higher Education as well as data collection and database management. This will require Rs. 200 cr. outlay

5. 20 states will be provided grant support of Rs. 10 cr. each for Capability Enhancement Programmes which will require Rs. 200 cr. outlay.

6. 20 states will be provided grant support of Rs. 15 cr. each for Vocationalization of Higher Education in the state. This will require Rs. 300 cr. outlay.

In order to implement RUSA, it is being proposed to utilize 4% of total plan cost, i.e. Rs. 879 cr. for Management, Monitoring, Evaluation and Research purpose.





Figure 1.1 Disbursement of RUSA Fund

## RUSA Implementation

To participate in RUSA, each state must create a State Higher Education Council (SHEC) which will be approaching RUSA authorities with the State Plan. RUSA will disburse Grants to State Government which will transfer these grants to SHEC. SHEC will allocate grants to the Universities / Colleges / Institutes and in-return all the grantee Universities / Colleges / Institutions will be required to submit Resource Utilization Certificated and Financial Accounts to SHEC. SHEC will create an MIS for the same. RUSA authorities will also collect information from both State Govt. and SHEC. As mentioned above, to participate in RUSA, states will be asked to complete certain perquisites. They are as follow;

| States | Institutions |
|---|---|
| ▪ State Higher Education Council | ▪ Institutional governance reforms |
| ▪ State Higher Education Plan | ▪ Academic reforms |
| ▪ Filling faculty positions | ▪ Examination reforms |
| ▪ Affiliation and examination reforms | ▪ Project Management Teams |
| ▪ Governance and administrative reforms | ▪ Equity Commitments |
| ▪ Academic reforms | ▪ Faculty recruitment & improvement |
| ▪ State funding commitment – share and timelines | ▪ Establishment of MIS |
| | ▪ Regulatory compliance |
| | ▪ Commitments on research and innovation efforts |

## Conclusion

RUSA is considered as one of the affirmative step which aims to change the Indian Higher Education Landscape radically. The Total outlay of RUSA, which is to be implemented in next three FYP is aimed at Rs. 99000 cr. out of which, Rs. 22855 cr. is being spent during the 12th FYP. At the end of RUSA it is being expected that 108 New Universities from Autonomous Colleges, 100 New Cluster Universities, 288 New Model Colleges and 266 Upgraded Model Colleges, 100 Professional Colleges, 20000 Faculty Position in 306 Universities will be created. As well as, 306 Universities will be given Rs. 20 cr. each and 8500 colleges will be given Rs. 2 cr. each as infrastructure grants, 67 UGC Academic Staff Colleges will be given Rs. 10 cr. each as Developmental Grants. All 35 States /UTs will be given Rs. 120 cr. for Research & Innovation, Rs. 20 cr. for Institutional Restructuring and Reform, Rs. 10 cr. for Capacity Building Programmes and Rs. 10 cr. for Management Information System. RUSA aims to spent Rs. 300 cr. for Leadership Development for Educational Administrators.

## References


1. Ministry of Human Resource Development (2013), *Rashtriya Uchh Shiksha Mission*: *National Higher Education Mission (2012),* retrieved from www.ugc.ac.in/ugc_notices.aspx?id=224.
2. University Grants Commission (2013), *Inclusive and Qualitative Expansion of Higher Education: Approach paper for 12th FYP (2012)* retrieved from www.ugc.ac.in/ugcpdf/740315_12FYP.pdf.



(Assistant Professor,
UGC Academic Staff College, Sardar Patel University, Vallabh Vidyanagar – 388 110
M.:8460090884)

# ડાયાબિટીસઃ કારણો, લક્ષણો અને સારવાર

**યોગેશ દેવલે, એ.આર.વી. મૂર્તિ**

ડાયાબિટીસ એટલે કે મધુમેહ. આયુર્વેદમાં વર્ણવેલ ૨૦ પ્રકારના પ્રમેહમાંનો. આ એક પ્રકાર છે. આ રોગનું આયુર્વેદના આદિ આચાર્યો ચરક, સુશ્રુત, વાગ્ભટ્ટ વગેરેએ વર્ણન કરેલું છે. આના પરથી આ રોગ પ્રાચીન કાળથી અસ્તિત્વમાં હોવાનો પુરાવો મળે છે.

આયુર્વેદના મત મુજબ આના મુખ્ય લક્ષણ વધારે માત્રામાં મૂત્રપ્રવૃત્તિ અને મૂત્ર જાડું થઈ જવું છે. જે લોકોને દિવસે તથા રાત્રે વધુ વાર મૂત્રત્યાગ માટે જવું પડે એમને ડાયાબિટીસની તપાસ કરાવવી જરૂરી છે.

ડાયાબિટીસ મેદોવહ સ્રોતસ એટલે કે મેદ/ચરબીનું સ્થાન અને મૂત્રવહ સ્રોતસ એટલે કે મૂત્રના સ્થાનને દૂષિત થવાથી થતો રોગ છે.

### ડાયાબિટીસના કારણોઃ

આરામદાયક જીવનશૈલી, કસરતનો અભાવ, દિવસે સૂવું, સ્થૂળતા હોવી.

આહારમાં દહીં, દૂધ અને દૂધની બનાવટો જેમ કે પનીર, ચીઝ, બટર, નવીન ધાન્ય, ગોળ તથા ગોળની બનાવટો. સાકર, ખાંડ તથા જળચર પ્રાણીઓનું માંસ વધુ માત્રામાં લેવાથી થતો રોગ છે.

આયુર્વેદ અનુસાર આ રોગ કફદોષ એટલે કે જે ભારી છે, વધુ વજનદાર છે, ધીમે ધીમે કામ કરે છે એના વધવાના લીધે થાય છે.

વિચાર કરવા યોગ્ય બાબત એ છે કે આજકાલ મોટાપા (obesity) અને ડાયાબિટીસના રોગીઓ વધુ જોવા મળે છે. આયુર્વેદમાં પહેલેથી જ વર્ણન કરેલું હતું કે ડાયાબિટીસ અને મોટાપો (obesity) એ એક જ સંસ્થાનમાં થતા રોગો છે.

### ડાયાબિટીસની શરીરમાં ઉત્પત્તિઃ

ડાયાબિટીસ કફ દોષના વધવાથી થાય છે. આ કફ, પિત્ત અને વાયુ આ ત્રણે દોષો જ્યારે મુખ્યતઃ મેદ ધાતુ સહિત શરીરના બીજા ઘટકોને પણ દૂષિત કરે છે, ત્યારે આ રોગની શરૂઆત થાય છે.

આના લીધે રોગી જે પણ ખોરાક લે તેમાંથી શરીરના ઘટકોને પોષણ ન મળતા શરીરમાં મળનો સંચય જેમ કે મેદ, ચરબી તથા કફ જમા થાય છે. આને શરીરમાંથી બહાર કાઢવા માટે વધુ મૂત્રનિર્માણ થાય જેથી મૂત્રનું પ્રમાણ વધી જાય છે.

### ડાયાબિટીસના લક્ષણોઃ

આયુર્વેદમાં કોઈપણ રોગ થવા પહેલા તેમાંના પૂર્વરૂપ એટલે કે અમુક એવા લક્ષણો જે ભવિષ્યમાં જે તે રોગની ચેતવણી આપે તેનું વર્ણન છે. એ લક્ષણો, દાંતમાં મળનો સંચય વધુ થાય, હાથ તથા પગમાં બળતરા, શરીર ચીકાસવાળું અનુભવાય.

મુખ્ય લક્ષણોઃ મૂત્રત્યાગ વારંવાર થાય, વધુ મૂત્ર, મૂત્રનો સ્વાદ મધુર થાય, હાથ તથા પગમાં બળતરા, ખાલી ચડી જવી કે ઝણઝણાટી થવી, મોં તથા ગળું વધુ સૂકાય, તરસ વધારે લાગે, સુસ્તી તથા આળસ અનુભવાય, શરીરમાંથી દુર્ગંધ આવવી, થાક લાગવો, વધુ ભૂખ લાગવી, વધુ પરસેવો આવવો, હંમેશાં સૂવાની ઈચ્છા થવી વગેરે જોવા મળે છે.

### ડાયાબિટીસના પ્રકારોઃ

આયુર્વેદ શાસ્ત્રના મત મુજબ ડાયાબિટીસ એ પ્રમેહના ૨૦ પ્રકારોમાંનું એક છે. આમાં ૧૦ કફદોષની પ્રધાનતાવાળા, ૬ પિત્તદોષની પ્રધાનતાવાળા અને ૪ વાતદોષની પ્રધાનતાવાળા છે. ડાયાબિટીસ એ આમાંનો એક પ્રકાર મધુમેહ છે. જો બધા જ પ્રકારના પ્રમેહોનો સારવાર ન થાય તો અંતમાં એ મધુમેહમાં પરિવર્તિત થાય છે.

આયુર્વેદની સુશ્રુત સંહિતામાં આના મુખ્ય બે પ્રકાર કરેલ છેઃ (૧) સહજ – જે જન્મથી જ હોય, આધુનિક વિજ્ઞાનમાં આને Juvenile Tiabetes કહે છે. (૨) અપથ્ય નિમિતજ – જે અયોગ્ય આહાર પદ્ધતિ તથા જીવનશૈલીના લીધે થાય છે. જેને આધુનિક વિજ્ઞાનમાં Type II diabetes પણ કહે છે.

### ડાયાબિટીસના ઉપદ્રવો (Complicaticty)ઃ

જો યોગ્ય સમયે ડાયાબિટીસની તપાસ તથા સારવાર કરવામાં ન આવે તો એ બીજા રોગોને પણ જન્મ દે છે. એ આ મુજબ છેઃ પાચન તંત્રની નબળાઈ, વધુ તરસ લાગવી, ખાવાની ઈચ્છા ન થવી, ઉલ્ટી થવી, વધુ ઠંડી લાગવી, શર્દી અને ઉધરસ, હૃદયમાં જકડાહટ થવી, ઊંઘ ઓછી આવવી, વિવિધ પ્રકારની વેદના થવી, શરીરમાં રુક્ષતા આવવી, મૂત્રાશય તથા લિંગમાં પીડા, તાવ આવવો, બળતરા થવી, ખાટા-તીખા ઓડકાર આવવા, પાતળો મળ આવવો, બેભાન થવું, શ્વાસ લેવામાં તકલીફ થવી. (ક્રમશઃ)

(આયુર્વેદ કૉલેજ, ન્યૂ વિદ્યાનગર – ૩૮૮ ૧૨૧, જિ. આણંદ.
ફોનઃ ૦૨૬૯૨-૨૩૫૦૫૧)

## પ્રોબાયોટિક્સઃ કાર્યાત્મક સ્વાસ્થ્યવર્ધક ખોરાક

**રશ્મિન ધીંગાણી[1], તૃષા ભલાણી[2] અને ભાવેશ જોષી[3]**

આપણા શરીરનો પાચનમાર્ગ મોઢાથી શરૂ કરી, અન્નનળી, જઠર, આંતરડા અને મળદ્વાર સુધીમાં અલગ-અલગ પ્રકારના ચારસોથી પણ વધારે સૂક્ષ્જીવોનું નિવાસસ્થાન છે, કે જેની કુલ સંખ્યા કરોડોમાં હોય છે. આ સૂક્ષ્મજીવાણુઓ બે પ્રકાનરા હોય છે, સકારાત્મક અસર બતાવનારા અને નકારાત્મક અસર બતાવનારા. નકારાત્મક અસર બતાવનારા શરીરમાં રોગઉત્પાદન કરવા માટે જવાબદાર છે. જ્યારે, આવા નકારાત્મક જીવાણુઓ રોગઉત્પાદન કરે છે, ત્યારે તેને દવા (એન્ટિબાયોટિક) લઈને નિયંત્રણમાં લઈ શકાય છે. દવાઓ રોગનું નિયંત્રણ કરે છે પણ સાથે સાથે ક્યારેક અમુક આડ અસરો પણ કરે છે. આનો બીજો સારો ઉકેલ પ્રોબાયોટિક્સ છે. પ્રોબાયોટિક્સ લેવાથી સકારાત્મક જીવાણુઓનું પ્રમાણ વધે છે અને તેના કારણે રોગકારક નકારાત્મક જીવાણુઓનું પ્રમાણ ઘટે છે અને તેથી રોગ નિયંત્રણમાં આવે છે.

### પ્રોબાયોટિક એટલે શું?

પ્રોબાયોટિક (Probiotic) શબ્દ, Pro અને Bios એમ બે શબ્દનો બનેલો છે. Pro એટલે 'ને માટે' અને Bios એટલે 'જીવન' એટલે કે 'જીવન માટે' (for life) થાય છે. પ્રોબાયોટિક એટલે જીવન માટે જરૂરી એવા સૂક્ષ્મ રચના ધરાવતા સૂક્ષ્મ જીવાણુઓ છે.

### પ્રોબાયોટિક્સના ફાયદાઃ

૧. પ્રોબાયોટિક્સનો મહત્ત્વનો ફાળો રોગઉત્પાદક જીવાણુઓની વૃદ્ધિ અટકાવી શરીરને રોગોથી મુક્ત રાખવાનું છે.

રોગ ઉત્પાદક બેક્ટેરિયાને દવા (એન્ટિ-બાયોટિક) થી નિયંત્રણ કરી શકાય છે. પણ આવી દવાઓ અમૂક સમયે ઘણી બધી આડ-અસરો ઊભી કરે છે. દવાઓ આંતરડામાંના જીવાણુઓની ઈકોસિસ્ટમને ખોરવે છે કે જે કાર્બોદિત પદાર્થના ચયાપચનને અસર કરે છે અને જેને લીધે ઝાડા, પેટની ચૂક, અશક્તિ, ભૂખનાશ, કબજિયાત વગેરે જેવી આડ અસરો જન્માવે છે. પ્રોબાયોટિક્સને ઉપયોગમાં લેવાથી શરીરને રોગમાંથી મુક્ત કરવાની સાથે ઉપરોક્ત લક્ષણોમાંથી રાહત પણ આપે છે.

૨. પ્રોટિન, કાર્બોદિત પદાર્થ, ચરબી (લીપીડ) જેવા જટીલ પદાર્થોનું વિઘટન કરી તેને તેની અંતિમ પચનીય અવસ્થા સુધી પહોંચાડવામાં તેમનો મહત્ત્વનો ફાળો રહેલો છે.

૩. અમુક ઉત્સેચકો (બિટા-ગ્લુક્યોશેનીડેસ) કેન્સર જન્માવનાર તત્ત્વોને ઉત્પન્ન કરવા માટે જવાબદાર હોય છે. પ્રોબાયોટિક્સ આવા ઉત્સેચકોને નિષ્ક્રિય કરી શરીરની પાચનક્રિયાને તંદુરસ્ત રાખી શરીરને આંતરડાના કેન્સરથી બચાવે છે.

૪. લોહીમાં કોલેસ્ટેરોલ ઘટાડવામાં પણ પ્રોબાયોટિક્સ મહત્ત્વનો ભાગ ભજવે છે. જેનાથી હૃદય હુમલા જેવી બીમારીથી રાહત મળે છે.

૫. શરીરમાં ફોલિક એસિડ, નિયાસિન ($B_3$), પાઈરોડોક્સિન (Bc), બાયોટીન જેવા વિટામિનનો પાચનક્રિયા સુગ્રથિત કરવામાં મહત્ત્વનો ફાળો રહેલો છ.

૬. લેક્ટોઝ,ઈન્ટોલરન્સ કે જેમાં દૂધમાંના કાર્બોહાઈડ્રેટ લેક્ટોઝને પચાવવામાં અસક્ષમ શરીર માટે પ્રોબાયોટિક્સ એક રામબાણ ઈલાજ છે. લેક્ટોઝ ઈન્ટોલરન્ટ વ્યક્તિને દૂધ કે દૂધની વાનગીઓ લેવાથી તેમના શરીરમાં અપાચ્ય લેક્ટોઝ ઝાડા, પેટમાં ચૂક, ઉબકા જેવી અસરો ઊભી કરે છે, જ્યારે પ્રોબાયોટિક્સ લેક્ટેસ ઉત્સેચક ઉત્પન્ન કરી અપાચ્ય લેક્ટોઝને પાચ્ય બનાવે છે અને તેની આડઅસરોથી શરીરને રાહત આપે છે.

૧ અને ૩. ડિપાર્ટમેન્ટ ઓફ ફૂડ ક્વોલિટી એસ્યુરન્સ, કૉલેજ ઓફ ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી અને બાયો-એનર્જી, આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટી, આણંદ – ૩૮૮ ૧૧૦. મો. ૯૦૯૯૯૧૯૨૦૧

૨. ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી (બાયોસાયન્સ), સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. ઈ-મેલઃ rashmin17@gmail.com

૭. શરીરમાં રોગપ્રતિકારક તત્ત્વોને ઉત્પન્ન કરવાની પ્રક્રિયાને ઝડપી કરી શરીરને બહારથી આવતા જીવાણુઓને નિયંત્રણમાં લેવામાં પણ મહત્ત્વનો ભાગ ભજવે છે.

**પ્રોબાયોટિક સૂક્ષ્મજીવાણુ:**

ઘણા પ્રોબાયોટિકનો ઉપયોગ ફર્મેન્ટેડ દૂધની વાનગીઓ જેવી કે યોગર્ટ, દહીં, આઈસ્ક્રીમ, ચીઝ, પનીર, કેફીર, એસિડોફીલસ દૂધ વગેરેમાં થાય છે. મોટા ભાગના પ્રોબાયોટિક્સ ખોરાકમાં મહત્તમપણે લેક્ટોબેસિલસ અને બિફીડોબેક્ટેરિયમ બેક્ટેરિયા ઉપર ઘણું બધું સંશોધન થયેલું છે. આ સિવાય અન્ય બેક્ટેરિયા અને યીસ્ટનો ઉપયોગ પ્રોબાયોટિક તરીકે કરી શકાય તેવા સંશોધન થયેલા છે. નીચેના ટેબન નં. ૧માં પ્રોબાયોટિક સૂક્ષ્મ જીવાણુઓનો ઉલ્લેખ કરવામાં આવેલો છેઃ

| લેક્ટોબેસિલસ | બિફીડોબેક્ટેરિયા | અન્ય |
|---|---|---|
| એલ. એસિડોફીલસ ગ્રુપ | બિ. લોગમ | એન્ટોરોકોકસ ફીકેલીસ |
| એલ. ક્રીસ્પેટસ | બિ. બિફીડમ | એ. ફેસિયમ |
| એલ. જોહન સોની | બિ. ઈન્ફેન્ટીસ | લેક્ટોકોકસ લેક્ટિસ |
| એલ. ગેસેરી | બિ. એનીમાલીસ | સ્ટ્રેકોકસ થર્મોફીલસ |
| એલ. કેઝાઈ ગ્રુપ | બિ એડોલેસેન્ટીસ | પ્રોપિયોનિબેક્ટેરિયા |
| એલ. પેરાકેઝાઈ ગ્રુપ | બિ. બ્રેવી | ઈ. કોલી |
| એલ. રેમનોસસ | બિ. મેસેન્ટ્રીક્સ | સ્પોરોલેક્ટોબેસિલસ ઈન્યુલિનસ |
| એલ. રુટેરી | | સેકેરોમાયસિસ સરવીએસી |
| એલ. પ્લાન્ટેરમ | | એસ. બોઉલાર્ડી |
| એલ. સ્પોરોજીન્સ | | બેસિલસ સિરસ |
| | | સી. બ્ટુટ્રારીકમ |
| | | પેડીઓકોકસ |

ટેબલ નં.૧: પ્રોબાયોટિક્સ સૂક્ષ્મજીવાણુઓ

**રોજિંદા જીવનમાં પ્રોબાયોટિક્સ:**

દૂધમાંથી દહીં બનાવવાની પ્રક્રિયામાં લેક્ટોબેસિલસ નામના બેક્ટેરિયા જવાબદાર છે. આવી જ રીતે દૂધમાંથી બનાવેલું ચીઝ, પનીર વગેરે પણ આમને જ આભારી છે. ઢોસા, ઇડલી, ઉત્તપમ વગેરે ફર્મેન્ટેડ ખોરાકમાં પણ આથવણ લાવવા માટે યીસ્ટનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રોબાયોટિક્સનો ઉપયોગ આથેલા શાકભાજીમાં પણ કરવામાં આવે છે.

**બજારમાં ઉપલબ્ધ પ્રોબાયોટિક્સ:**

જે રીતે માર્કેટમાં એક સ્વાસ્થ્ય જાગૃત વર્ગ બની રહ્યો છે તેને ધ્યાનમાં લઈને દર વર્ષે નવીનતમ પ્રોબાયોટિક ખોરાક અને પીણા હાલના માર્કેટમાં બહોળા પ્રમાણમાં આવી રહ્યા છે. હાલમાં ઉપલબ્ધ પ્રોબાયોટિક્સ અને તેની લાક્ષણિકતાઓ નીચેના ટેબલ નં.૨માં દર્શાવેલા છેઃ

| | પ્રોડક્ટ્સ | સૂક્ષ્મજીવાણુઓ | કંપની | ઉપયોગિતા |
|---|---|---|---|---|
| ૧. | નેસ્ટવીટા | એલ.એ.બી. (LAB) | નેસ્લે (ભારત) | ગટ પ્રોબાયોટિક્સ |
| ૨. | એલ.સી.૧ (LC1) | લેક્ટોબેસિલસ (જોહન સોની) | નેસ્લે | પાચન કાર્ય માટે |
| ૩. | વિઝયલ | એલ.એ.બી. ((LAB) | યુનીકેમ, (ભારત) | પાચન કાર્ય માટે |
| ૪. | ઈમ્પ્રુવલ | એસ. સરવીએસી<br>એલ. સ્પોરોજીન્સ | કેડિલા, (ભારત) | વેજાઈબલ રોગ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫. | અમૂલ | એલ. એસિડોફીલસ | અમૂલ (ભારત) | ડાયેબેટીક્સ |
| ૬. | બિનીફીટ | એસ. ફીકેલીસ,<br>સી. બ્યુટ્રારીકમ,<br>બી. મેસેન્ટ્રીક્સ | રેનબેક્સી, (ભારત) | -- |
| ૭. | બિફીલેટ™ | સી. બ્યુટ્રારીકમ<br>બી. મેસેન્ટ્રીક્સ | ટેબલેટ્સ<br>ઈન્ડિયા, પ્રા.લી. | ઝાડા, ઈરીટેબલ<br>બોવેલ સિન્ડ્રોમ માટે |
| ૮. | બાયોપ્રોમલ્ટી® | એલ.એસિડોફીલસ | અકેસિયા હેલ્થ કેર પ્રા.લી.<br>(સાઉથ આફ્રિકા) | રોગ પ્રતિકારક શક્તિ વધારવા |
| ૯. | મિટોમેક્સ | પેડીઓકોકસ<br>એસિડીલેક્ટીસી,<br>સી. બાઉલાર્ડી | ઈમેજિલીન<br>ટેકનોલોજી, યુ.એસ.એ. | ઝાડા, ઉલ્ટી, તણાવ વગેરેથી<br>મુક્તિ માટે, રોગ પ્રતિકારક<br>શક્તિ વધારવા માટે |

ટેબલ નં. ૨: બજારમાં ઉપલબ્ધ પ્રોબાયોટિક્સ

**પ્રોબાયોટિક્સ અને તેની ખોરાક તરીકેની સલામતી:**

લેક્ટીક એસિડ બેક્ટેરિયા અને બીફીડો-બેક્ટેરિયાની ઘણી બધી જાતો ઘણા જ લાંબા સમયથી માનવ સ્વાસ્થ્યને કોઈ પણ જાતની આડ અસર વગર ઉપયોગમાં લેવામાં આવી રહી છે, જેની ખોરાક તરીકેની સલામતી ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA), યુ.એસ.એ. દ્વારા પ્રમાણિત કરવામાં આવેલી છે. આ ઉપરાંત, પ્રોબાયોટિક બેક્ટેરિયાની અમુક જાતોને કોઈ પણ પ્રકારના ખતરા જેવા કે એન્ટિબાયોટિક રેસીસ્ટેન્સ, શરીર માટે ખરાબ ઉત્સેચકો અને ચયાપચકો, હીમોલાઈસીસ તથા આંતરડામાં ખોરાકમાંથી અથવા અન્ય સૂક્ષ્મ જીવાણુઓમાંથી ઉત્પન્ન થતા નુકસાનકારક તત્ત્વો વગેરેથી સલામત ગણવામાં આવે છે. અત્યાર સુધી પ્રોબાયોટિક્સના વધારે પડતા સેવનથી કોઈ પણ જાતનું નુકસાન ધ્યાનમાં આવેલ નથી. આમ, પ્રોબાયોટિક્સ એક સલામત અને સ્વાસ્થ્યવર્ધક ખોરાક તરીકે ઊભરી રહ્યો છે.

**સાર:**

પ્રોબાયોટિક્સ ફૂડમાં રહેલા સૂક્ષ્મ જીવાણુઓ ઘણીબધી ક્રિયાઓમાં જેવી કે રોગપ્રતિકારકતા વધારવી, એલર્જી દૂર કરવી, ખરજવું થતું અટકાવવું, રોગઉત્પાદક નકારાત્મક સૂક્ષ્મજીવોથી શરીરને બાચવવું, ઝાડા, ઉલ્ટી, તણાવ વગેરેથી રાહત આપવી તથા આંતરડાને લગતી પ્રક્રિયામાં મદદરૂપ થાય છે. આજના સમાજમાં બદલાતી જતી જીવનશૈલીને લીધે ઉદ્ભવતા રોગો અને તેની સમસ્યાઓ માટે આવા પ્રોબાયોટિક્સ ખૂબ જ ઉપયોગી છે.

હાલ ઘણા વૈજ્ઞાનિક જૂથો દ્વારા તેનો ઉપયોગ રોજબરોજના તથા નવા ઉદ્ભવતા રોગો સામે લડવામાં પ્રોબાયોટિક્સની ઉપયોગીતા ઉપર કામ થઈ રહ્યું છે. હાલમાં ઉપલબ્ધ માહિતી પ્રમાણે આવા પ્રોબાયોટિક્સ દ્વારા એન્ટિબાયોટિકના વધુ પડતા ઉપયોગને લીધે ઉદ્ભવતા સુપર બગસ્નો સામનો કરવો પણ શક્ય બનશે. હાલના તબક્કે ભારત જેવા વિકાસશીલ દેશમાં કૂપોષણ એક વિરાટ અને ગંભીર સમસ્યા છે, કે જે બીજી ઘણી બધી મુશ્કેલીઓનું મૂળ છે. ઉપલબ્ધ માહિતી મુજબ, આ સમસ્યાનું નિરાકરણ માટે પ્રોબાયોટિક્સ મહત્ત્વનો ભાગ ભજવી શકે છે. આ ઉપરાંત ઉપલબ્ધ વૈજ્ઞાનિક માહિતી દ્વારા ઘણી બધી પ્રક્રિયાઓમાં સૂક્ષ્મજીવાણુઓ (પોબાયોટિક્સ) દ્વારા આપણા શરીરને થતી મદદ કે જે હાલમાં ઉપલબ્ધ નથી તે પણ પ્રાપ્ય થશે.

(ડિપાર્ટમેન્ટ ઓફ ફૂડ ક્વોલિટી એસ્યુરન્સ, કૉલેજ ઓફ ફૂડ
પ્રોસેસીંગ ટેકનોલોજી અને બાયો-એનર્જી,
આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટી, આણંદ – ૩૮૮ ૧૧૦.
મો. ૯૦૯૯૯૧૯૨૦૧)

## (૧) વલભીઃ એક નોંધ

આપણું અધિત તેજસ્વી બને એવી નૂતન વર્ષની શુભેચ્છા સાથે, જેને એંશી વર્ષ પૂરા થવામાં છે એવા એક અધ્યાપકની ઇચ્છાઃ ગુજરાતમાં 'વિ' પરિવાર અભ્યાસી યુવાઓની એક નાનકડી ફોજ ધરાવે છે, જેને વલ્લભવિદ્યાનગરનું વાતાવરણ પ્રેરક અને પોષક છે, ત્યારે એક ઇચ્છા પ્રગટ કરવાનું મન થાય છે.

'વિ-વિદ્યાનગર'ના નૂતન વર્ષ વિશેષાંક (નવે. ૨૦૧૩)માં 'વલભી' વિશે બે અભ્યાસો છે. જરા વિચારોઃ પ્રાચીન ભારતની ત્રણ મુખ્ય અને મહાન વિદ્યાપીઠોમાંની એક આપણા – ગુજરાતના આંગણાંમાં જ હોય છતા એનો સર્વાંગિણ અભ્યાસ આજે પણ નથી કે નથી એના અવશેષોની જાળવણી-જતન કે નથી ત્યાં કોઈ પ્રવાસન ધામની સગવડ – આ કેવું કહેવાય? નાલંદાનું ઉદાહરણ વિચારવા જેવું છે. દુનિયાભરના અભ્યાસીઓ ત્યાં આવે છે અને સ્વાધ્યાય માટેની સગવડ પણ છે. વલભીમાં હજારો વિદ્યાર્થીઓ અને સેંકડો અધ્યાપકો હતા – અતિ પ્રસિદ્ધ ગ્રંથાલય, સંગીત-નૃત્ય-નાટ્યના પ્રસાધનો અને ઘોડેસવારી, ધનુર્વિદ્યાના ઉપકરણો હતા, ભારતીય સંસ્કૃતિની ત્રણે મહાન પાંખ – બ્રાહ્મણ, બૌદ્ધ, જૈનના અધ્યયન માટેની સંખ્યાબંધ વિદ્યાશાખાઓ હતી – આચાર, વિચાર, દર્શન, જ્યોતિષ, આયુર્વેદ અને સ્ત્રી-પુરુષના રુગ્ણાલયો ઉપરાંત પશુ ચિકિત્સાની શાળાઓ પણ હતી – વિદ્યા અને શિક્ષણની આ મહાન વિરાસતની ખણખોદની જિજ્ઞાસા આપણામાં કેમ સક્રિય બનતી નથી? 'સર્વ વિદ્યા પારંગત' શીલનો સૂરજ વલભીમાં તપતો હતો તેની અસર આજની આપણી આટ આટલી યુનિવર્સિટીઓ છતાં કેમ દેખાતી નથી?

અર્વાચીનકાળમાં ફાર્બસની 'રાસમાળા' (૧૮૫૬) વલભીની પ્રથમ નોંધ લે છે. ભગવાનલાલ ઇન્દ્રજી 'બોમ્બે ગેઝેટિયર' (૧૮૯૬)માં વલભીની વૃષભમુદ્રા, બૌદ્ધમુદ્રા અને સંખ્યાબંધ તામ્રપત્રોની લિપિ વિશે માહિતી આપે છે. ૧૯૩૦માં ફાધર હેરાસ પહેલીવાર વલભીમાં ખોદકામ કરાવે, મંદિરમૂર્તિ શિવલિંગના મૂલ્યવાન પુરાવશેષો પ્રકાશમાં આવે. ફાધર હેરાસની પ્રેરણાથી અને જ્યોર્જ મોરિસના માર્ગદર્શન હેઠળ ગુજરાતની એક દીકરી, નામે કૃષ્ણાકુમારી ધીરજી ૧૯૪૭માં 'વલભી' ઉપર પ્રથમ પીએચ.ડી. શોધનિબંધ લખે છે. (આ શોધનિબંધ ૧૯૫૨માં 'એન્સિયેન્ટ હિસ્ટરી ઑફ સૌરાષ્ટ્ર' નામથી પ્રસિદ્ધ થયેલ છે.) બીજો શોધનિબંધ વલ્લભવિદ્યાનગર વિસ્તારના હરિપ્રસાદ શાસ્ત્રીનો છે. (જેમનો 'વલભી' તથા 'મૈત્રક રાજ્ય' વિશે લખાયેલો એક જૂનો લેખ, 'વિ'ના પ્રસ્તુત અંકમાં પુનર્મુદ્રણ પામ્યો છે.) ૧૯૫૦-૫૧માં ગુજરાતની પ્રાચીન રાજધાનીઓ વિશે ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં રસિકલાલ છો. પરીખે જે વ્યાખ્યાનો આપ્યાં તેમાં 'વલભી' છે. (પુસ્તકઃ ૧૯૫૮) 'વલભી' એવા ગામનામ વિશે કૃષ્ણાકુમારી ધીરજીએ ઈ.સ.ની શરૂઆતની ગુણાઢ્યકૃત 'બૃહદ્કથા'નો નિર્દેશ આપ્યો છે, પણ આવા નામની પ્રથમ ચર્ચા આપણને ર.છો. પરીખમાં મળે છે, તેમણે 'વલભી' એટલે 'કપાસ' (જે સ્થળે કપાસ (વણ) વધારે પાકતો હોય તે સ્થળે આવેલું ગામ એટલે વલભી.) તથા 'વેલા (લતા) વાળો સમુદ્રકાંઠો' – એવી બે સંભાવનાઓ કરી છે. હરિપ્રસાદ શાસ્ત્રી 'વિ'માં (૧) છાપરું, વાંસવળીઓ વગેરેનું માળણ (૨) ઘરનો સહુથી ટોચનો ભાગ – એવા નિર્દેશો, અલબત્ત, ર.છો.ને અનુસરીને આપે છે. ૧૯૬૩માં ર.ના. મહેતા વગેરેએ વલભીમાં જે ખોદકામ કર્યું તેનો રિપોર્ટ ૧૯૬૪માં પ્રાચ્ય વિદ્યા મંદિર, વડોદરાના જર્નલમાં પ્રસિદ્ધ થયો, તેમાં 'ટોચનો ભાગ' એવું સ્વીકારવામાં આવ્યું છે. વાસ્તુશાસ્ત્રની નજરે 'અયોધ્યા'માં જેમ અષ્ટકોણમાં બાંધેલી નગરી હતી તેમ 'વલભી' એટલે ચતુષ્કોણમાં બંધાયેલી નગરી – એવું અર્થઘટન ૧૯૮૫માં ગૂજરાત વિદ્યાપીઠના દ્વિમાસિક 'વિદ્યાપીઠ'માં મારા તરફથી થયેલું છે. આ પછી વલભી વિસ્તારમાં, ઘેલો નદીના કાંઠે છેક ખંભાતના અખાત સુધી પગપાળા શોધયાત્રા કરતાં એમ લાગેલું કે 'વલભી', 'વલસાડ' વગેરેમાં પૂર્વપદ 'વલ' છે તે સમુદ્ર કિનારે થતા 'સોસ'ના વેલા ઉપરથી છે. ગુજરાતીનો અધ્યાપક સંઘના વલસાડ-અધિવેશન (૧૯૯૬)માં આ બીજી સંભાવનાની ચર્ચા કરેલી છે.

ખેર, આજે પણ ગામનામથી માંડી, એના અવશેષો અને વિદ્યાપીઠ વિશે પાશેરામાં પહેલી પૂણી જેટલું જ કામ થયું છે. જયશ્રીબહેન દવેએ વલભીને 'ગુજરાતનું આદિ વિશ્વવિદ્યાલય' કહીને સારી ચર્ચા કરી છે, શાસ્ત્રીજી જેવા શાસ્ત્રીજીએ વલભીમાં સર્જાયેલા સાહિત્ય વિશે – 'વિશેષાવશ્યક ભાષ્ય'નો બે બે વખત ઉલ્લેખ કર્યો, જ્યારે જયશ્રીબહેન નોંધે છે તે અગત્યના સ્કંદસ્વામી, જે વલભીના જ વતની છે તેના 'ઋગ્વેદભાષ્ય'ને સાવ ભૂલી ગયા! ગતપેઢીના રાગ-દ્વેષ, મર્યાદા-અનુદારતા વગેરેથી ઊંચા ઊઠીને આજનો યુવાવર્ગ તટસ્થ મૂલ્યાંકન આપે તે હવે સમયની માંગ છે. વિદ્યાનગર પરિવાર આ પૂર્ણ કરે તેવી નવા વર્ષના આ ઉઘડતા પ્રભાતે ફરીફરીને પ્રાર્થના છે.

– નરોત્તમ પલાણ, પોરબંદર

(૨)

હમણાં ભાઈ યોસેફ મેકવાને 'વિ-વિદ્યાનગર'નો સપ્ટે. ૨૦૧૩નો અંક (સળંગ અંક ૫૦૩) આપ્યો. જોયો. ઘણુંખરું વાંચ્યો. ગણેશવાળો ટૂંકો લેખ (જયાબેનનો), પત્ની વિશે ટીનાબેનનો ટૂંકો લેખ, રૂપજીવિનીઓ વિશેનો ભૂમિ દવેનો અભ્યાસલેખ ગમ્યા. પણ હિમાંશુ ત્રિવેદીના જ્ઞાન-વિજ્ઞાનના લેખે નિરાશા જગાવી.

પ્રથમ તો મોર્સનું નામ સેમ્યુઅલ ફિનલે બ્રીસ મોર્સ (૧૭૯૧-૧૮૭૨) છે. ફિનલે એનું સેકન્ડ નેમ થયું, અને લગભગ સાર્વત્રિક રીતે એનું નામ સેમ્યુઅલ મોર્સ લખાય છે.

બીજું, શ્રી હિમાંશુ ત્રિવેદી 'ટેલિફોનનો આવિષ્કર્તા આલ્ફ્રેડ બેલ' લખે છે. વિજ્ઞાનની તમામ કિતાબોમાં ટેલિફોનના શોધકનું નામ એલેક્ઝાંડર ગ્રેહામ બેલ (૧૮૪૭-૧૯૨૨) છે. હિમાંશુભાઈ 'આલફ્રેડ' નામ ક્યાંથી લાવ્યા એ સમજાતું નથી. વળી, બેલે સેમ્યુઅલ મોર્સના 'પથદર્શન' વડે ટેલિફોનની શોધ કરી હતી એવું પણ મારા તો જાણવામાં નથી આવ્યું. જો કે એ કદાચ સાચું હોઈ શકે, પરંતુ ટેલિફોનના શોધકના નામમાં 'આલ્ફ્રેડ' ક્યાંય નહોતું, એ નક્કી.

– યશવંત મહેતા, ૪૭/એ નારાયણનગર, પાલડી, અમદાવાદ – ૩૮૦ ૦૦૭)

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

**પારુલટીના દોશી**

(શિક્ષણમહર્ષિ ડૉ. સી.એલ. પટેલના વડપણ હેઠળના ચારુતર વિદ્યામંડળે ભારતીય મહિલા વિશ્વકોશ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે. આ પ્રકલ્પ હેઠળ વેદકાલીન સ્ત્રીઓ વિશે સંશોધનકાર્ય શરૂ થઈ ચૂક્યું છે. અહીં વૈદિક યુગની સ્ત્રીનાં વિવિધ પાસાં શ્રેણીબદ્ધ કરાયાં છે. આપનાં સૂચનો અને પ્રતિભાવોની પ્રતીક્ષા છે. - તંત્રી)

## સ્ત્રીનું એક રૂપઃ દાસી

ચરણેષુ દાસી... આ ઉક્તિ પ્રમાણે સ્ત્રીનું એક રૂપ દાસીનું છે!

બ્રાહ્મણ ગ્રંથોમાં સ્ત્રીનાં દાસી તરીકેનાં સ્વરૂપની વિસ્તૃત ઝલક જોવા મળે છે. આ દાસીઓ પોતાના સ્વામી કે સ્વામિનીની સેવા કરતી. વિવિધ પ્રકારના ગૃહકાર્યોમાં સહયોગ કરતી. રાજકુમારીઓના વિવાહ થાય ત્યારે સાસરિયામાં તેમની સેવા કરવા માટે દાસીઓ દહેજના રૂપમાં અપાતી. શતપથ બ્રાહ્મણમાં રાણીઓની સેવામાં ચારસો દાસીઓ નિયુક્ત કરાઈ હતી.[૧] રાજાની ચાર રાણી મહિષી, વાવાતા, પરિવૃક્તા અને પાલાગલીની સેવામાં પણ દાસીઓ ખડેપગે રહેતી. મહિષી માટે રાજપુત્રીઓ, વાવાતા માટે ક્ષત્રિયકન્યા, પરિવૃક્તા માટે સૂત કે ગ્રામણીની પુત્રી તથા પાલાગલી માટે ક્ષત્ર-સંગ્રહીતૃની પુત્રી દાસી તરીકે નિયુક્ત કરવામાં આવતી. ડૉ. એ.એસ. અલ્તેકરના મતે સૂત રથસેનાનો પ્રધાન હતો. યુ.એન. ઘોષાલના મતે એ આખ્યાયક કે ભાટચારણ હતો. સૂત કરતાં ઊતરતી કક્ષાનો ગ્રામણી ગામનો નેતા હતો. ક્ષત્ર અંતઃપુરનો અધ્યક્ષ હતો અને સંગ્રહીતૃ એટલે સારથિ.[૨] આ સહુની દીકરીઓ રાણીઓની ચાકરી કરતી. અશ્વમેધ યજ્ઞના સમયે આ દાસીઓ મહિષી એટલે કે પટરાણીના પગ ધોતી. ગવાંસત્ર નામના ઉત્સવમાં માથા પર પાણી ભરેલા ઘડા રાખીને અગ્નિની ચારેબાજુ નૃત્ય કરતી.[૩]

દાસીઓ દાનમાં પણ દેવાતી. ઐતરેય બ્રાહ્મણમાં એક રાજાએ પોતાનો રાજ્યાભિષેક કરાવનાર પુરોહિતને દસ હજાર દાસી અને દસ હજાર હાથી દાનમાં આપ્યા હતા. આ જ ગ્રંથમાં અત્રિના પુત્ર આત્રેયે યુદ્ધમાં જીતેલી અને અલંકારોથી શોભતી દસ હજાર કન્યા પુરોહિતને દાનમાં આપી હતી.[૪]

ઉપનિષદ ગ્રંથોમાં પણ દાસીઓને દાનમાં આપવાનો ઉલ્લેખ કરાયો છે. આરુણિ અને તેમનો પુત્ર શ્વેતકેતુ જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રવાહણ જાબાલિ પાસે ગયા ત્યારે તેમણે કહ્યું કે, તેમની પાસે ગાય, અશ્વ, પરિવાર અને પરિધાન સાથે દાસી પણ છે. છાંદોગ્ય ઉપનિષદમાં ખચ્ચરીઓને જોડેલા દાસી સાથેના રથનું[૫] વર્ણન છે. આ જ ઉપનિષદમાં સત્યકામ જાબાલાની કથા છે. સત્યકામ ગુરુકુળમાં જતી વખતે માતા જાબાલાને પોતાના ગોત્ર વિશે પૂછે છે. જાબાલા કહે છેઃ 'હું નથી જાણતી કે તું કયા ગોત્રનો છે. હું યુવાવસ્થામાં અનેક લોકોની સેવા કરતી હતી. એ જ વખતે મેં તને પ્રાપ્ત કર્યો. તેથી તું કયા ગોત્રનો છે એ મને ખબર નથી. તું સત્યકામ છે. હું જાબાલા છું. ગુરુ પૂછે તો કહેજે કે તું સત્યકામ જાબાલા છે!'[૬] કેટલાક વિદ્વાનોના મતે આ કથામાં જાબાલા પતિના ગોત્ર વિશે અજાણ હતી, જ્યારે અન્યોના મતે જાબાલા ગોત્ર વિશે જાણતી નહોતી કારણ કે એ દાસી હતી!

બ્રાહ્મણયુગનાં આ તે કેવાં બેવડાં ધોરણઃ એક બાજુ સ્ત્રીને દેવી ગણવાનો આદેશ અપાતો હતો ને બીજી બાજુ દાસી તરીકે તેનો ઉપયોગ ને ઉપભોગ થતો હતો!

**પાદટીપઃ**

૧. બ્રાહ્મણ ગ્રન્થોંમેં પ્રતિબિંબિત સમાજ એવં સંસ્કૃતિ, ડૉ. ધીરેન્દ્રકુમાર સિંહ, પૃ. ૧૨૮

૨. શતપથ બ્રાહ્મણ – એક સાંસ્કૃતિક અધ્યયન, શ્રીમતી ઉર્મિલાદેલી શર્મા, પૃ. ૧૫૨

૩. પ્રાચીન ભારત મેં નારી, ડૉ. અમ્બિકા પરીક, પૃ. ૫૦

૪. એજન.

૫. બ્રાહ્મણ ગ્રન્થોંમેં પ્રતિબિંબિત સમાજ એવં સંસ્કૃતિ, પૃ. ૧૨૮

૬. વૈદિક વાઙ્મયમેં નારી, ડૉ. સુષ્મા શુક્લ, પૃ. ૯૨

## વિધવા અને પુનઃ વિવાહ

પુનર્ભૂ એટલે પુનઃવિવાહિત સ્ત્રી!

ઉત્તર વૈદિક યુગમાં પતિના મૃત્યુ પછી સ્ત્રી પુનઃ લગ્ન કરવાને સ્વતંત્ર હતી એવું આ શબ્દ પરથી પુરવાર થાય છે. જોકે એ કાળની પ્રથા અનુસાર વિધવા સ્ત્રી મૃત પતિના ભાઈ અથવા તેના નિકટતમ સંબંધી સાથે જ લગ્ન કરી શકતી. વિધવાને પુત્ર ન હોય તેવા સંજોગોમાં મુખ્યત્વે પુત્રપ્રાપ્તિ માટે આ લગ્ન થતાં. તે નિયોગ કહેવાતા. નિયોગને પગલે થતા પુત્રને દૈધિષવ્ય કહેતા.[1] ડૉ. ધીરેન્દ્રકુમાર સિંહની નોંધ પ્રમાણે, 'એ યુગમાં સંપત્તિમાં વિધવાનો અધિકાર ન હતો. એ કારણસર પણ તેના પુનઃવિવાહ થતા હતા.'[2]

બ્રાહ્મણયુગમાં વિધવાના પુનઃવિવાહ થતા એનો અર્થ એ પણ થાય કે એ કાળમાં સતીપ્રથા નહોતી. તૈતિરીય આરણ્યકમાં વિધવા સ્ત્રી પોતાના મૃત પતિના હાથમાંથી ધનુષ્ય વગેરે પ્રિય વસ્તુઓ લઈને ઘેર પાછી ફરે છે. એ વખતે તેનું ભાવિ જીવન સુખ-સમૃદ્ધિમય હોય તેવી શુભકામના વ્યક્ત કરવામાં આવે છે.[3] એટલે એમ કહી શકાય કે એ યુગમાં વિધવાઓ તિરસ્કૃત અને ઉપેક્ષિત ન હતી. તેમને પતિની ચિતા પર ચડાવી દેવા જેવો અમાનવીય વ્યવહાર કરાતો નહોતો. આ સંદર્ભમાં 'ઉત્તર વૈદિક સમાજ એવં સંસ્કૃતિ'માં ડૉ. વિજય બહાદુર રાવે નોંધ્યું છે કે, 'ભારતમાં પ્રવેશ કરતાં પહેલાં આર્યોમાં સતીપ્રથાનું પ્રચાલન હતું. પણ પછી આ પ્રથા પર તેમણે પ્રતિબંધ મૂકી દીધો. તેનું કારણ વ્યવહારિક હતું. પોતાનો વંશવેલો વધે અને પોતે વધુ શક્તિશાળી તથા સક્ષમ બને એ હેતુથી તેણે વિધવાવિવાહની પ્રથા શરૂ કરી હતી.'[4]

આમ, આર્યોએ તો પોતાનો સ્વાર્થ સાધવા માટે જ વિધવાના પુનઃવિવાહની પ્રથાનો આરંભ કર્યો, પણ એ કારણસર સતીપ્રથા પર પ્રતિબંધ મૂકાયો એટલે વિધવા માટે તો એ પરમાર્થ જ હતો!

**પાદટીપઃ**

૧. બ્રાહ્મણ ગ્રંથોમેં પ્રતિબિંબિત સમાજ એવં સંસ્કૃતિ, ડૉ. ધીરેન્દ્રકુમાર સિંહ, પૃ. ૮૫
૨. એજન, પૃ. ૧૧૭
૩. ઉત્તર વૈદિક સમાજ એવં સંસ્કૃતિ, ડૉ. વિજય બહાદુર રાવ, પૃ. ૧૬૦
૪. એજન, પૃ. ૧૫૯

(ક્રમશઃ)

(સીવીએમ બંગલો-૧૧, ગો.જો. શારદા મંદિર સામે, ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦, જિ. આણંદ. મો.: ૯૮૯૮૦ ૭૦૨૦૫)

*// વિદ્યાવૃત્ત //*

## સીવીએમમાં આયોજિત સરદારવંદના

વર્તમાન સમયમાં દેશ સામે ઊભા થયેલા પડકારોને પહોંચી વળવામાં આજે પણ સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગદર્શક જણાય છે અને અખંડ ભારતના શિલ્પીના જીવન અને કાર્યોમાંથી પ્રેરણા લઈને ઉજ્જવળ ભારતના ભવિષ્યને ઘડવા આપણે બધા કૃતસંકલ્પ રહીએ, એમ કહીને ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)ના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે અખંડ ભારતના શિલ્પી, ચારુતર વિદ્યામંડળના પ્રેરણાપુરુષ અને ચરોતરના સપૂત સરદાર વલ્લભભાઈ પટેલના ૧૩૯મા જન્મદિને સરદાર પ્રેરિત ત્રણ ક્રાંતિ-હરિયાળી ક્રાંતિ, શ્વેત ક્રાંતિ અને જ્ઞાન ક્રાંતિના યોગદાનનો ગૌરવભેર ઉલ્લેખ કરી રાષ્ટ્રનાયકને ભાવસભર અંજલિ અર્પી હતી.

ચારુતર વિદ્યામંડળ અને ભગિની સંસ્થાઓ ચરોતર ગ્રામોધ્ધાર સહકારી મંડળ અને ચારુતર આરોગ્ય મંડળના સંયુક્ત ઉપક્રમે સીવીએમ મુખ્યાલય સંકુલમાં સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની અધ્યક્ષતામાં અને સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.હરીશ પાઢના મુખ્ય અતિથિપદે સરદાર વંદના કાર્યક્રમ યોજાયો હતો. મંચસ્થ મહાનુભાવોમાં સીવીએમના માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલ તથા વિઠ્ઠલ ઉદ્યોગનગર એસોશિએશનના પ્રમુખ શ્રી જગદીશભાઈ પટેલ હતા. માનદ મંત્રી પ્રિ.શનુભાઈએ સૌનું સ્વાગત કર્યું હતું અને માનદ કાર્યકારી મંત્રી ડૉ.જે.ડી.પટેલે સમારંભના અંતમાં સરદાર ગૌરવગાનમાં ભેગા થયા એમાં પરિવારના સ્વજનોનું ગૌરવ થયાનો ઉલ્લેખ કરીને એક જ કુટુંબના સભ્યોનો આભાર માનવામાં આવતો નથી એમ જણાવ્યું હતું. સરદાર વંદના કાર્યક્રમમાં સીવીએમના માનદ મંત્રીશ્રીઓ શ્રી વી.એમ.પટેલ, શ્રી બી.પી.પટેલ, ડૉ. એસ.જી.પટેલ તથા શ્રી એમ.જે.પટેલ ઉપરાંત ગવર્નિંગ બૉડી અને કાઉન્સિલના સભ્યો, વિવિધ શિક્ષણસંસ્થાના વડાઓ, અધ્યાપકો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સરદારપ્રેમી નગરજનો ઉપસ્થિત હતા. પ્રારંભમાં રમા-મનુભાઈ કોલેજ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સના કલાવૃંદે પ્રાર્થના 'પ્રેમળ જ્યોતિ તારો દાખવી મુજ જીવન પંથ ઉજાળ' રજૂ કરી હતી. સમારંભ પૂર્વે સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ અને સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.હરીશ પાઢની આગેવાનીમાં સરદાર પટેલની

પ્રતિમાને સરદારપ્રેમી મહાનુભાવોએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. કાર્યક્રમનું સંચાલન સરદાર વલ્લભભાઈ પટેલ જીવન-અધ્યયન સંશોધન સંસ્થાન(સેરલિપ)ના નિયામક ડૉ.હરિ દેસાઈએ કર્યું હતું.

અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં ડૉ.પટેલે ચારુતર વિદ્યામંડળની ૧૯૪૫માં સ્થાપનાથી લઈને અત્યાર સુધી તેના વટવૃક્ષ તરીકે વિકાસના પ્રેરણાપુરુષ રહેલા સરદાર સાહેબના વિચારો અને કાર્યોનું સતત સ્મરણ કરીને સીવીએમમાં પોતાના પૂર્વસૂરિઓ પૂ.ભાઈકાકા, પૂ.ભીખાભાઈ સાહેબ અને ડૉ.એચ.એમ.પટેલ સાહેબના યોગદાનનો ગૌરવભેર ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે અમે ચારુતર વિદ્યામંડળમાં સરદાર સાહેબના વિચારો અને મૂલ્યોને કેન્દ્રમાં રાખીને શિક્ષણક્ષેત્રે શ્રેષ્ઠત્વ પ્રાપ્ત કરવા અને તક્ષશિલા અને નાલંદા જેવી વિદ્યાપીઠને ઘરઆંગણે ઊભી કરવાની સાથે જ હાર્વર્ડ અને કેમ્બ્રિજ જેવી ૨૧મી સદીની માંગને પહોંચી વળવા અત્યાધુનિક સુવિધાઓવાળી શિક્ષણ સંસ્થાઓ વિકસાવવા સતત ચિંતન કરતા રહીએ છીએ.

મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત કુલપતિ ડૉ.હરીશ પાઢે ચરોતરની જમીન પર પેદા થઈ સમગ્ર ભારતનો નકશો જેમના થકી ઘડાયો તેવા સરદાર પટેલના યોગદાનને બિરદાવતાં સરદાર જયંતીના દિવસે સરદારના વિચારોના આત્મમંથન અને આત્મચિંતન પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે સરદારે દેશને એક કર્યો અને આપણે દેશને શ્રેષ્ઠ બનાવવાની દિશામાં સંકલ્પબદ્ધ રહીએ. સરદારના જીવનને આપણે પચાવીએ એ જ સરદારને ભવ્ય અંજલિ સમાન ગણાશે.

સ્વાગત પ્રવચનમાં પ્રિ.એસ.એમ.પટેલે જણાવ્યું હતું કે સરદાર પટેલે અશોક,ચંદ્રગુપ્ત અને હર્ષવર્ધન જેવા સમ્રાટો કરતા પણ વિશાળ એવા અખંડ ભારતનું નિર્માણ કર્યું. તેમણે બેરિસ્ટરી છોડીને ફકીરી સ્વીકારી હતી અને સમગ્ર જીવન રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું. રાષ્ટ્રવિરોધી તત્ત્વો જ્યારે દેશને તોડી રહ્યાં છે ત્યારે સરદાર સાહેબનું જીવન અને કાર્યો આજે અતિ પ્રસ્તુત છે. તેમણે ઉમેર્યું હતું કે અખંડ ભારતના નિર્માણ માટે દેશ સદાય તેમનો ઋણી રહેશે. સરદાર સાહેબે સમગ્ર જીવન દરમિયાન દેશના હિતમાં હોય એવા જ નિર્ણયો કર્યા હતા.

આ પ્રસંગે સીવીએમસંચાલિત એચ.એમ.પટેલ ઈન્સ્ટિટયૂટના નિયામક ડૉ.રાજેન્દ્રસિંહ જાડેજાએ સરદારના યોગદાન વિશે ગૌરવપૂર્ણ વાત રજૂ કરી હતી. તેમણે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી. એલ.પટેલના નેતૃત્વમાં સરદારના સ્પિરિટથી શિક્ષણ સંસ્થાઓનું સંચાલન અને સંવર્ધન થઈ રહ્યાનું જણાવ્યું હતું. સીવીએમસંચાલિત સેરલિપના એમ. ફિલ(ઈતિહાસ)ના વિદ્યાર્થી મિતેશ ભરવાડ અને ઉમેશ પલાસે અનુક્રમે સરદારના શિક્ષણ અને શિક્ષકો વિશેના વિચારો તેમ જ સરદારના ઓછા જાણીતા પ્રસંગો રજૂ કર્યા હતા.

## નૂતન વર્ષ સ્નેહમિલન

ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)ના આદ્યસ્થાપકો પૂ. ભાઈકાકા અને પૂ. ભીખાભાઈ સાહેબ તથા સંવર્ધક ડૉ. એચ.એમ. પટેલસાહેબના આશીર્વાદથી એમણે ચીંધેલા માર્ગે કાઉન્સિલના સભ્યો, દાતાઓ તેમ જ આચાર્યો સહિત સૌના સહકારથી શિક્ષણ સંસ્થાઓનું ઉમેરણ થાય છે અને સુદૃઢતાનો શિક્ષણયજ્ઞ આગળ ધપાવવામાં ડૉ. સી.એલ. પટેલે વિક્રમના નૂતન વર્ષ ૨૦૭૦ના શુભારંભે ઉપસ્થિત સૌને શુભેચ્છા પાઠવતાં આવતાં વર્ષોમાં સીવીએમને વિકાસની આગેકૂચમાં સૌનો સહકાર મળી રહેશે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરી હતી.

સીવીએમ અને ભગિનીસંસ્થાઓ ચારુતર આરોગ્ય મંડળ તથા ચરોતર ગ્રામોદ્ધાર સહકારીમંડળના સંયુક્ત ઉપક્રમે સીવીએમ મુખ્યાલય સંકુલમાં યોજાયેલા નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભમાં અધ્યક્ષસ્થાનેથી ડૉ. પટેલ બોલી રહ્યા હતા. આ પ્રસંગે સીવીએમના માનદ મંત્રી પ્રિ. શનુભાઈ પટેલ, વિઠ્ઠલ ઉદ્યોગનગર એસોશિયેશનના પ્રમુખ શ્રી જગદીશભાઈ પટેલ, ગ્રામોદ્ધાર મંડળના માનદ મંત્રીશ્રી જિજ્ઞેશ પટેલ, સીવીએમના માનદ કાર્યકારી મંત્રી ડૉ. જે.ડી. પેટલ, માનદ સહમંત્રીઓ શ્રી વી.એમ. પટેલ, શ્રી બી.પી. પટેલ, ડૉ. એસ.જી. પટેલ, શ્રી એમ. જે. પટેલ, કાઉન્સિલ અને ગવર્નિંગ બોડીના સભ્યો, પૂર્વ માનદ મંત્રી પ્રિ. આર.સી. દેસાઈ તથા પૂર્વ માનદ સહમંત્રી ડૉ. એસ.વી. વૈષ્ણવ, આચાર્યો, અધ્યાપકો, શિક્ષકો તથા નગરજનો ઉપસ્થિત હતાં. પ્રારંભમાં માનદ કાર્યકારી મંત્રી ડૉ. જે.ડી. પટેલે સ્વાગત કર્યું હતું. ગ્રામોદ્ધાર મંડળના મંત્રી શ્રી જિજ્ઞેશ પટેલે સૌને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. સીવીએમના માનદમંત્રી પ્રિ. શનુભાઈ પટેલે સૂત્રસંચાલન કર્યું હતું. આઈ.બી. સ્કૂલના આચાર્ય ડૉ. મહેશે પ્રાર્થનાગાન કર્યું હતું અને માનદ સહમંત્રી ડૉ. એસ.જી. પટેલે આભાર માન્યો હતો.

## : સૂચના :

૧. 'વિ-વિદ્યાનગર' વલ્લભવિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કારવિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest)માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ। માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે લેખકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈનલેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસાર જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત લેખકની જ રહેશે; તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઈએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી લેખકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે એક-બે માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. પ્રત્યેક કૃતિ નીચે લેખકે પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું.

૫. 'વિ-વિદ્યાનગર' દર માસની પચીસમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોક્સાઈથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૬. લવાજમ વાર્ષિક / આજીવન રૂબરૂમાં – મની ઑર્ડરથી – બેન્ક ડ્રાફ્ટ – ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ-સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ / ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. લવાજમ 'ચારુતર વિદ્યામંડળ'ના નામે મોકલવું. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૭. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવોઃ

**ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા (૯૩૭૫૦૩૧૪૦૨), ડૉ. હરિ દેસાઈ (૯૮૯૮૫૪૩૮૮૧),**
**સેરલિપ, ભાઈકાકા લાઈબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦, જિ. આણંદ.**
**ફોનઃ (૦૨૬૯૨) ૨૩૩૧૯૧, ૨૩૫૭૭૭, ઈ-મેઈલઃ editor.vidyanagar@gmail.com**

**લવાજમઃ** વાર્ષિકઃ ₹ ૧૫૦/- સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦/-
આજીવનઃ ₹ ૧૫૦૦/-
વિદેશમાં ૨૫ $ અથવા ૧૫ £; આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £
છૂટક નકલની કિંમતઃ ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦/-




ચારુતર વિદ્યામંડળની સ્થાપનાના પ્રેરણાપુરુષ અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિવસની સીવીએમ મુખ્યાલય સંકુલમાં ૩૧ ઓક્ટોબર ૨૦૧૩ના રોજ સીવીએમ અને ભગિની સંસ્થાઓના ઉપક્રમે ઉજવણી કરવામાં આવી હતી. સમારંભના અધ્યક્ષસ્થાને સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ અને અતિથિ વિશેષપદે સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.હરીશ પાઢ હતા. મંચસ્થોમાં સીવીએમના માનદ મંત્રી પ્રિ.એમ.એમ.પટેલ તથા વિઠ્ઠલ ઉદ્યોગનગર એસોશિએશનના પ્રમુખ શ્રી જગદીશભાઈ પટેલ હતા.



વલ્લભવિદ્યાનગરસ્થિત સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને સરદારના ૧૩૯મા જન્મદિને પુષ્પાંજલિ અર્પણ કરવાના કાર્યક્રમમાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.હરીશ પાઢ, વલ્લભ વિદ્યાનગર પાલિકાપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ(બાબાભાઈ) પટેલ, સીવીએમના માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલ સહિતના મહાનુભાવો જોડાયા હતા.

V-Vidyanagar 15 (12) December 2013 Postal Regd.No.AND/318/2012-14
Published on Thursday : 25.11.2013 No.of Pages 52 including cover RNI Regd.No.Guj/2009-11/5433
ISSN 0976 - 9809 V-Vidyanagar Posted at Vallabh Vidyanagar on 25th of Every Month

## कौरव कौन, कौन पांडव

कौरव कौन
कौन पांडव,
टेढ़ा सवाल है
दोनों ओर शकुनि
का फैला
कूटजाल है
धर्मराज ने छोड़ी नहीं
जुए की लत है
हर पंचायत में
पांचाली
अपमानित है
आज
महाभारत होना है,
कोई राजा बने,
रंक को तो रोना है ।

• अटल बिहारी वाजपेयी
(जन्मः २५ दिसम्बर १९२४)

Editors: Dr. Rajendrasinh Jadeja, Dr. Hari Desai Printed at Anand Press, Anand 388 001.
Printed, Published and owned by: Prin. S.M. Patel, Hon. Secretary, Charutar Vidyamandal and Published at Vallabh Vidyanagar 388 120., Gujarat